ન્યુ રીનોવેટેડ A/C.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ૧૨
તા. ૩-૧૦-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૮૦

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા, ભગંદર, ફિશર ની સારવાર
ડૉ. મિલેશ ભિમાવત
વેદાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
રોગ ની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ. આયુષ્માન કાર્ડ માં ઉપલબ્ધ

સમયે પલટો લીધો, સમાજ બદલાશે?

# લિવ ઈનની નોંધણી ફરજિયાતઃ લિવ ઈનને લગ્ન જેટલો જ "દરજ્જો"!

## ૧ મહિનાથી વધુ સમય નોંધણી વગર લિવ ઈનમાં રહ્યા તો ૩ મહિનાની સજા થશેઃ ૨૧ વર્ષથી નીચેના લોકોના સંબંધોની વાલીઓને ફરજિયાત જાણ કરાશે

**અબતક, રાજકોટ**

એક સમય હતો જ્યારે ભારતીય સમાજમાં લગ્ન એ માત્ર બે વ્યક્તિઓનું મિલન નહીં, પરંતુ બે પરંપરાગત પરિવારો વચ્ચેનો અફર અને પવિત્ર સામાજિક કરાર ગણાતો. સ્વર્ગમાં નક્કી થતા ગણાતા લગ્નોમાં વડીલોની મંજૂરી, સામાજિક પ્રતિષ્ઠા અને આજીવન સંબંધ નિભાવવાની નૈતિક અને ધાર્મિક જવાબદારી મુખ્ય રહેતી. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓમાં સમયનો પલટો એવો આવ્યો છે કે ભારતીય સમાજનું આ મૂળભૂત માળખું જ ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. આજે આપણો પરંપરાગત સમાજ એક એવા મોડ પર આવીને ઊભો છે જ્યાં લગ્ન સંસ્થા પ્રત્યે આજના યુવાનોનો મોહભંગ થઈ રહ્યો છે અને 'લિવ-ઈન રિલેશનશિપ' જેવી પશ્ચિમી સંસ્કૃતિની વિભાવના ભારતીય શહેરોમાં ઝડપથી પગપેસારો કરી રહી છે.

આજના યુવાનો લગ્નના મંડપ સુધી પહોંચતા પહેલાં સો વાર વિચાર કરતા થઈ ગયા છે. આ બદલાવ પાછળ કોઈ એક જ કારણ નથી, પરંતુ ઊંડા સામાજિક અને વૈયક્તિક પરિબળો ભાગ ભજવી રહ્યા છે. સમાજમાં કૌટુંબિક ઝઘડા, છૂટાછેડાના વધતા જતા કિસ્સાઓ અને વર્ષો સુધી અદાલતોમાં ચાલતી જટિલ કાનૂની પ્રક્રિયાઓએ યુવા મનમાં એક પ્રકારનો ડર પેદા કર્યો છે. આ ઉપરાંત, આજના યુગમાં સ્ત્રી અને પુરુષ બંને માટે આર્થિક આત્મનિર્ભરતા અને કરિયરની સફળતા પહેલી પ્રાથમિકતા બની ગયા છે. લગ્ન સાથે આવતી વિશાળ સામાજિક, પારિવારિક અને નાણાકીય જવાબદારીઓ પોતાના કરિયર અને વૈયક્તિક લક્ષ્યોમાં અડચણરૂપ ન બને તેવો ભય પણ યુવાનોને લગ્નના બંધનથી દૂર ધકેલી રહ્યો છે. સાથે જ, જૂના જમાનાની સરખામણીએ આજની પેઢી પોતાની પ્રાઈવસી અને વ્યક્તિગત મોકળાશ સાથે કોઈ પણ ભોગે સમાધાન કરવા તૈયાર નથી.



લગ્ન પ્રત્યેના આ ડર અને અચકાટની વચ્ચે 'લિવ-ઈન રિલેશનશિપ' યુવાનો માટે એક પ્રકારના 'ટ્રાયલ પિરિયડ' અથવા વિકલ્પ તરીકે ઉભરી આવ્યો છે. કાનૂની કે સામાજિક ગૂંચવણો વગર એકબીજા સાથે અનુકૂળતા છે કે નહીં તે ચકાસવા માટે અને સ્વતંત્ર રીતે સાથે રહેવા માટે યુગલો લિવ-ઈનનો માર્ગ પસંદ કરી રહ્યા છે. શિક્ષણ કે નોકરી અર્થે પોતાના ઘરથી દૂર રહેતા યુવાનો માટે મહાનગરોમાં મોંઘવારી વચ્ચે આર્થિક ખર્ચ વહેંચવો અને લાગણીશીલ આશરો મેળવવો એ પણ લિવ-ઈન તરફ આકર્ષાવાનું એક વ્યવહારુ કારણ બની ગયું છે. આ પરિસ્થિતિને કારણે ભારતીય સમાજમાં લગ્ન વિના સાથે રહેવાનો ક્રેઝ અભૂતપૂર્વ રીતે વધી રહ્યો છે.

જોકે, અત્યાર સુધી સામાજિક સ્વીકૃતિ વગર ચાલી રહેલા આ લિવ-ઈન સંબંધોમાં સૌથી મોટી ગંભીર સમસ્યા એ હતી કે તેમાં જોડાનાર ભાગીદારો, ખાસ કરીને મહિલાઓને કોઈ કાનૂની રક્ષણ મળતું નહોતું. પરંતુ ગુજરાતમાં અમલમાં આવી રહેલા યુનિફોર્મ સિવિલ કોડએ આ સામાજિક વાસ્તવિકતાને સ્વીકારીને એક મોટો કાયદાકીય નિર્ણય લીધો છે. ગુજરાતમાં રાષ્ટ્રપતિની મંજૂરી બાદ લાગુ થનારા નવા કાયદા હેઠળ હવે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા યુગલો માટે સરકારી નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. એટલું જ નહીં, જો યુગલ ભવિષ્યમાં આ સંબંધનો અંત લાવવા માંગતું હોય તો તેની પણ સરકારી તંત્રને ઔપચારિક જાણ કરવી પડશે. આ જોગવાઈના કારણે અત્યાર સુધી બિનસત્તાવાર ગણાતા લિવ-ઈન સંબંધોને કાયદાકીય રીતે લગ્ન જેવો જ એક સત્તાવાર દરજ્જો, દાયરો અને મર્યાદા પ્રાપ્ત થશે.

આ નવા કાયદામાં માત્ર લિવ-ઈન જ નહીં પરંતુ સામાન્ય લગ્ન અને છૂટાછેડાનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે, અને નિયમભંગ બદલ

(અનુ. આઠમા પાને)

### યુનિફોર્મ સિવિલ કોડની મુખ્ય જોગવાઈઓ

**ફરજિયાત નોંધણીઃ** લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન સંબંધોનું રજિસ્ટ્રેશન ફરજિયાત; ભંગ બદલ ₹૧૦,૦૦૦ સુધીનો દંડ.

**મહિલા અને બાળ રક્ષણઃ** લિવ-ઈનથી જન્મેલા બાળકો કાયદેસર ગણાશે અને પીડિત મહિલાને ભરણપોષણનો હક મળશે.

**કડક સજાઃ** બહુપત્નીત્વ પર પ્રતિબંધ અને બળજબરીથી લગ્ન કરાવવા બદલ ૭ વર્ષ સુધીની જેલ.

**અદાલતી પ્રક્રિયાઃ** કોર્ટના હુકમ વિના અદાલત બહાર અપાતા ગેરકાયદે છૂટાછેડા સામે ૩ વર્ષની જેલની જોગવાઈ

**એસટી સમુદાયને મુક્તિઃ** બંધારણીય અધિકારો અંતર્ગત અનુસૂચિત જનજાતિ સમુદાયને આ કાયદામાંથી મુક્તિ અપાઈ છે.

# હવે કંડલા બંદરેથી ગ્રીન હાઈડ્રોજન જાપાન પહોંચશે

## કંડલા બંદર બનશે ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝનું ગ્લોબલ એક્સપોર્ટ હબઃ વાર્ષિક ૩ લાખ ટન ઉત્પાદનનું આયોજનઃ એલએન્ડટી અને જાપાની કંપની વચ્ચે મોટો સોદો

**અબતક, ગાંધીનગર**

હરિત ઊર્જા ક્ષેત્રે ભારતને વૈશ્વિક મહાસત્તા બનાવવા તરફ એક સીમાચિહ્નરૂપ પગલું ભરાયું છે, જેમાં ગ્રીન હાઈડ્રોજન પ્રોજેક્ટ માટે જાપાન સાથે મહત્વપૂર્ણ ભાગીદારી આકાર લઈ રહી છે. ગુજરાતના કંડલા (દીનદયાળ પોર્ટ) ખાતે ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયાના નિર્માણ માટે જાપાનની અગ્રણી ટ્રેડિંગ કંપની ઈતોચુ કોર્પોરેશન સાથે જોડાણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ભારતીય ઈજનેરી ક્ષેત્રની દિગ્ગજ કંપની એલએન્ડટી પોતાના ક્લીન એનર્જી યુનિટમાં જાપાની કંપનીને લઘુમતી હિસ્સો આપવા તેમજ વાર્ષિક ૩ લાખ ટન પ્રોડક્ટના વૈશ્વિક સપ્લાય માટે ચર્ચા કરી રહી છે. આ મેગા પ્રોજેક્ટ થકી કંડલાને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝના મુખ્ય નિકાસ કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવામાં આવશે.

કંડલા ખાતે આકાર લઈ રહેલા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે એલ એન્ડ ટી એનર્જી ગ્રીનટેક લિમિટેડ દ્વારા મોટા પાયે જમીન મેળવીને પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે. કંપની દ્વારા વિરાટ જમીન પર ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા પ્રોજેક્ટની પાયાની કામગીરી હાથ ધરાઈ છે. જાપાનની ઈતોચુ કોર્પોરેશન સાથેની આ ઐતિહાસિક ભાગીદારી માત્ર પ્લાન્ટ ડેવલપમેન્ટ પૂરતી સીમિત ન રહેતાં, વૈશ્વિક સ્તરે માર્કેટિંગ અને ઉત્પાદનની ખરીદી (ઑફટેક) માટે પણ મહત્વનું પીઠબળ પૂરું પાડશે. આ માટે ચાલુ વર્ષના એપ્રિલ માસમાં જ વાર્ષિક ૩ લાખ ટન ગ્રીન એમોનિયા સપ્લાય માટેનો લાંબા ગાળાનો 'ટેક-ઓર-પે' કરાર પણ કરી લેવામાં આવ્યો છે. કંપનીના ટોચના મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, જાપાનના ઈતોચુ ગ્રૂપ સાથે ઈક્વિટી પાર્ટિસિપેશન તેમજ ગ્રીન એમોનિયાના ઉપાડ બંને બાબતો પર વિસ્તૃત વાટાઘાટો ચાલી રહી છે. જોકે જાપાની કંપની કેટલા ટકા હિસ્સો હસ્તગત કરશે તે અંગેની વિગતો હજુ ગુપ્ત રાખવામાં આવી છે. એલ એન્ડ ટીના નાણાકીય વર્ષ ૨૦૨૬ના વાર્ષિક અહેવાલમાં પણ કંડલા સ્થિત વાર્ષિક ૩૦૦ કિલો ટનની ક્ષમતાવાળા આ પ્રોજેક્ટને ઊર્જા સંક્રમણ (એનર્જી ટ્રાન્ઝિશન) રણનીતિનો મુખ્ય આધારસ્તંભ ગણાવવામાં આવ્યો છે. આગામી દિવસોમાં બાહ્ય મૂડી આકર્ષવા અને પ્રોજેક્ટને નાણાકીય રીતે વધુ સદ્ધર બનાવવા અન્ય આંતરરાષ્ટ્રીય રોકાણકારોને પણ લઘુમતી હિસ્સો ઓફર કરવાની વિચારણા ચાલી રહી છે. સમગ્ર વિશ્વ જ્યારે કાર્બન ઉત્સર્જન ઘટાડીને ગ્રીન એનર્જી તરફ વળી રહ્યું છે ત્યારે કંડલા સ્થિત આ સંકુલ ગ્રીન હાઈડ્રોજન આધારિત ઉત્પાદનો માટે ગેમચેન્જર સાબિત થશે. ભારત સરકારે દેશને હરિત હાઈડ્રોજનના વૈશ્વિક હબ તરીકે વિકસાવવાના નિર્ધાર સાથે જે પ્રોત્સાહનો આપ્યાં છે, તેને જાપાન જેવા ટેકનોલોજીકલ જાયન્ટ દેશના સાથથી નવી દિશા મળશે. કંડલા બંદરનું વ્યૂહાત્મક ભૌગોલિક સ્થાન હોવાથી અહીંથી જાપાન તેમજ પૂર્વ એશિયા અને યુરોપના બજારોમાં ગ્રીન હાઈડ્રોજન ડેરિવેટિવ્ઝની નિકાસ અત્યંત ઝડપી અને સરળ બનશે.




### શિપિંગ ઉદ્યોગ માટે નવું ઈંધણઃ સિંગાપોરમાં બંકરિંગ કામગીરીને મળશે મોટો ટેકો

કંડલા પ્લાન્ટમાંથી તૈયાર થનારા ગ્રીન એમોનિયાનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય દરિયાઈ જહાજો માટે નેક્સ્ટ જનરેશન મરીન ફ્યુઅલ તરીકે કરવામાં આવશે. જાપાનની ઈતોચુ કંપની સિંગાપોર સહિત વિશ્વભરના વ્યૂહાત્મક બંદરો પર શિપિંગ ઉદ્યોગ માટે બંકરિંગ (ઈંધણ પૂરવઠા) નેટવર્ક ધરાવે છે. કંડલાથી થનારો આ સપ્લાય વૈશ્વિક શિપિંગ સેક્ટરને પરંપરાગત પ્રદૂષિત ઈંધણમાંથી મુક્ત કરી લો-કાર્બન કામગીરી તરફ વાળવામાં નિર્ણાયક સાબિત થશે. દરિયાઈ પરિવહનમાં ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટાડવા માટે ભારત-જાપાનનું આ જોડાણ વૈશ્વિક સ્તરે સીમાચિહ્ન રૂપ બનશે.

# ગિફ્ટને ૨૫ જિલ્લા સાથે જોડી દેવા બસ સેવા શરૂ કરાશે

## મેટ્રોની મર્યાદિત ફ્રિકવન્સીને પગલે રાત્રે મોડે સુધી કામ કરતા કર્મચારીઓ માટે બસ સેવા આશિર્વાદરૂપ બનશે

**અબતક, ગાંધીનગર**

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દિન-પ્રતિદિન વધતા કર્મચારીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને પબ્લિક ટ્રાન્સપોર્ટમાં મોટો વધારો થવા જઈ રહ્યો છે. મેટ્રો ટ્રેનના મર્યાદિત સમયને કારણે પડતી મુશ્કેલીઓ નિવારવા ગિફ્ટ સિટીને અમદાવાદ અને ગાંધીનગર સાથે જોડવા માટે ૨૫ નવી ઈલેક્ટ્રિક બસો શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્લોબલ ટાઈમ ઝોનમાં કામ કરતા કર્મચારીઓ માટે આ બસ સેવા મોડી રાત સુધી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત અંદરના વિસ્તારોમાં પણ શટલ સેવાઓ શરૂ કરી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થાને વધુ સુવિધાજનક બનાવવા માટે દિવાળી પછી નવી પેઈડ પાર્કિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

ગિફ્ટ સિટીમાં હાલ મેટ્રો કનેક્ટિવિટી ઉપલબ્ધ છે પરંતુ તેની મર્યાદિત ફ્રિકવન્સીના કારણે કર્મચારીઓને મુશ્કેલી પડી રહી છે.

(અનુ. આઠમા પાને)




### કંપનીઓને કર્મચારીઓની સંખ્યા મુજબ પાર્કિંગ ક્વોટા ફાળવાશે

સૂચિત પાર્કિંગ સિસ્ટમ હેઠળ ગિફ્ટ સિટીમાં કાર્યરત કંપનીઓને તેમના કર્મચારીઓની સંખ્યા અને યુનિટ વિસ્તારના આધારે પાર્કિંગ ક્વોટા ફાળવવામાં આવશે. કંપનીઓ સિનિયોરિટી, કર્મચારીની જરૂરિયાતો, કારપૂલિંગ અથવા આંતરિક પોલિસીના આધારે સ્ટાફ વચ્ચે આ જગ્યાઓનું વિતરણ કેવી રીતે કરવું તે જાતે નક્કી કરશે. આ વ્યવસ્થાનો ઉદ્દેશ્ય નવી પાર્કિંગ સુવિધાઓ વારંવાર ઊભી કરવાને બદલે હાલના સપ્લાયમાં જ માંગને મેનેજ કરવાનો છે. રિઝર્વ્ડ પાર્કિંગ માટે સૌથી વધુ ચાર્જ રહેશે જ્યારે કામચલાઉ પાર્કિંગ માટે સૌથી ઓછા દરો નક્કી કરાશે.

"ગમે તેને" પાયલોટ બેસાડી હવાઈ સફર જોખમી

# ઓમાને હટાવેલા "પેલેસ્ટાઈનવાદી" કો-પાયલોટ વિમાન દુર્ઘટના સર્જી અંધાધૂંધી ફેલાવી દેત!

## ભારતીય પાયલોટ સ્મિત મચ્છરે સમયસૂચકતા અને સાહસ ન દાખવ્યું હોત, તો ફ્લાઈટ ક્રેશ થઈને વિમાનમાં સવાર તમામ ૧૭૪ મુસાફરોના જીવ હોમાઈ ગયા હોત!

**અબતક, રાજકોટ**

હવાઈ સફર કરતી વખતે મુસાફરો પોતાના જીવની તમામ જવાબદારી વિમાન ઉડાડતા પાયલોટના હાથમાં સોંપી દેતા હોય છે. પરંતુ જો પાયલોટની સીટ પર જ કોઈ કટ્ટરપંથી કે ઉગ્રવાદી વિચારધારા ધરાવતી વ્યક્તિ બેસી જાય, તો એ હવાઈ સફર કેટલી જોખમી સાબિત થઈ શકે તેનો ધ્રુજાવી દેનારો કિસ્સો તાજેતરમાં સામે આવ્યો છે. કોઈપણ વ્યક્તિની યોગ્ય પૃષ્ઠભૂમિ, માનસિક સ્થિતિ કે ભૂતકાળની ગંભીર તપાસ કર્યા વિના તેને કોકપિટની જવાબદારી સોંપી દેવી એ સેંકડો નિર્દોષ મુસાફરોના જીવ સાથે રમત રમવા સમાન છે.

દુબઈથી ઈઝરાયેલના તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં ઓમાની નાગરિક કો-પાયલોટ હમામ અલહમામીએ કોકપિટની અંદર જ મુખ્ય ભારતીય કમાન કેપ્ટન સ્મિત મછાર પર અચાનક હિંસક હુમલો કરી દીધો હતો.

આ સનસનાટીભર્યા કિસ્સામાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો છે કે હુમલો કરનાર ઓમાની કો-પાયલોટ હમામ અલહમામી પહેલાંથી જ શંકાસ્પદ અને કટ્ટરપંથી વલણ ધરાવતો હતો. ગત વર્ષે જ ઓમાનની રાષ્ટ્રીય એરલાઈન 'ઓમાન એર' દ્વારા તેની ઉગ્રવાદી વિચારધારાના કારણે તેને પાયલોટ તાલીમની કામગીરીમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. આટલું જ નહીં, તેની અંગત વસ્તુઓની તપાસ કરતા તેમાંથી 'ફ્રી પેલેસ્ટાઈન' જૂથોના પત્રિકાઓ, પ્રો-પેલેસ્ટાઈન સાહિત્ય તથા ઈઝરાયેલ પ્રત્યે નફરત ફેલાવતી સામગ્રી મળી આવી છે. તે ઓમાની પિતા અને સીરિયન માતાનો પુત્ર છે અને સીરિયામાં રોકાણ દરમિયાન તે ઉગ્રવાદી વિચારોથી પ્રભાવિત થયો હોવાની આશંકા છે.

આટલી ગંભીર અને વિવાદિત

(અનુ. આઠમા પાને)



# મહંત પદનો અભિષેક અને સ્વીકાર જ તપ છે: પૂ.મોરારિબાપુ

## ભાવનગરની લોકભારતી યુનિવર્સિટીમાં દીક્ષાંત સમારોહ સંપન્ન: પૂ.મોરારિબાપુના હસ્તે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઈ

**અબતક, રાજકોટ**

ભાવનગર જિલ્લાની ગ્રામ વિદ્યાપીઠ અને હવે લોકભારતી યુનિવર્સિટી ફોર રૂલર ઈનોવેશનના નામથી જે યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે. અને ગ્રામીણ અભિમુખતાને ધ્યાનમાં લઈને મોટાભાગના અભ્યાસક્રમોનું કલેવર હોય છે. તેના વિદ્યાર્થીઓનો ૨૦૨૬ નો દીક્ષાંત સમારોહ પૂજ્ય મોરારિબાપુના વડપણ તળે સણોસરા લોકભારતી ખાતે તારીખ ૨ ઓકટોબરના રોજ મુખ્ય સભાગૃહમાં યોજાઈ ગયો.

વિવિધ અભ્યાસક્રમોને પૂર્ણ કરીને જે વિદ્યાર્થીઓએ પદવી હાંસલ કરી છે તેને પૂ. મોરારિબાપુના વરદ હસ્તે ડિગ્રીઓ અર્પણ કરવામાં આવી. સમગ્ર અભ્યાસક્રમના અંતિમ વર્ષમાં ઉચ્ચ ગુણાંક અને તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિવિધ એવોર્ડ થી નવાજવામાં આવ્યા.



આ સમારોહમાં પ્રસ્તાવિક અને સ્વાગત પ્રવચન કરતા યુનિવર્સિટીના કુલાધિપતિ શ્રી ડો.અરુણ દવે જણાવ્યું કે આપણે આપણી સંસ્થાઓમાં વ્યાપને મહત્વ આપતા નથી પરંતુ નમૂનોએ આપણે માટે ઉદાહરણરૂપ છે. આપણું કામ સંસ્કૃતિ અને પ્રકૃતિનેનુ પોષણ કરવાનું છે. ગામડાના પ્રશ્નો અને સમસ્યાઓને દૂર કરીને આજીવિકા,પુરુષાર્થ અને પ્રસન્નતાથી ગ્રામજગત હર્યુ ભર્યુ થાય તે માટે આપ સૌએ પ્રયત્ન કરવાના છે.

પૂ.મોરારિબાપુએ દિક્ષાંત મંગલ શબ્દોને સૌ સાથે વહેંચતા જણાવ્યું કે હું આ પ્રકારના કાર્યક્રમમાં શબ્દની પસંદગી કરવામાં ઘણીવાર અવઢવ સ્થિતિ પ્રાપ્ત કરું છું. પરંતુ અહીં મારે શબ્દોને ચૂંટવાના નથી કારણ કે હું આપ સૌ સાથે હવે જોડાઈને ગયો છું. ગુણનો સદુપયોગ કરીએ તે ગુણ છે પરંતુ તેનો દુરુપયોગ તે દોષ છે. આપ સૌ ગામડાને દિશા આપવાની જે કોશિશ કરી રહ્યા છો તે આવકાર્ય છે. આપણને સૌ કોઈને સેવા કરવાના હેવા પડવા જોઈએ એટલે ટેવ પડવી જોઈએ.બાપુએ પ્રતિક્ષા મૂલ્યો અને સેવાના સંકલ્પોને સાકારિત કરવા સૌએ લાગી પડવું જોઈએ એવી અપીલ કરી.

કાર્યક્રમમાં રામચંદ્રભાઈ પંચોલી, પ્રશાંતભાઈ ભટ્ટ, ભદ્રાયુ વછરાજાની અને અન્ય શિક્ષણના મહાનુભાવો પણ જોડાયાં હતાં. સમગ્ર સંકલન નિયામક શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કર્યું હતું.

---

તંત્રી લેખ

# પૂ.બાપુનું 'યુવા ભારત'નું સાકાર થતું સપનું

એશિયન ગેમ્સમાં ભારતીય રમતવીરોના સર્વશ્રેષ્ઠ અને ઐતિહાસિક દેખાવે સમગ્ર દેશમાં હરખની હેલી જગાડી છે. એક સમયે જ્યાં વૈશ્વિક રમતગમતના મંચ પર ભારતની હાજરી માત્ર સીમિત ગણાતી હતી આજે ભારતના યુવાનો સુવર્ણ, રજત અને કાંસ્ય પદકોની સરવાણી વહાવી રહ્યા છે. આ ભવ્ય સફળતાએ કોઈ અકસ્માત નથી, પરંતુ પાછલા કેટલાક વર્ષોથી દેશમાં પ્રાદેશિક ધોરણે રમતગમત અને યુવા પ્રતિભાઓને શોધીને તેમને યોગ્ય મંચ પૂરો પાડવાની સરકારની સુઆયોજિત રણનીતિનું પરિણામ છે. 'ખેલો ઈન્ડિયા' અને 'ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ' જેવી યોજનાઓએ ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારમાં છુપાયેલા હીરાઓને શોધીને તેમને વૈશ્વિક કક્ષાનું વિશિષ્ટ પ્રશિક્ષણ આપ્યું છે.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના પવિત્ર અવસરે એશિયન ગેમ્સની આ ઐતિહાસિક સફળતા વધુ અર્થસભર બની રહે છે. બાપુએ હંમેશાં 'સ્વદેશી' અને સશક્ત 'યુવા ભારત'નું સપનું જોયું હતું. ગાંધીજીનું માનવું હતું કે દેશનું સાચું સામર્થ્ય તેના ગ્રામીણ વિસ્તારો અને યુવાધનમાં પડેલું છે.

આજે જ્યારે નાના નાના શહેરો અને ગામડાંઓમાંથી આવતા યુવાનો પોતાની દેશી રમતગમતની કોઠાસૂઝ, અથાક પરિશ્રમ અને આત્મવિશ્વાસના બળે વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને માત આપી રહ્યા છે, ત્યારે ગાંધીજીની 'આત્મનિર્ભર' અને 'સ્વાવલંબી' ભારતની વિભાવના રમતગમતના ક્ષેત્રે ચરિતાર્થ થતી દેખાય છે. દેશની માટીમાંથી ઊભરેલા આ ખેલાડીઓ આજે વિશ્વમંચ પર ત્રિરંગો લહેરાવી રહ્યા છે, જે સ્વદેશી સામર્થ્યની શ્રેષ્ઠ મિસાલ છે.

આજે ભારત રમતગમતના એક નવતર 'સુવર્ણયુગ'માં પ્રવેશ કરી ચૂક્યું છે. હવે ભારતીય ખેલાડીઓ માત્ર ભાગ લેવા માટે નહીં, પરંતુ વિજયી બનવાના સંકલ્પ સાથે મેદાનમાં ઊતરે છે. એથ્લેટિક્સ, શૂટિંગ, આર્ચરી કે બેડમિન્ટન જેવા પરંપરાગત ખેલ હોય કે પછી નવીન રમતો-દરેક ક્ષેત્રમાં ભારતીય યુવાનોનું વર્ચસ્વ વધી રહ્યું છે. ખેલાડીઓનું માનસિક મનોબળ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈજ્ઞાનિક પ્રશિક્ષણે ભારતને સ્પોર્ટ્સ સુપરપાવર બનવા તરફ ઝડપથી આગળ ધપાવ્યું છે.

એશિયન ગેમ્સનો આ દેખાવ માત્ર પદકો જીતવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દેશના કરોડો યુવાનો માટે પ્રેરણાનો સ્રોત બન્યો છે. ગાંધીજીના વિચારોમાંથી પ્રેરણા લઈ, પ્રાદેશિક પ્રતિભાઓને પ્રોત્સાહિત કરી તૈયાર કરાયેલું આ યુવા ભારત આજે ગર્વથી કહી રહ્યું છે કે રમતગમતનું ભવિષ્ય હવે ભારતમાં સુરક્ષિત છે. જો આ જ દિશામાં અને આ જ ઉત્સાહથી પ્રયાસો ચાલુ રહેશે, તો આગામી ઓલિમ્પિક્સમાં પણ ભારત વિશ્વના નકશા પર એક નવી અને અજેય શક્તિ તરીકે ઊભરી આવશે તેમાં કોઈ શંકા નથી.

---

# બગસરામાં પક્ષના કાર્યક્રમમાં સદસ્યોની ગેરહાજરીથી પ્રદેશ ભાજપ પ્રમુખ લાલઘુમ

## નગરપાલિકાના ચુંટાયેલા કુલ ૨૨ સભ્યોમાંથી માત્ર ૧૪ સભ્યો જ ઉપસ્થિત રહ્યા હતા

અબતક, સમીર વિરાણી, બગસરા

બગસરા ખાતે તાજેતરમાં ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કાર્યકર્તાઓ અને હોદ્દેદારો સાથે સંવાદ કરવા માટે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અગત્યના કાર્યક્રમમાં બગસરા તાલુકા તથા શહેરના તમામ પદાધિકારીઓ અને સક્રિય કાર્યકર્તાઓને અચૂક હાજર રહેવા માટે સંગઠન દ્વારા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. પક્ષના ઉચ્ચ નેતૃત્વની ઉપસ્થિતિ હોવા છતાં સ્થાનિક સ્તરે આયોજિત આ કાર્યક્રમમાં ધાર્યા કરતા ઓછી હાજરી જોવા મળી હતી, જેણે રાજકીય બેડામાં ચર્ચા જગાવી છે.



ખાસ કરીને બગસરા નગરપાલિકાના કુલ ૨૨ ચૂંટાયેલા સદસ્યોમાંથી અનેક સભ્યો આ મહત્વપૂર્ણ બેઠકમાં ગેરહાજર રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, બેઠકમાં માત્ર ૧૪ સભ્યો જ હાજરી આપી શક્યા હતા, જ્યારે બાકીના સભ્યો નહોતા આવ્યા. પક્ષના પ્રદેશ પ્રમુખ સમક્ષ જ આ પ્રકારની પાંખી હાજરી જોવા મળતા તેમણે આ બાબતની ગંભીર નોંધ લીધી હતી અને બેઠક દરમિયાન જ ગેરહાજર રહેનાર સદસ્યો વિશે પૂછપરછ પણ કરી હતી. ઉચ્ચ નેતાઓની હાજરીમાં આ પ્રકારની બેદરકારી પક્ષના આંતરિક માળખામાં અસંતોષ કે સંકલનના અભાવ તરફ ઈશારો કરે છે.

ત્યારે આ ઘટના બાદ શિસ્તભંગ કરનાર જવાબદાર હોદ્દેદારો અને સદસ્યો સામે પક્ષ દ્વારા આગામી સમયમાં કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

---

# અંજારમાં મંત્રી ત્રિકમ છાંગાની ઉપસ્થિતિમાં 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમ યોજાયો

## ડિસ્ટ્રીકટ હોસ્પિટલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીએ શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશો પાઠવ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ''સ્વચ્છતા હી સેવા-૨૦૨૬'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લાના અંજાર ખાતે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ દરમિયાન શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાએ અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા તેમજ અન્ય સ્થાનિક હોદ્દેદારો, પદાધિકારીઓ, અધિકારીઓ સાથે મળીને અંજાર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ પરિસરમાં સાફસફાઈ કરી હતી. રાજ્યમંત્રી સહિત જનપ્રતિનિધિઓએ જાતે જ શ્રમદાન કરીને હોસ્પિટલ સંકુલને સ્વચ્છ બનાવ્યું હતું અને ઉપસ્થિત તમામ લોકોને રોજિંદા જીવનમાં સ્વચ્છતા જાળવવા અંગેનો સકારાત્મક સંદેશ આપ્યો હતો.



આ સફાઈ અભિયાનમાં અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા, હોસ્પિટલના અધિક્ષક રોબિનસિંહ રાઠોડ, નગરપાલિકા સહિત સંગઠનના પદાધિકારીઓ, તબીબો, નર્સિંગ સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ શહેરના નાગરિકો પણ જોડાયા હતા. સૌએ સાથે મળીને હોસ્પિટલના વિવિધ વિભાગો અને આસપાસના પરિસરને સ્વચ્છ બનાવ્યું હતું.

---

# ધોરાજીના યુવા ભાજપ પ્રમુખના પુત્ર પર્વ રાવલનો આજે જન્મ દિવસ



ધોરાજી તાલુકા યુવા ભાજપ પ્રમુખ ચિંતનકુમાર રાવલના સુપુત્ર પર્વ રાવલના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો તથા શુભેચ્છકો દ્વારા હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. પર્વ રાવલને જન્મદિવસની શુભકામનાઓ સાથે તેઓ જીવનમાં સતત પ્રગતિ કરે, સુખી, સ્વસ્થ અને દીર્ઘાયુષ્ય જીવન જીવે તથા પરિવારનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પરિવારજનો અને શુભેચ્છકોએ પર્વને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

---

# વડિયા : અનીડા નાગરિક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભામાં ૧૫% ડિવિડન્ડ જાહેર

**અબતક, માહિર સુમરા, વડિયા**

અનીડા નાગરિક શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા નટવરભાઈ પરવાડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. સભા દરમિયાન મંત્રી નરેન્દ્ર પરવાડીયા એ સંસ્થાના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા, જેને સભામાં સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા સભાસદોના હિતમાં ૧૫% ડિવિડન્ડ ફાળવવામાં આવ્યું હતું.




તદુપરાંત, અધ્યક્ષસ્થાનેથી માનનીય દિલીપભાઈ સંઘાણીની આઈસીએમાં ડિરેક્ટર તરીકે પસંદગી થવા બદલ અભિનંદન ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.આ સભામાં અ.જી.મ.સ. બેન્ક અનીડા શાખા મેનેજર રાહુલભાઈ ભુવા, જશ્મિનભાઈ ગોલ,કરશનભાઈ વેકરીયા, જમીન વિકાસ બેન્ક વડિયા ડાયરેક્ટર કલ્યાણભાઈ દેસાઈ,વ્ય. કમિટી સભ્યો અને સભાસદોભાઈયો ઉપસ્થિત રહ્યા. પારદર્શક, પ્રામાણિક, કરકસર, અને નિષ્ઠા પૂર્વક વહીવટ ની નોંધ લઇ વહીવટકર્તાઓ ને બિરદાવવામાં આવ્યા

સંસ્થાની પ્રગતિ અને સભાસદોના હિત માટે સૌના સહકાર સાથે આગળ વધવાનો સંકલ્પ કરવામાં આવ્યો.

---

ગાંધી જયંતિ નિમિતે

# રાણપુર ગ્રામ પંચાયતની સભામાં સરપંચ ગોસુભા પરમાર સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા

## સભામાં પોલીસ સ્ટાફ દ્વારા ગ્રામજનોને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન અપાયું



**અબતક, વિપુલ લુહાર, બોટાદ**

બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં ગાંધી જયંતિના પાવન અવસર નિમિત્તે રાણપુર ગ્રામ પંચાયત ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાયેલી આ ગ્રામસભામાં રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ ગોસુભા પરમાર, તલાટી કમ મંત્રી મહાવીરદાસ દેવમુરારી, ઉપસરપંચ તેમજ ગ્રામ પંચાયતના સભ્યો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગ્રામસભા દરમિયાન રાણપુર શહેરના વિવિધ વિસ્તારો સાથે સંકળાયેલા સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા પોતાના વિસ્તારની સમસ્યાઓ અને જરૂરી સુવિધાઓ અંગે રજૂઆતો કરવામાં આવી હતી, જ્યારે ગ્રામ પંચાયતના સત્તાધીશો દ્વારા ગ્રામજનોના પ્રશ્નો સાંભળી યોગ્ય કાર્યવાહી કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ગ્રામસભા દરમિયાન રાણપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એ. પટેલ તેમજ પોલીસ સ્ટાફ દ્વારા ઉપસ્થિત ગ્રામજનોને સાયબર ક્રાઈમને લગતા ગુનાઓ અને ઓનલાઈન ફ્રોડ અંગે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ગામના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓ, નાગરિક સુવિધાઓ તેમજ ગ્રામજનોને જરૂરી પાયાની સુવિધાઓ મળી રહે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામસભામાં ગ્રામજનોની ભાગીદારી સાથે ગામના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તથા વિકાસના કામોને આગળ ધપાવવા અંગે જરૂરી વિચારણા કરવામાં આવી હતી.

ગાંધી જયંતિના અવસરે યોજાયેલી આ ગ્રામસભામાં ગ્રામજનોનો ઉત્સાહભેર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

---

# ગીરગઢડા તાલુકા કોંગ્રેસનું નવું કાર્યાલય ખુલ્લું મુકાયું

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકામાં તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા નવા કોંગ્રેસ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. નવા કાર્યાલયના પ્રારંભ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સત્ય, અહિંસા અને સત્યાગ્રહના સિદ્ધાંતોના માર્ગે દેશને નવી દિશા આપી હતી. તેમના જીવન અને આદર્શોને યાદ કરી ઉપસ્થિત કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરોએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.



આ કાર્યક્રમ ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુંજાભાઈ વંશના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પ્રસંગે કોંગ્રેસના વિવિધ આગેવાનો, તાલુકા તથા જિલ્લા કક્ષાના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

---

# ધોરાજી : આવળમાં માતાજી મંદિરે ધ્વજા રોહણ-સ્થંભનું સ્થાપન

**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજી શહેરના ફરેણી રોડ ખાતે આવેલા આવળમાં માતાજીના મંદિર ખાતે ધજા રોહણ સ્તંભનું વિધિવત સ્થાપન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાઈઓ, દાતાઓ તથા ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત ભકતોએ આવળમાં માતાજીના જયઘોષ સાથે ધાર્મિક વિધિમાં ભાગ લીધો હતો અને ધજા રોહણ સ્તંભનું સ્થાપન કરવામાં આવ્યું હતું.ધોરાજી શહેરમાં પ્રથમ



વખત ધજા રોહણ સ્તંભનું સ્થાપન થતાં ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી હતી. વધુમાં, આગામી તા. ૨૫ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે મામા સાહેબના મંદિર ખાતેથી સાથ-સંગાથ સાથે ધ્વજા ચઢાવવાનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહી ધ્વજારોહણ કાર્યક્રમનો લાભ લેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

---

# રાજકોટ-રાજુલા એસી વોલ્વો શરૂ થતા મુસાફરોને મળશે લકઝરી બસની સુવિધા

## રાજકોટથી બપોરે ૧૨ અને રાજુલાથી સવારે ૫:૩૦ વાગ્યે બસ ઉપડશે

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા અને રાજકોટ વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરો માટે આખરે રાહતના સમાચાર આવ્યા છે. રાજકોટ ડેપો દ્વારા આજથી રાજકોટ-રાજુલા રૂટ પર અત્યાધુનિક ટુ-બાય-ટુ એસી વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આ બસ *રાજકોટથી રાજુલા માટે બપોરે ૧૨:૦૦ વાગ્યે* અને *રાજુલાથી રાજકોટ માટે વહેલી સવારે ૫:૩૦ વાગ્યે* ઉપડશે. આ લક્ઝરી બસની ટિકિટનો દર ₹૩૪૦ રાખવામાં આવ્યો છે. મુસાફરો આ બસ માટે ઓનલાઈન અને કાઉન્ટર પરથી એડવાન્સ રિઝર્વેશન પણ કરાવી શકે છે.

નોંધનીય છે કે રાજુલા ડેપો હાલ સત્તાવાર રીતે એ-ગ્રેડનો નથી, પણ તે એ-ગ્રેડ બને તેવી સંપૂર્ણ સ્થિતિ અને આવક ધરાવે છે.



અહીં પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક, જીએસડબલ્યુ જેવો મોટો ઔદ્યોગિક પટ્ટો વિકસ્યો હોવાથી રોજ હજારો કામદારોની અવર-જવર રહે છે.

આટલી માંગ હોવા છતાં રાજુલા ડેપો દ્વારા આજ દિન સુધી એક પણ નવી લોકલ કે લોંગ રૂટ બસ શરૂ કરવામાં આવી નથી.

મુંબઈ, ડાયરેક્ટ સુરત, વલસાડ, પાવાગઢ, નાથદ્વારા, અંબાજી, શેરડી જેવા લોંગ રૂટની બસો અન્ય નાના ડેપોમાંથી પણ ધમધમે છે, ત્યારે રાજુલા ડેપોની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી આવી એક પણ લોંગ રૂટ બસ રાજુલા ડેપોને ફાળવવામાં આવી નથી.

રાજુલા-જાફરાબાદના *૩૦ ગામો* આજે પણ એસટી વિહોણા છે, જ્યાં એસટીના દર્શન પણ દુર્લભ બન્યા છે. સવારમાં રાજકોટ જવા માટે માત્ર બે જ બસ હોવાથી ટિકિટ મળતી નથી અને લોકો મોંઘી ટેક્સીઓમાં જવા મજબૂર બને છે.

આ નવી વોલ્વો બસ સેવા શરૂ થતા માજી ચેમ્બર પ્રમુખ બકુલભાઈ વોરા, વિ.હિ.પ. પ્રમુખ યુવરાજભાઈ તથા માજી નગરપાલિકા પ્રમુખ ચિરાગભાઈ જોશીએ રાજીપો વ્યકત કરી રાજકોટ એસટી નિયામકશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

---

# ગાંધીધામ: દુર્ગાવાહીની પથ સંચલનમાં નારીશક્તિ અને સંગઠનનો સાક્ષાત્કાર

## અખિલ ભારતીય સહ સંયોજિકા પિંકી પવારે નારીશક્તિ, સ્વરક્ષણ અને સંગઠનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વિશ્વ હિન્દુ પરિષદ-દુર્ગાવાહિની, કચ્છ વિભાગ-ગાંધીધામ દ્વારા ગાંધીધામ ખાતે ભવ્ય દુર્ગાવાહિની પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. પથ સંચલનનો મુખ્ય ઉદ્દેશ્ય યુવતીઓમાં શૌર્ય, આત્મવિશ્વાસ, સ્વરક્ષણની ભાવના તથા સંગઠન શક્તિનો વિકાસ કરવાનો અને સમાજમાં નારીશક્તિ તથા જાગૃતિનો સંદેશ પહોંચાડવાનો હતો.



પથ સંચલનની શરૂઆત ઝુલેલાલ મંદિર, ગાંધીધામ ખાતેથી થઈ હતી. પરંપરાગત વેશભૂષામાં મોટી સંખ્યામાં દીકરીઓ અને બહેનોએ હાથમાં ભગવા ધ્વજ સાથે પથ સંચલનમાં ભાગ લીધો હતો અને શિસ્તબદ્ધ રીતે સંચાલન કરીને નારીશક્તિનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રસંગે સાધ્વી ગોમતી માતાજી દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા દુર્ગાવાહિનીની અખિલ ભારતીય સહ-સંયોજિકા પિંકીજી પવારએ પોતાના સંબોધનમાં નારીશક્તિ, સંસ્કાર, સ્વરક્ષણ અને સંગઠનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ પ્રીતિ વિનોદ મુનશીયાની ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ખુશ્બુબેન દત્તાણી - સૌરાષ્ટ્ર પ્રાંત સંયોજિકા અને રશ્મિબેન સંઘાણી - કચ્છ વિભાગ સંયોજિકા, દુર્ગાવાહિની સહિતના કાર્યકર્તાઓની ઉપસ્થિતિ રહી હતી.

પથ સંચલન દરમિયાન મોટી સંખ્યામાં દીકરીઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિસ્ત, એકતા, આત્મવિશ્વાસ અને નારીશક્તિનું પ્રતીકરૂપ પ્રદર્શન કર્યું હતું.

# જેતપુર સિવિલ હોસ્પિટલમાં ચોરીને અંજામ આપનાર મહિલા સષહતની ટોળકી ઝડપાઈ

## સરકારી હોસ્પિટલના ઓક્સિજન પ્લાન્ટમાંથી વાલ્વ અને પાઈપ ચોરી જનાર ઉના અને વિસાવદરના શખ્સોને દબોચી લેવાયા

### પિતળના વાલ્વ, કોપરના પાઈપ, પાના-પક્કડ સહિત રૂ. ૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે: રૂરલ એલસીબી ટીમને સફળતા

**અબતક, રાજકોટ**

જેતપુર સિવિલ હોસ્પિટલમાં ત્રાટકી ઓક્સિજન પ્લાન્ટમાંથી કોપરના વાલ્વ, પાઈપ સહીત અડધા લાખની મતા ઉઠાવી જનાર મહિલા સહીતની ત્રિપુટીને રૂરલ એલસીબી ટીમે દબોચી લીધા છે. પોલીસે ઉના-વિસાવદરની ટોળકીને પકડી પાડી વાલ્વ, ૩ કિલો કોપરની પાઈપના કટકા, ચોરીમા ઉપયોગ કરેલ પક્કડ/પાનુ/તણી સહિતનો મુદામાલ જપ્ત કર્યો હતો.

બનાવ અંગે જેતપુરમાં જૂનાગઢ રોડ પર આવેલ રાજેશ્વરી સોસાયટીમાં રહેતાં જિતેન્દ્રભાઈ ભીખુભાઈ ગોહેલ (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ જેતપુર સરકારી હોસ્પીટલમાં છેલ્લા આઠ વર્ષથી ઓકસીજન પ્લાન્ટના ઓપરેટર તરીકે ફરજ બજાવે છે.

ગઈ તા.૧૫ ના રોજ આ ઓકસીજન પ્લાન્ટ ચેક કરેલ અને બધુ બરાબર હતુ. બાદ આ પ્લાન્ટના ચેકીંગ માટે ગઈ તા.૧૭ ના રોજ બપોરે બે અઢી વાગ્યા વચ્ચ હોસ્પીટલના ઓકસીજન પ્લાન્ટને રેગ્યુલર ચેકીંગ માટે ગયેલ હતો. તે દરમ્યાન માલુમ પડેલ કે, ઓકસીજન પ્લાન્ટની બહાર ખુલ્લામાં આવેલ મેન્યુફોલ્ટમાં અલગ અલગ કનેકશન લાગેલ હોય છે. જે કનેકશન કોપરની પાઈપના હોય છે. બાદ પાઈપમાં પીતળના વાલ્વ આવતા હોય છે. જે વાલ્વ ગેસ સીલીન્ડરમાં ફીટ થતા હોય છે. જે કોપર પાઈપ કુલ-૧૦ તથા તેની સાથે લાગેલ પીતળ ના વાલ્વ નંગ-૧૦ જે કોપર પાઈપથી કાપેલ અને તેની જગ્યાએ જોવામાં આવેલ નહી.

જેથી નોડલ ઓફીસર અને હોસ્પીટલના મેટ્રનને જાણ કરેલ જેથી તેઓ આ પ્લાન્ટમાં જોવા આવેલ હતા. બાદમાં હોસ્પીટલના સ્ટાફને પુછપરછ કરેલ પરંતુ આ પાઈપ અને વાલ્વ બાબતે કોઈ ને કંઈ જાણ હતી નહી. જેથી રૂ.૫૦ હજારની કિંમતના પાઈપ તથા



વાલ્વની કોઈ ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

જે બનાવની ફરિયાદના આધારે રાજકોટ એસપી વીજયસિંહ ગુર્જર દ્વારા જીલ્લામાં બનતા મિલકત સંબંધી અનડીટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલી આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડવાની આપેલ સુચનાથી એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ મનીષ વરૂ, મનદીપસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને મળેલ ચોક્કસ બાતમીના આધારે સિવિલ હોસ્પિટલમાં ચોરી કરનાર કાળુ ઉર્ફે કાળીયો જોરૂ સોલંકી (ઉ.વ.૩૬, રહે. ઉના, દુધેશ્વરપરા, નદીના સામાકાઠે), રોહન ઉર્ફે રોનક જીવરાજ ડાભી (ઉ.વ.૨૩, રહે. વિસાવદર, હનુમાનપરા) અને પ્રભાબેન સુરેશ સોલંકી (ઉ.વ.૩૭, રહે. ઉના, દુધેશ્વરપરા, નદીના સામાકાઠે) ને પકડી પાડી સ્ટીલ ક્રોમ પીતળના વાલ્વ નંગ-૧૦, ૩ કિલો કોપરની પાઈપના કટકા, ચોરીમા ઉપયોગ કરેલ પક્કડ/પાનુ/તણી, મોબાઈલ ફોન અને રોકડ રકમ રૂ.૩,૪૦૦ મળી કુલ રૂ.૩૪૫૦૦ નો મુદામાલ કબ્જે કરી વધું તપાસ આદરી હતી. ઉલ્લેખનીય છે કે, પકડાયેલ આરોપી કાળુ ઉર્ફે કાળીયો વિરુદ્ધ અગાઉ દારૂ અને મારામારી, જુગાર સહિતના ગુના નોંધાયેલ છે.

# જામનગરમાં બાઈકને પાછળથી ઠોકરે લેતા વૃદ્ધ ઘાયલ

**અબતક, જામનગર**

જામનગરમાં આર્ય સમાજ પાસે તા.૨૭ સપ્ટેમ્બરના રોજ પૂરઝડપે અને બેફિકરાઈથી બલેનો કાર ચલાવી રહેલા ચાલકે સ્પ્લેન્ડર મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી દેતાં ૬૨ વર્ષના વૃદ્ધને માથા, પાંસળી અને શરીરના અન્ય ભાગે ઈજા થઈ હતી. અકસ્માત બાદ કારચાલક સ્થળ પરથી નાસી ગયો હતો. ફરિયાદ મુજબ, દર્પણભાઈના પિતા ગીરીશભાઈ વશરામભાઈ પાડલીયા ઉંમર ૬૨ વર્ષ તા.૨૭ સપ્ટેમ્બરે બપોરે આશરે ચાર વાગ્યે સ્પ્લેન્ડર મોટરસાઈકલ લઈને પોતાના ઘરેથી દુકાને જઈ રહ્યા હતા. તેઓ આર્ય સમાજ પાસે પહોંચ્યા ત્યારે પવનચક્કી તરફથી આવેલી સફેદ રંગની બલેનો કાર નં. જીજે-૧૦-ઈએચ-૫૨૯૨ના મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી હતી.

કારચાલકે આર્ય સમાજ પાસે બાલાજી આઈસ્ક્રીમની દુકાન ચલાવતા તેજસભાઈ ભરતભાઈ નંદાની રસ્તા પર પડેલી સ્પ્લેન્ડરને પણ ટક્કર મારી હતી. આશરે રૂ.૫,૦૦૦નું નુકસાન થયું હતું. અકસ્મા બાદ કારચાલક ઓસવાળ હોસ્પિટલ પાસે ઝડપાઈ ગયો હોવાનું ફરિયાદીને જાણવા મળ્યું હતું. તેનું નામ સમીર ફેઝાનભાઈ ઉર્ફે હુસેનભાઈ બ્લોચ, ઉંમર ૨૮ વર્ષ, રહે. મોરકંડા રોડ, સનસિટી-૨, શેરી નં.૩, જામનગર હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# ગોંડલ: ભરણપોષણનો ચેક બાઉન્સ થતાં પતિને ૧ વર્ષની જેલની સજા

## ૬૦ દિવસમાં ચૂકવણું નહિ તો વધુ ૬ માસની કેદનો હુકમ , ચુકાદા સમયે આરોપી પતિ ગેરહાજર રહેતા જેલ વોરંટ ઈશ્યુ

**અબતક જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

ગોંડલ શહેરની પરણીતાને છૂટાછેડા બાદ કાયમી ભરણપોષણની રકમ ચૂકવવા આપેલા ૫ લાખ રૂપિયાના ચેક બાઉન્સ થવાના કેસમાં કોર્ટે દાખલારૂપ ચુકાદો આપ્યો છે. આરોપી પતિને ૧ વર્ષની સાદી કેદની સજા અને ૫ લાખની રકમ ૯% ના વાર્ષિક વ્યાજ સાથે ચૂકવી આપવા આદેશ કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલ નિવાસી અંકિતાબેન મનસુખભાઈ પાંભરના લગ્ન ૨૪ એપ્રિલ ૨૦૧૯ના રોજ રાજકોટના સાગરભાઈ

હંસરાજભાઈ ભુત સાથે થયા હતા. લગ્ન બાદ બંને વચ્ચે મનમેળ ન રહેતા તેઓએ છૂટાછેડા લીધા હતા. ગત ૨૩ મે ૨૦૨૪ના રોજ થયેલા દસ્તાવેજ મુજબ, પતિ સાગરભાઈએ કાયમી ભરણપોષણ પેટે રૂ. ૨,૫૦,૦૦૦ ના બે ચેક (કુલ રૂ. ૫,૦૦,૦૦૦) પત્નીને આપ્યા હતા. જોકે, અંકિતાબેને બેંકમાં ચેક જમા કરાવતા બંને ચેક બાઉન્સ થયા હતા. ચેક રિટર્ન થવા બાબતે કાનૂની નોટિસ મોકલવા છતાં પતિ દ્વારા રકમ ન ચૂકવાતા, અંકિતાબેને તેમના વકીલ મારફત કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આ

### છૂટાછેડાની રકમ ૫ લાખનો દંડ અને ૯% વ્યાજ સાથે રકમ ચૂકવવા આદેશ કર્યો

કેસની સુનાવણી ચાલી હતી. ફરિયાદી પક્ષની દલીલો અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ એડિશનલ ચીફ જ્યુડિશિયલ પતિ સાગરભાઈ ભુતને મેજિસ્ટ્રેટ એસ. જી. ચાંચુએ

આરોપી પતિને ૧ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત, રૂ. ૫ લાખની રકમ ફરિયાદ દાખલ કર્યા તારીખથી ૯% વ્યાજ સાથે ૬૦ દિવસની અંદર ફરિયાદીને ચૂકવી આપવા આદેશ કર્યો છે. જો પતિ આ વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધુ ૬ માસની સાદી કેદની સજા ભોગવવી પડશે તેવો કડક હુકમ પણ કરવામાં આવ્યો છે. ચુકાદા સમયે આરોપી પતિ હાજર ન હોવાથી કોર્ટે તેની વિરુદ્ધ જેલ વોરંટ ઈશ્યુ કર્યું છે. આ મહત્વપૂર્ણ કેસમાં ફરિયાદી અંકિતાબેન તરફે ભંડેરી-એડ્વોકેટ્સના વકીલ શિવલાલ પી. ભંડેરી, નિરંજય એસ. ભંડેરી, પ્રજ્ઞા એન. ભંડેરી, રવિરાજ પી. ઠકરાર તથા ઈન્ટર્ન લો સ્ટુડન્ટ ઉદીત આંબલીયાએ દલીલો કરી હતી.

# ઉનાના ખાપટ ગામે જૂના મનદુઃખમાં મહિલા પર હુમલોઃ દંપતી સહિત ચાર સામે ફરિયાદ

**અબતક, ઉના**

ઉના તાલુકા ના ખાપટ ગામે વણકરવાસ મા રહેતી અમરીબેન બચુભાઈ વાઢેર ઉપર ખાપટ ગામના ચનાભાઈ અખિભાઈ વાઢેર, તેમની પત્ની સોનાબેન ચનાભાઈ, હિતેષભાઈ દિનેશભાઈ મકવાણા, રાવણ ઉર્ફે જયદીપ ગોપાલભાઈ મકવાણા એક સંપ કરી અગાઉના મનદુઃખનું વેર રાખી બોલાચાલી કરી માર મારી ચનાભાઈએ છરી વડે હુમલો કરી હાથની આંગળી મા ઈજાઓ કરતા લોહી નીકળવા લાગેલ અને હુમલો કરી નાસી ગયા હતા અમરી બેનને ઉના હોસ્પિટલે સારવાર માટે લાવેલ હતા. ચારે સામે એક સંપ કરી હુમલો કરી ઈજા પહોંચાડીયાની ફરિયાદ નોંધાવી હતી.

# સાયલા: નાનાસુખપર ગામે કપડા ધોતી વખતે નીચે પટકાયેલ પરણિતાનું મોત

## તળાવ નજીક ચક્કર આવી પડી જતા પથ્થરમાં પટકાતા મરણ થયેલનું પ્રાથમિક તારણ: ૩ સંતાનનો માં વિહોણા થતા પરિવારમાં આક્રંદ છવાયો

**અબતક રાજકોટ**

સાયલા તાલુકાના નાના સુખપર ગામે રેતી ૧૮ વર્ષીય પરણીતા ગઈ કાલે તળાવ પાસે કપડાં ધોતી વખતે કોઈ કારણોસર નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ સાયલા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર મળે તે પહેલા તબીબે પરણીતાને મૃત જાહેર કરી હતી ઘટનાની જાણ થતા ધજાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના નાના સુખપર ગામે રહેતી રેખાબેન કાળુભાઈ રાણીંગા ઉંમર વર્ષ ૨૮ વર્ષીય પરણિતા ગઈ કાલે ગામ નજીક આવેલ તળાવ માં કપડાં ધોવા માટે ગઈ હતી જ્યાં કોઈ કારણોસર પથ્થર પર નીચે પટકાતા માથામાં ગંભીર ઈજા પહોંચી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે સાયલા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલા જ તબીબે પરણિતાને મૃત જાહેર કરી હતી ઘટનાની જાણ થતા ધજાળા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મૃતક ને ચક્કર આવી પડી જતા પથ્થર માથું પટકાયું હોવાની પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે મૃતકને સંતાનમાં ૧ પુત્ર ૨ પુત્રીએ માતાની મમતા ગુમાવતા પરિવાર અરેરાટી વ્યાપી હતી આ અંગે ધજાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

## સુત્રાપાડાના સુંદરપરા ટોલટેક્સનો વિવાદ હિંસક બન્યો

# ફરિયાદ નોંધાવી પરત ફરતા ટોલ પ્લાઝાના મેનેજર અને સુપરવાઈઝર પર પાઈપ-છરીથી હુમલો

## "જગમાલભાઈ વાળા વિરુદ્ધ ન્યૂઝમાં કેમ આપ્યું, ફરિયાદ કેમ કરી?" કહી માર માર્યો, ૧૫ સામે નોંધાવી ફરિયાદ, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક,રામસિંહ મોરી સુત્રાપાડા**

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકામાં સુંદરપરાના ટોલટેક્સના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે. ટોલનાકાના મેનેજર અને સુપરવાઈઝર સુત્રાપાડા પોલીસ સ્ટેશનમાં અગાઉની માથાકૂટની ફરિયાદ નોંધાવી પરત સુંદરપરા ટોલનાકા જઈ રહ્યા હતા ત્યારે બીજ ગામના પાટિયા નજીક દ્વારકેશ હોટલ બાદના માર્ગ પર ત્રણ ફોરવ્હીલ કારમાં આવેલા આશરે ૧૫ શખ્સોએ તેમની કારને આંતરી લાકડીઓ, ધોકા, લોખંડના પાઈપ અને છરી જેવા હથિયારો વડે હુમલામા મેનેજર રાજેશભાઈ મરંડ અને સુપરવાઈઝર કમલેશભાઈ જોટવાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે

ફરિયાદ મુજબ, સુંદરપરા ટોલ પ્લાઝાના મેનેજર રાજેશભાઈ શાંતીલાલ મરંડ (ઉ.વ.૨૫) અને સુપરવાઈઝર કમલેશભાઈ કાનાભાઈ જોટવા તા. ૦૧/૧૦/૨૦૨૬ના રોજ રાત્રિના સમયે કાર (ઋઉ-૧૨-ઋઅ-૧૦૮૮)માં સુત્રાપાડા પોલીસ સ્ટેશન ખાતે ટોલનાકા પર બનેલી અગાઉની ઘટનાની ફરિયાદ નોંધાવી પરત જઈ રહ્યા હતા. દરમિયાન બીજ ગામના પાટિયા પહેલાં દ્વારકેશ હોટલ બાદના રસ્તા પર સામેથી આવેલી સ્કોર્પિયો, અર્ટિગા અને બ્રેઝા સહિત ત્રણ કાર તેમની કારની આડે ઊભી રાખી હતી. ત્યારબાદ ત્રણેય કારમાંથી આશરે ૧૫ જેટલા શખ્સો લાકડીઓ, ધોકા, પાઈપ અને છરી સાથે નીચે ઉતરી આવ્યા હતા કારને ઘેરી કારમા હથિયારોના ઘા મારી કાચ તોડી નાખ્યા હતા. શિવમ ટ્રાન્સપોર્ટના પ્રોપ્રાઈટર જગમાલભાઈ વાળા "જગમાલભાઈ વાળા વિરુદ્ધ ન્યૂઝમાં કેમ આપ્યું અને તેમના માણસો વિરુદ્ધ ફરિયાદ કેમ કરી? તેમ કહી મૈનેજર તથા સુપરવાઈઝરને માર મારવામાં આવ્યો હતો.

સુપરવાઈઝર કમલેશભાઈએ બૂમાબૂમ કરતાં જાહેર માર્ગ પરથી પસાર થતાં વાહનોના કારણે લોકો એકત્ર થતા હુમલાખોરો વધુ માર માર્યા વગર પોતાની ત્રણેય કારમાં બેસી ફરાર થઈ ગયા હતા.આ સમગ્ર મામલે રાજેશભાઈ મરંડ આહિરે આશુતોષ જગમાલભાઈ વાળા, દિલિપભાઈ ડાયાભાઈ જેઠવા, મિલનભાઈ માલદેભાઈ વાળા, મહેશભાઈ પીઠીયા, કિશનભાઈ પરબતભાઈ વાળા સહિત અન્ય અજાણ્યા દસ શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. જાહેર માર્ગ પર હથિયારો સાથે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાની આ ઘટનાને પગલે ટોલનાકા સાથે જોડાયેલા વિવાદમાં હવે પોલીસ તપાસ હાથ ધરી હતી.

# જસદણના ખેડૂત સાથે રેસ્ટોરેન્ટમાં ભાગીદારીના બહાને રૂ.૩.૫૪ લાખની છેતરપિંડી

## હોટેલ સંચાલક શુભમ રાખોલીયાએ દવાખાનાના કામે પૈસાની જરૂર હોવાનું જણાવ્યુ : એક મુલાકાતમાં જ મિત્ર બનેલા શખ્સ પર ભરોસો મુકવો ભારે પડ્યો

**અબતક, રાજકોટ**

જસદણના ખેડૂતને રેસ્ટોરેન્ટમાં ભાગીદાર બનાવવાના બહાને રૂ. ૩.૫૪ લાખની ઠગાઈ આચારવામાં આવી હતી. એક મુલાકાતે મિત્ર થયેલ હોટેલ સંચાલકે દવાખાનાના કામે પૈસાની જરૂર છે કહી યુવકને ભાગીદાર બનાવી ફસાવી રૂપીયા પડાવી હાથ ઊંચા કરી દીધાની સાથે ધમકી પણ આપી હતી. બનાવ અંગે જસદણના ગઢડિયા રોડ પર રહેતાં ભાવીનભાઈ શાંતીભાઈ છાયાણી (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે શુભમ ગીરધર રાખોલીયા (રહે. જસદણ) નામના શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે.

એકાદ વર્ષ પહેલા તેઓને ચીતલીયા કુવા રોડ ખાતે એઈટ-ઈલેવન સાઉથ ઈન્ડીયન ચાઈનીઝ હોટલના માલિક શુભમ રાખોલીયા સાથે મુલાકાત થયેલ બાદ બે દિવસ પછી ફરીથી તેની હોટલે ગયેલ ત્યારે શુભમ રાખોલીયાએ વાત કરેલ કે, મારે હાલ દવાખાનાના કામે પૈસાની જરૂરીયાત છે, તમે મને પૈસાની સગવડ કરી આપો તો હુ તમને હોટલમા ૫૦% ભાગીદારી આપીશ. જેથી પૈસા બાબતે પુછતા તેઓએ કહેલ કે, મે રૂ.૬.૫૦ લાખનું રોકાણ કરેલ છે. જેથી તમે રૂ.૩.૩૦ લાખ આપો એટલે તમારી પણ ભાગીદારી ગણાશે અને નફાનો હિસાબ દર મહિને કરીશુ.

જે બાદ ફરીયાદીએ મિત્ર ધવલ દિનેશભાઈ હિરપરાને હોટલમા ભાગીદારી માટે વા ત કરતા તેઓએ સહમતી આપેલ જેથી બન્નેએ રૂ.૩.૩૦ લાખ ભેગા કરી શુભમ રાખોલીયાને આપેલ અને જે બાબતનુ રૂ.૩૦૦ ના સ્ટેમ્પમા લખાણ કરેલ હતુ. બાદ મહિનો પુરો થતા પંદર દિવસનો હિસાબ કરેલ જેથી ખર્ચાના રૂ.૨૪ હજાર શુભમ રાખોલીયાને આપેલ હતાં. હોટલ બરાબર ચાલતી હતી. બાદ મહિનો પુરો થતા હિસાબની વાત કરેલ તો તે આજકાલ કરતો હોય જેથી ફરીયાદી અને તેના મિત્રએ શુભમને કહેલ કે રૂ.૩.૫૪ લાખ હોટલમા આપેલ છે. અમારે ભાગીદારી રાખવી નથી. થોડા સમયમા એટલે કે બે મહિનામા અમારા પૈસા અમને પરત કરી દેવાનુ જણાવેલ હતું.

આ શુભમ રાખોલીયાએ છ મહિના સુધી હોટલ ચલાવેલ પરંતુ પૈસા બાબતે હોટલે જતા વાયદાઓ આપેલ અને છેલ્લે બોલાચાલી કરી ગાળો આપેલ અને કહેલ કે, હવે હોટલ ખાતે આવશો તો જીવતા રહેવા દઈશ નહી. બાદ રાત્રીના ઘરે આવેલ અને ગાળો બોલી યુવક અને તેના પરિવારને મારી નખવાની ધમકી આપી જતો રહેલ હતો .બાદ અન્ય માણસો દ્વારા શુભમને બેઠક કરી પૈસા આપવાનુ કહેલ પરંતુ આજ સુધી રૂ. ૩.૫૪ લાખ પરત ન કરી છેતરપીંડી આચરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે છેતરપીંડી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

## નાણાં મેળવી ધંધામાંથી નફો કે મૂડી પણ પરત ન આપી, ઉઘરાણી કરતા ખૂનની ધમકી આપી, ગુનો નોંધાયો

# વિરપુર નજીક કાગવડના પાટીયા પાસે બાઈક સ્લીપ થતા યુવકનું મોત

## પાર્સલ લઈને પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત : અપરણિત યુવકના મોતથી પરિવારમાં આક્રંદ છવાયો

**અબતક રાજકોટ**

જુનાગઢ હાઈવે પર કાગવડ ગામ ના પાટીયા પાસે સીએનજી પમ્પ થી આગળ ૨૮ વર્ષીય યુવકનું કોઈ કારણોસર બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગભીર ઈજા થતા થઈ હતી જેથી તાત્કાલિક પ્રથમ વિરપુર બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ગત રાત્રે તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ થતા વિરપુર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો મૃતક પોતે વીરપુરનો રહેવાસી અને પાર્સલ લઈને આવતો હતો ત્યારે દુર્ઘટના સર્જાય હતી આ અંગે મળતી માહિતી મુજબ જૂનાગઢના વીરપુર શહેરમાં ભૂલેશ્વરનગરમાં રહેતા રોહિતભાઈ ધીરુભાઈ જમોડ ઉંમર વર્ષ ૨૮ વર્ષીય યુવક ગત તા ૧ ના રોજ બપોરે ૧ વાગે બાઈક લઈને કાગવડ ગામના પાટીયા પાસે સીએનજી પેટ્રોલ પંપ ની આગળ કોઈ કારણોસર યુવકનું



બાઈક સ્લીપ થઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી જેથી તાત્કાલિક તેમને સારવાર અર્થે પ્રથમ વીરપુર બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન યુવકે દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા વીરપુર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે બાઈક લઈને પાર્સલ લઈ ને પરત ફરતી વેળાએ બાઈક સ્લીપની દુર્ઘટના સર્જાય હતી મૃતક પોતે શ્રમિક કામ કરતો અને બે ભાઈ માં મોટો અને અપરણિત યુવકના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગ વીરપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# ભેંસાણના પરબવાવડી ગામે તસ્કરોએ મંદિર તોડ્યું: રૂ.૧.૪૭ લાખના મુદામાલની ચોરી

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

ભેસાણના પરબવાવડી ગામે તસ્કરોએ મંદિરને નિશાન બનાવી, મંદિર તોડી, સોના - ચાંદીમાં સતર, અને દાન પેટીની રોકડ સહિત કુલ રૂ. ૧.૪૭ લાખના મુદામાલની ચોરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ભેસાણ તાલુકાના પરબવાવડી ગામે આવેલ સાકરીયા પરીવારના ખોડીયાર માતાજીના મંદિરમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે મંદીરના દરવાજાના તાળાના હુક તોડી, મંદીરની અંદર પ્રવેશ કરી, મંદીરમાંથી ચાંદીના નાના-મોટા સત્તર નંગ-૮ જેનો કુલ વજન આશરે ૨.૨૦૦ કિ.ગ્રામ જેની આશરે કિ.રૂ.૧,૦૦,૦૦૦ તથા સોનાનુ નાનુ સત્તર એક જેનો વજન આશરે ૫ ગ્રામ તથા સોનાનો દાણો જેનો વજન આશરે ૧ ગ્રામ જે સોનાનુ સત્તર તથા સોનાના દાણાનો કુલ વજન ૬ ગ્રામ જેની આશરે કિ.રૂ.૪૦,૦૦૦ તથા બન્ને દાન પેટીઓના રોકડા રૂ. આશરે ૭૦૦૦ મળી કુલ રૂ. ૧,૪૭,૦૦૦ ના મુદામાલની કોઈ અજાણ્યો ચોર ઈસમ ગત તા. ૧૮/૦૯/૨૬ ના રાત્રિના સમયે ચોરી કરી લઈ ગયાની જયરાજભાઈ વાલજીભાઈ સાકરીયા એ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ભેસાણ પી.આઈ. એફ.બી. ગગનીયા એ ચોરીનો ભેદ ઉકેલવા ઝીણવટ ભરી તપાસ હાથ ધરી છે.

# અમરેલીના મોટા ગોખરવાળામાં દુર્લભ રેડ સેન્ડ બોવા સાપનું રેસ્ક્યુ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



ખેડૂતના રહેણાંક મકાનમાં નીકળેલા સાપને વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટના કાર્યકરે સુરક્ષિત રીતે પકડી જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો અમરેલીના મોટા ગોખરવાળા ગામે ખેડૂત ભરતભાઈ જોગાણીના રહેણાંક મકાનમાં દુર્લભ ગણાતો રેડ સેન્ડ બોવા સાપ નીકળતા પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જાણ થતાં વૃંદાવન ગૌ સેવા ટ્રસ્ટના હાર્દિકભાઈ સરવૈયા તાત્કાલિક સ્થળ પર પહોંચી સાપનું સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી તેને સલામત સ્થળે મુક્ત કર્યો હતો.

# સુરેન્દ્રનગરમાં ભોગાવો નદીના કાંઠે મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## રૂ.૧૨૫૮૫ની કિંમતની ૭૪ બોટલ દારૂ કબ્જે કર્યો: નાસીર ઉર્ફે સબીર માલાણીની શોધખોળ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એ.એસ.પી. વેદિકા બિહાની અને સ્કવોડની ટીમ દ્વારા શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જેમાં જોરાવરનગર પોલીસ મથકની હદમાં આવેલ રતનપર રહેમતનગર પાછળ શાંતિનગર ભોગાવો નદીના કાંઠે આવેલ રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમીના આધારે રેઈડ કરી ઈંગ્લીશ દારૂ અને બિયરની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ ૭૪ કિંમત રૂ.૧૨૫૮૫ નો મુદામાલ કબજે કર્યો હતો. જ્યારે સ્થળ પર આરોપી નાસીર ઉર્ફે સબીર કાસમભાઈ માલાણી હાજર મળી નહી આવતા જોરાવરનગર પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં મંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં સુરજબાગ ખુલ્લો મુકાયો

## ચિલ્ડ્રન પ્લે એરિયા, સ્કેટિંગ રિંગ સહિતની આધુનિક સુવિધાઓથી રૂા. ૧.૭૫ કરોડના ખર્ચે બનેલ બગીચાનું લોકાર્પણ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના સુરજબાગનું અંદાજે રૂ.૧.૭૫ કરોડના ખર્ચે રિડેવલપમેન્ટ કરવામાં આવ્યા બાદ ગાંધી જયંતિના દિવસે રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકાયો હતો. બગીચામાં જોગિંગ-વોકિંગ ટ્રેક, યોગા ઝોન, ચિલ્ડ્રન પ્લે એરિયા, સ્કેટિંગ રિંગ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.





મોરબીના સુરજબાગનું અંદાજે રૂ.૧.૭૫ કરોડના ખર્ચે પુનઃવિકાસ કરી ગાંધી જયંતિના દિવસે રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં વિધિવત રીતે ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે મોરબી મહાનગરપાલિકા કમિશનર સંગીતા રૈયાણી, મેયર ઉત્તમ સુરાણી, સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો, કોર્પોરેટરો સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરજબાગમાં આરોગ્ય અને મનોરંજનને ધ્યાનમાં રાખી સિન્થેટિક જોગિંગ-વોકિંગ ટ્રેક, વિશાળ યોગા ઝોન, ગઝેબો અને બેન્ચીસ, બાળકો માટે ચિલ્ડ્રન પ્લે એરિયા તથા સ્કેટિંગ રિંગ સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. ઉપરાંત લેન્ડસ્કેપિંગ, હરિયાળી અને જાહેર શૌચાલયની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.

નવા સ્વરૂપમાં તૈયાર થયેલો સુરજબાગ મોરબીવાસીઓ માટે કસરત, હરવા-ફરવા અને પરિવાર સાથે સમય વિતાવવા માટે ઉપયોગી જાહેર સ્થળ બનશે. જોકે, તેની જાળવણી માટે મહાપાલિકા તંત્રની સાથે નાગરિકોની પણ જવાબદારી રહેશે.

# 'હું ચૂંટણી લડવાનો નથી, પક્ષના ઉમેદવાર માટે મત માંગવા જઈશ': કોંગ્રેસ નેતા લલીત કગથરા

## મોરબી જીલ્લા કોંગ્રેસની બેઠકમાં આગામી ચૂંટણી, માર્કેટિંગ યાર્ડના પરિણામો અને ખેડૂત આંદોલન અંગે ચર્ચા-વિચારણા

**અબતક, ઋષી મહેતા,મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસની મહત્વપૂર્ણ બેઠકમાં આગામી વિધાનસભા ચૂંટણી, સંગઠનાત્મક તૈયારીઓ, માર્કેટિંગ યાર્ડના પરિણામો અને ખેડૂત આંદોલન સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. દરમિયાન કોંગ્રેસના નેતા લલિત કગથરાએ ફરી એક વખત ચૂંટણી નહીં લડવાની સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, પક્ષ જે ઉમેદવાર નક્કી કરશે તેના માટે તેઓ મત માંગવા જશે.



મોરબી ખાતે આજે એક ખાનગી હોલમાં જીલ્લા કોંગ્રેસની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોંગ્રેસના નેતા લલિત વસોયા, લલિત કગથરા સહિત જીલ્લા અને શહેર કોંગ્રેસના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ કેટલાક તાલુકા પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં કોંગ્રેસના આગામી કાર્યક્રમો, આવનારી વિધાનસભા ચૂંટણીને લઈને સંગઠનાત્મક તૈયારીઓ, તાજેતરમાં માર્કેટિંગ યાર્ડમાં આવેલા પરિણામો અને મોરબી જીલ્લામાં ચાલી રહેલા ખેડૂત આંદોલન સહિતના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# મોરબીના ચરાડવા ગામે ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે સોમવારે 'પદ્મશ્રી ડો.એચ.એલ.ત્રિવેદી પુસ્તકાલય'નું લોકાર્પણ

## પુસ્તકાલય ગામના વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રામજનો માટે જ્ઞાન, વાંચન અને સંસ્કારની જયોત પ્રજવલિત કરશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગામે આગામી ૫ ઓક્ટોબર સોમવારે સાંજે ૪ વાગ્યે ભાગવતાચાર્ય રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી)ના પાવન હસ્તે 'પદ્મશ્રી ડો.એચ. એલ. ત્રિવેદી પુસ્તકાલય'નું લોકાર્પણ યોજાશે. પદ્મશ્રી ડો.જગદીશભાઈ ત્રિવેદી દ્વારા નિર્મિત આ ૧૧મું પુસ્તકાલય ગામના વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રામજનો માટે જ્ઞાન, વાંચન અને સંસ્કારનું કેન્દ્ર બનશે.






મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ચરાડવા ગામે આગામી ૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે ૪ વાગ્યે એક વિશેષ લોકાર્પણ સમારોહ યોજાશે. ચરાડવાના પનોતા પુત્ર અને કિડની ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનાર પદ્મશ્રી ડો. એચ. એલ. ત્રિવેદીની સ્મૃતિને ચિરંજીવ રાખવાના હેતુથી તેમના નામે નિર્મિત પુસ્તકાલયનું લોકાર્પણ પૂજ્ય રમેશભાઈ ઓઝાના હસ્તે કરવામાં આવશે. પદ્મશ્રી ડો. જગદીશભાઈ ત્રિવેદી દ્વારા નિર્મિત આ ૧૧મું પુસ્તકાલય છે. પુસ્તકાલયનું નિયમિત સંચાલન જય શ્રીરામ ગૌશાળા, ચરાડવા દ્વારા કરવામાં આવશે. આ પુસ્તકાલયનો લાભ વધુમાં વધુ વિદ્યાર્થીઓ, યુવાનો અને ગ્રામજનો સુધી પહોંચે તથા આસપાસના વિસ્તારમાં વાંચન અને જ્ઞાનની સંસ્કૃતિ મજબૂત બને તેવા પ્રયાસો કરવામાં આવશે.

# માળીયા(મી) નજીક બંધ ટ્રક પાછળ બલ્કર વાહન ઘૂસી જતાં ચાલકનું મોત

## ટાયર ફાટતાં હાઈવે પર ટ્રક ઉભો હતો, પાછળથી બલ્કરે ટક્કર મારતાં કચ્છના ચાલકનું સ્થળ ઉપર મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) નજીક કંડલા-મોરબી નેશનલ હાઈવે પર દેવ સોલ્ટ નજીક બંધ પડેલા ટ્રક-ટ્રેલરના પાછળના ભાગે બલ્કર વાહન અથડાતા તેના ચાલક ઈસ્માઈલ સુમરાનું મોત થયું હતું. બનાવ અંગે ટ્રકના ચાલકની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે બલ્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, ગત તા.૧ ઓક્ટોબરની રાત્રે સામખીયાળીથી કુરંગા તરફ મીઠું ભરેલો ટ્રક-ટ્રેલર લઈ જઈ રહેલા ડ્રાઈવર મદનસિંહ રતનસિંહ રાવત ઉવ.૩૧ રહે. લક્ષ્મીપુરા ગામ તા.આસીન્દ જી.ભીલવાડા રાજસ્થાન વાળા માળીયા(મી) નજીક દેવ સોલ્ટ પાસે પહોંચતા ટ્રક ટાયર ફાટવાથી બંધ પડી ગયો હતો. જેથી ટ્રકની પાર્કિંગ લાઈટ ચાલુ કરી ડ્રાઈવર તથા કલીનર પાછળના ભાગે ઉભા રહી આવતા વાહનોને સાઈડમાં જવા ઈશારા કરતા હતા. આ દરમિયાન જીજે-૧૨-બીવાય-૯૬૬૬ નંબરનું બલ્કર વાહન ટ્રક-ટ્રેલરના પાછળના ભાગે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માતમાં બલ્કર ચાલક ઈસ્માઈલ હાસમ સુમરા ઉવ.૩૨ રહે. ડુમરા ગામ તા.અબડાસા જી.કચ્છ વાળાને ગંભીર ઈજા થતાં માળીયા સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મોતના બનાવ અંગે માળીયા(મી) પોલીસે મૃતક બલ્કર વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં 'પાટીદાર પરીંદે મંડળી' રાસ યોજાશે

## નવ દિવસ માતાજીના ગરબા બાદ પાટીદાર નવરાત્રી મહોત્સવમાં પાસધારક ખેલૈયાઓ માટે આયોજન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં શહીદ જવાનોના પરિવારોના લાભાર્થે યોજાતા પાટીદાર નવરાત્રી મહોત્સવમાં આ વર્ષે સિઝન પાસધારક ખેલૈયાઓ માટે 'પાટીદાર પરીંદે' મંડળી રાસનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના નવ દિવસ માતાજીના ગરબા પૂર્ણ થયા બાદ દરરોજ મંડળી રાસ યોજાશે.



મોરબીમાં અજય લોરિયા દ્વારા સંચાલિત 'સેવા એજ સંપત્તિ' ફાઉન્ડેશન દ્વારા શહીદ જવાનોના પરિવારોના લાભાર્થે પાટીદાર નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ મહોત્સવમાં દર વર્ષે ખેલૈયાઓ માટે કંઈક નવું આયોજન કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે સિઝન પાસધારક ખેલૈયાઓ માટે વિશેષ આકર્ષણરૂપે 'પાટીદાર પરીંદે' (મંડળી રાસ)નું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના નવ દિવસ દરમિયાન દરરોજ રાત્રે માતાજીના ગરબા પૂર્ણ થયા બાદ મંડળી રાસ યોજાશે. આ વિશેષ આયોજનનો લાભ માત્ર સિઝન પાસ ધરાવતા ખેલૈયાઓ જ લઈ શકશે, તેમ આયોજકોની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી: સશસ્ત્ર દળ સન્માન સમારોહમાં પ્રભારી મંત્રીએ સૈનિકોની વિરતા અને બલિદાનને કર્યા વંદન

## વીર સૈનિકો અને તેમના પરિવારોનું કરાયું ભાવાંજલિસભર સન્માન

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિરપર સ્થિત નવયુગ સંકુલ ખાતે જીલ્લા પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાની ગરિમામય ઉપસ્થિતિમાં 'સશસ્ત્ર દળ સન્માન સમારોહ'નું પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું.



યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર અને મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ સમારંભ પ્રસંગે મંત્રીના વરદહસ્તે દેશની સરહદોનું અહર્નિશ રક્ષણ કરનાર વીર સૈનિકો અને તેમના પરિવારજનોનું સાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન એનાયત કરી ભાવાંજલિસભર સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રી ત્રિકમભાઈ છાંગાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં વીર જવાનોના અપ્રતિમ સમર્પણ, શૌર્ય અને દેશભક્તિને બિરદાવતા જણાવ્યું હતું કે, માતૃભૂમિની રક્ષા કાજે રાત-દિવસ કાર્યરત સૈનિકો અને તેમના પરિવારજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે. તેમણે માતૃભૂમિની સેવા કાજે સપૂતો આપનાર વીર માતા-પિતાને પણ ભાવપૂર્વક વંદન કર્યા હતા. ભારતના સાંસ્કૃતિક અને વૈશ્વિક ઉત્થાનમાં યુવાનોની ભૂમિકા સ્પષ્ટ કરતા મંત્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં યુવાશક્તિને સક્રિય ભાગીદાર બનવા હાકલ કરી હતી.

આ સમારોહમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીલ્લા કલેક્ટર સ્વપ્નિલ ખરે, જીલ્લા વિકાસ અધિકારી વિદ્યાસાગર, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, અગ્રણી જયંતીભાઈ પટેલ, સ્થાનિક પદાધિકારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ, સૈનિક પરિવારજનો અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં ૧૦ દિવસીય પ્રાદેશીક મેળાનો પ્રભારી મંત્રીના હસ્તે પ્રારંભ

## રાજ્યના ૩૩ જીલ્લાની સખી મંડળની બહેનોના ૫૫ સ્ટોલ થકી હસ્તકલા અને ગૃહઉદ્યોગની ચીજવસ્તુઓનું કરાશે સીધું વેચાણ

**અબતક, ઋષી મહેતા,મોરબી**

ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ હેઠળ રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત મોરબી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આયોજિત ૧૦ દિવસીય 'પ્રાદેશિક મેળો-૨૦૨૬'નો જીલ્લા પ્રભારી મંત્રી ત્રિકમભાઈ છાંગાએ શુભારંભ કરાવ્યો હતો. મંત્રીના હસ્તે મોરબી જીલ્લાના ૧૦ સખી મંડળોને રૂ. ૩૦.૬૫ લાખના સી.સી. લોનના ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. જ્યાં મંત્રીએ સખી મંડળોની બહેનોને અભિનંદન પાઠવી તેમની સાથે સંવાદ કર્યો હતો.



મોરબીના શનાળા રોડ પર રત્નકલા ગ્રાઉન્ડ ખાતે તા. ૦૧ થી ૧૦ ઓક્ટોબર સુધી યોજાનાર આ મેળાનું ઉદ્ઘાટન કરી મંત્રી સહિતના મહાનુભાવોએ સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલી કલાત્મક પ્રોડક્ટ્સના સ્ટોલ્સની મુલાકાત લઈ બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ પ્રાદેશિક મેળામાં રાજ્યના ૩૩ જીલ્લાઓમાંથી ૧૫૦ થી ૨૦૦ જેટલી સખી મંડળની બહેનો ભાગ લઈ રહી છે. જેમાં હેન્ડલૂમ, હેન્ડીક્રાફ્ટ, ગૃહસુશોભન, બાંધણી, દોરી વર્કની બનાવટો, સીઝનેબલ મસાલા અને અથાણાં સહિતની ચીજવસ્તુઓના ૫૦ સ્ટોલ તેમજ વાનગીઓના ૫ ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. બહેનોને આજીવિકા માટે યોગ્ય બજાર વ્યવસ્થા મળે અને મહિલા સશક્તિકરણને વેગ મળે તે માટે આયોજિત આ મેળાની વધુને વધુ નાગરિકો મુલાકાત લઈ ખરીદી કરે તે માટે વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ શુભારંભ પ્રસંગે ધારાસભ્ય દુર્લભજી દેથરીયા, જીલ્લા કલેક્ટર સ્વપિનલ ખરે, જીલ્લા વિકાસ અધિકારી વિદ્યાસાગર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નવલદાન ગઢવી અને પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા નગરપાલિકા પૂર્વ પ્રમુખ ચિરાગ જોષીનો જન્મદિવસ



રાજુલા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ વિદ્યાર્થી નેતા ચિરાગ જોષીનો આજે જન્મદિવસ છે. તેઓ ગાયને ઘાસચારો અને ચણદાન કરી જન્મદિવસની ઉજવણી કરી રહ્યા છે. તેમના સગા-સંબંધીઓ દ્વારા મો.નં.૯૮૨૪૨ ૧૭૨૫૨ પર શુભેચ્છાવર્ષા પાઠવી રહ્યા છે.

# સાસણ સફારીમાં સિંહ દર્શન વ્હેલું શરૂ નહીં થાય

## પાર્ક શરૂ કરવા માટે નોટિફિકેશન મળ્યું નથી : ડીસીએફ અગ્નેશ્વરકુમાર વ્યાસ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સાસણ સફારી પાર્કમાં સિંહ દર્શન વહેલું શરૂ થવાની વાતો પર હાલ પૂરતું પૂર્ણવિરામ મુકાઈ ગયું છે, હોટલ એશોની મિટિંગમાં વનમંત્રી મોઢવાડીયા એ સફારી પાર્ક વહેલું શરૂ કરવા આપેલ હકારાત્મક પ્રતિભાવ બાદ, સ્થાનિક વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો, પરંતુ સાસણ વન્ય પ્રાણી વિભાગના ડીસીએફ અગ્નેશ્વરકુમાર વ્યાસના જણાવ્યા મુજબ, આ બાબતે ઉપરથી કોઈ નોટિફિકેશન મળ્યું નથી.

હોટલ એસોસિએશન સાથે યોજાયેલી વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાની બેઠકમાં એસો. દ્વારા સાસણની સફારી પાર્ક સિંહ દર્શન માટે વહેલું ખોલવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી, જે અંગે વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા એ જે તે વખતે હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. જેને લઈને સાસણના હોટલ, રિસોર્ટના માલિકો, નાના મોટા વેપારીઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો, અને આજે તા. ૩ થી સફારી પાર્ક શરૂ થઈ જશે તેવી રાહ હતી.

દરમિયાન ગત તારીખ એક ના રોજ રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી માળી જુનાગઢ ખાતે આવ્યા હતા અને પત્રકાર ના પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે સફારી પાર્ક વહેલું શરૂ કરવામાં આવે તેવું હાલમાં વિચારણાથી ન છે પરંતુ હજુ નિર્ણય આવેલ નથી ત્યારે જ આ બાબત ઉપર અલ્પવિરામ મુકાઈ ગયું હતી.

દરમિયાન ગઈકાલે સાસણના વન્ય પ્રાણી વિભાગના ડીસીએફ અગ્નેશ્વરકુમાર વ્યાસ એ જણાવ્યું હતું કે, ગાંધીનગર ઉચ્ચ કચેરી સફારી પાર્ક શરૂ કરવા માટે કોઈ નોટિફિકેશન મળ્યું નથી, જેથી હાલના તબક્કે સફારી પાર્ક વહેલું શરૂ નહીં થાય. અને જો ઉપલી કચેરી દ્વારા નોટિફિકેશન આવશે તો, વન વિભાગની સતાવાર વેબ સાઈડ ઉપર મુકવામાં આવશે અને સફારી માટેની ઓન લાઈન પરમિટ બુક કરવાનું શરૂ થશે.

# વાંકાનેરમાં હઝરત ગાજી પીરનો ઉર્ષ મુબારક

## મિલાદ, જૂલુસ, સંદલ શરીફ અને આમ ન્યાઝના કાર્યક્રમોનું આયોજન

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં ઈસ્લામીક મહિના રબી ઉલ આખિરના મુબારક ચાંદ, હિજરી સન ૧૪૪૮ની નિમિત્તે વાંકાનેરમાં હઝરત ગાજી પીર (ર.અ.)ના ઉર્સ મુબારકની ઉજવણી કરવામાં આવી રહી છે. ઉર્સના પવિત્ર પ્રસંગે કાર્યક્રમોની શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામા લોકો ઉપસ્થિત રહેશે.

મુખ્ય કાર્યક્રમો આજે બપોરે ૩ વાગ્યે ઝુલુસ ત્યાર બાદ સાંજે ૫ વાગ્યે સંદલ શરીફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સાંજે ૭ વાગ્યે આમ ન્યાઝનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ કાર્યક્રમોનું સ્થળ મોમીન કબ્રસ્તાન, આરોગ્ય નગર, ભારત ઓઈલ મિલની સામે રહેશે.

# જૂનાગઢ: ધારાશાસ્ત્રીઓ અદાલતની કાર્યવાહીથી અળગા રમ્યા રહ્યા

## ગુજરાત ભાડા વિધેયક સામે વિરોધ નોંધાવી અગાઉ સુત્રોચ્ચાર કરાયા હતા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાતમાં નવા ભાડા વિધાયકને લઈને જૂનાગઢ બાર એસોસિએશનના ધારાશાસ્ત્રીઓ અદાલતી કાર્યવાહીથી કામગીરી અળગા રહ્યા હતા.

સરકાર દ્વારા ગુજરાત વિધાનસભામાં ભાડા, વિધાયક પસાર કરવામાં આવ્યું છે, જેને લઈને ધારાશાસ્ત્રીઓમાં ભારે નારાજગી ફેલાઈ છે, અને ભાડા સંબંધિત વિવાદમાં પરંપરાગત સિવિલ- સ્મોલ કોઝ કોર્ટની ભૂમિકા અને નવી વ્યવસ્થામાં સત્તાના વિતરણને લઈને રોષ ભભૂક્યો છે. જેનો વિરોધ નોંધાવતા ગુરુવારના રોજ જુનાગઢ બાર એસોસિએશનના ધારાસભ્યો દ્વારા એક રેલી યોજવામાં આવી હતી. અને સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. આ સાથે તા. ૩ ના રોજ જુનાગઢ બાર એસોસિએશનના ધારાશાસ્ત્રીઓ અતિ ઈમર્જન્સી સિવાયની અદાલતિ કાર્યવાહીથી અળગા રહેશે તેવો ઠરાવ પસાર કરાયો હતો.

# મોરબીના રોયલ પાર્કનાં મકાનમાંથી ડિફેન્સ પર્સનને મળતો દારૂ ઝડપાયો

## રૂ.૧.૪૨ લાખથી વધુની કિંમતની ૩૪ બોટલ સાથે રઘુવિરસિંહની ધરપકડ: મકાનમાલિકની શોધખોળ

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી નવલખી રોડના રોયલ પાર્કમાં ડિફેન્સ પર્સન માટેનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સાથે પોલીસે રૂ.૧,૪૨,૭૦૦/-ની કિંમતની મોંઘીદાટ વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૩૪ બોટલ કબજે કરી એક આરોપીની અટકાયત કરી છે, મોરબી સીટી એ ડિવિઝન પોલીસને મળેલી બાતમીના આધારે નવલખી રોડ પર રોયલ પાર્કમાં વરૂણદાન નવલદાન ગઢવીના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. મકાનની તપાસ દરમિયાન પુઠાના બોક્સ તથા થેલાઓમાંથી અલગ-અલગ બ્રાન્ડની ૭૫૦ એમએલ.ની કુલ ૩૪ સીલબંધ બોટલ જેમાં બ્લેન્ડર પ્રાઈડ, જેમસન, બ્લેક એન્ડ વ્હાઈટ, બ્લેક ડોગ, જોની વોકર, ૧૦૦ પાઈપર્સ અને ડેવર્સ સહિત વિદેશી દારૂ કિ.રૂ.૧,૪૨,૭૦૦/- મળી આવ્યો હતો. આ દરમિયાન મકાનમાં હાજર આરોપી રઘુવિરસિંહ દાદુભાઈ ભગવતસંગ બારહટ ઉવ.૪૦ રહે. કુબેરનગર મેઈન શેરી હેતુ પાનની બાજુમાં ભાડાના મકાનમાં મૂળ વિરવિદરકા તા.માળિયા(મી) વાળાની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ પૂછપરછમાં પકડાયેલ આરોપી રઘુવિરસિંહે આ દારૂ પોતે અને મકાનમાલિક વરૂણદાન ગઢવી ભાગીદારીમાં વેચાણ કરવા લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે રઘુવિરસિંહની અટકાયત કરી હતી, જ્યારે વરૂણદાન ગઢવીની શોધખોળ હાથ ધરી હતી.

# મોરબી: બે બાઈક વચ્ચે અકસ્માતમાં બાળકીનું મોત

## પાછળથી પુરઝડપે આવેલ બાઈકે ટક્કર મારતા પિતા-પુત્રી રોડ પર પટકાયા સારવારમાં માસુમે દમ તોડયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના મહેન્દ્રનગર-હળવદ રોડ પર ઈન્ડિયન ઓઈલ પંપ નજીક બે મોટરસાયકલ વચ્ચે અકસ્માતમાં ૯ વર્ષીય બાળકીનું સારવાર દરમિયાન મોત થયું હતું. મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં દેવ પાર્ક સોસાયટીમાં રહેતા કાર્તિકભાઈ જયંતીભાઈ જલાલજી ઉવ.૪૭ ગઈ તા.૩૦ સપ્ટેમ્બરની રાત્રે પોતાની ૯ વર્ષીય પુત્રી દિવ્યા સાથે મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન હળવદ રોડ પર ઈન્ડિયન ઓઈલ પંપ પાસે પાછળથી આવેલ જીજે-૩૬-એએમ-૭૩૪૨ નંબરના મોટરસાયકલના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આવી કાર્તિકભાઈના મોટરસાયકલ રજી.નં. જીજે-૦૧-ઈએલ-૨૫૨૨ ને ટક્કર મારતા બંને પિતા-પુત્રી રોડ પર પટકાયા હતા.

અકસ્માતમાં પિતા કાર્તિકભાઈને પણ ઈજા થઈ હતી, જ્યારે પુત્રી દિવ્યાને માથા સહિતના ભાગે ગંભીર ઈજા થતાં રાજકોટ સારવાર માટે ખસેડાઈ હતી. જ્યાં ગત તા.૧ ઓક્ટોબરે સારવાર દરમિયાન દિવ્યાનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે આરોપી મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વ્હીકલ એક્ટની કલમ હેઠ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના કનેસરા ગામે પ્રૌઢએ ઝેરી દવા પી કર્યો આપઘાત

## સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો: ભાડલા પોલીસે વધુ તપાસ આદરી

**અબતક રાજકોટ**

જસદણ તાલુકાના કનેસરા ગામે વાડી વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય પ્રૌઢે ગત તા ૨૬ ના રોજ પોતે વાડી હતા ત્યારે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈ કાલે પ્રૌઢે સારવારમાં દમ તોડ્યો હતો આ અંગે મૃતકને કેફી પ્રદાર્થ વ્યશન છોડવાનું કહેતા મનમાં લાગી આવતા આપઘાત કર્યો હોવાની માહિતી મળી રહી છે

**પરિવારે કેફી પદાર્થોનું વ્યસન છોડવાનું કહેતા પગલું ભર્યાનું પ્રાથમિક તારણ**

આ અંગ મળતી માહિતી મુજબ જસદણના કનેસરા ગામે વાડી વિસ્તારમાં રહેતા ગોરધનભાઈ ગાંડુભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૪૫ વર્ષીય પ્રૌઢએ ગઈ તા ૨૬ ના રોજ ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈકાલે તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા ઘટનાની જાણ થતા ભાડલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતકને પરિવારે કેફી પદાર્થોનું વ્યસન છોડવાનું કહેતા મનમાં લાગી આવતા આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે તેમજ મૃતક પોતે શ્રમિક કામ કરતા અને અગાઉ પણ આપઘાત નો પ્રયાસ કર્યો હતો સંતાનમાં બે પુત્ર એક પુત્રીએ પિતાની છત્ર છાયા ગુમાવતા પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે ભાડલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ જાંબુડીયા એ વધુ તપાસ હાથ ધરી છે

# જૂનાગઢ: મેડિકલ કોલેજમાં રેગિંગ અટકાવવા અને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા બેઠક

## જૂનિયર વિદ્યાર્થીઓને કોઈપણ ગેરપ્રવૃત્તિ અંગે નિર્ભયતાથી ફરિયાદ કરવા પ્રોત્સાહીત કરાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ખાતે રેગિંગ જોઈ કોઈ ઘટના કે છમકલું પણ ના થાય તે માટે ડીન સહિતના અધિકારીઓ ભારે સજાગ છે, તથા અગાઉ રાત્રિના સમયે વિદ્યાર્થીની હોસ્ટેલ, ક્વાટરસમાં રૂબરૂ મુલાકાત લઈ સિનિયર વિદ્યાર્થી ઓને તાકીદ કરવામાં આવી હતી કે જો કોઈ પણ જાતની રેગિંગ જેવી હરકત કરવામાં આવશે તો કોઈની ફેર રહેશે નહીં તે સાથે સિક્યુરિટી ને પણ આ બાબતે સજા આગળ રહેવા કડક સુચના આપી દેવામાં આવી હતી જોકે નોંધનીય બાબત એ છે કે જૂનાગઢની મેડિકલ કોલેજમાં આ પ્રકારની એક પણ અનિચ્છનીય ઘટના આટલા વર્ષો દરમિયાન બનમાં પામી નથી.

દરમિયાન જૂનાગઢની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ડીન ડો. એચ.એસ. આમણે દ્વારા એન્ટી-રેગિંગ કમિટી તથા મેન્ટરશિપ કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ડીન, એડિશનલ ડીન, આસિસ્ટન્ટ ડીન તેમજ કોલેજની ફેકલ્ટી ઉપરાંત એન્ટી રેગિંગ કમિટીના સભ્ય તથા હરેશભાઈ દવે સહિતના ઉપસ્થિત રહ્યા હતા અને રેગિંગની કોઈ ઘટના ન બને તે માટે જરૂરી તકેદારી રાખવી, કેમ્પસમાં રેગિંગ અટકાવવા માટે લેવામાં આવનાર વિવિધ પગલાં અંગે ચર્ચા અને સૂચનો અપાયા હતા આ સાથે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે ફરિયાદ હોય તો યોગ્ય માધ્યમ દ્વારા રજૂ કરી શકે તે અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, જૂનાગઢ ખાતે કોલેજ પરિસરમાં આવેલા બી-૩ બોયઝ હોસ્ટેલ તેમજ નર્સિંગ/નોન-ટીચિંગ ક્વાર્ટર્સ ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સાથે રેગિંગ તથા અન્ય કોઈપણ પ્રકારની ગેરપ્રવૃત્તિ અંગે જાગૃતિ લાવવા તેમજ વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ડીન ડો. એચ.એસ. આમણે, અને અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રાત્રિના સરપ્રાઈઝ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યું હતું કે, સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તન કે રેગિંગ કરવું નહીં, આ સાથે જુનિયર વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની ગેરપ્રવૃત્તિ અંગે નિર્ભયતાથી ફરિયાદ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ગોંડલમાં ધોળકિયા સ્કૂલના ગરબા વર્કશોપમાં ૩૫૦થી વધુ બહેનો જોડાયા

## નવરાત્રી પહેલા નિ:શુલ્ક તાલીમ, શહેરભરમાંથી બહેનો માટે બસ સુવિધા પણ ઉપલબ્ધ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

નવરાત્રિ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે ગોંડલ સ્થિત ધોળકિયા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સતત પાંચમા વર્ષે મહિલાઓ માટે ૧૦ દિવસીય ગરબા વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. એક ઓક્ટોબરથી શરૂ થયેલા આ વર્કશોપમાં ગોંડલ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી આશરે ૩૫૦થી ૫૦૦ જેટલી મહિલાઓ ઉત્સાહભેર ભાગ લઈ રહી છે.

આ વર્કશોપ દરરોજ સાંજે ૪:૦૦ થી ૫:૦૦ વાગ્યા દરમિયાન યોજાય છે. ગામડાઓ અને શહેરના ખૂણે-ખૂણેથી આવતી મહિલાઓને સરળતા રહે તે માટે શાળા દ્વારા નિ:શુલ્ક (ફ્રી) બસ સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. મહિલાઓને ટ્રેન્ડી અને નવતર ગરબા સ્ટેપ્સ શીખવવા માટે પ્રોફેશનલ કોરિયોગ્રાફર ધનશ્રી મેડમ અને ખ્યાતિ મેડમની ખાસ સેવાઓ લેવામાં આવી છે.

આયોજકોના જણાવ્યા મુજબ, ગૃહિણીઓ અને મહિલાઓ પોતાની દૈનિક વ્યસ્ત દિનચર્યામાંથી રોજ ૧ કલાક પોતાના સ્વાસ્થ્ય અને આનંદ માટે ફાળવે તેમજ નવરાત્રિ ઉત્સવનો પૂરતો આનંદ માણી શકે તે આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. વર્કશોપ દરમિયાન તમામ સહભાગીઓની નિયમિત હાજરી પણ નોંધવામાં આવે છે.

૧૦ દિવસની આ સફળ તાલીમ પૂરી થયા બાદ નવરાત્રિ દરમિયાન તમામ સહભાગી મહિલાઓ માટે ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધામાં વિજેતા બનનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકની મહિલાઓને આકર્ષક ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# બગસરા : ચેક રિટર્ન કેસમાં રાજકોટના હાર્દિક મહેતાને ૬ માસની જેલ

## મિત્રને હાથ ઉછીની આપેલી રકમ ચૂકવવા આપેલો ચેક બાઉન્સ, મહિલાને રૂ.૩.૪૦ લાખ વળતર ચૂકવવા હુકમ

**અબતક સમીર વિરાની બગસરા**

બગસરા ખાતે રહેતી મહિલાએ મિત્રતાને પારિવારિક સંબંધના દાવે મિત્રને હાથ ઉછીની આપેલી રકમ રૂપિયા ૩.૪૦ લાખ પરત કરવા આપેલો ચેક બેંકમાંથી વગર વસૂલાતે પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે રાજકોટના હાર્દિક મહેતા ને છ માસની સાદી કેદની સજા અને ચેક મુજબનું પડતર ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ બગસરા ખાતે રહેતા રાજેશ્રીબેન ઉમેદકુમાર મહેતાએ પારિવારિક અને મિત્રતાના સંબંધના દાવે રાજકોટ ખાતે રહેતા હાર્દિક કૌશિકભાઈ મહેતાને ધંધા માટે ₹૩.૪૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત કરતા કાયદાકીય જોગવાઈ મુજબ હાર્દિક મહેતાને નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે બગસરા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષના એડવોકેટ અશોક પંડ્યા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો તેમજ દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત થયેલા ચુકાદાઓને ધ્યાને લઈ ન્યાયધીશ એન એમ ચૌહાણ એ આરોપી હાર્દિક મહેતા ને છ માસની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ ૩.૪૦ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો છે

# બોટાદ સાઈબાર ક્રાઈમના ગુનાના વોન્ટેડને રાજકોટ એલસીબીએ ઝડપ્યો

## જસદણના શિવરાજપુર ગામેથી વિશાલ ઝાપડિયાને દબોચી બોટાદ પોલીસના હવાલે કરાયો

**અબતક, રાજકોટ**



બોટાદના સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે જસદણના શિવરાજપુર ગામેથી ઝડપી લીધો હતો. ઝડપાયેલા આરોપીને એલસીબીએ બોટાદ પોલીસના હવાલે કર્યો હતો.

રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ એલસીબી પીઆઈ જે.પી. રાવની રાહબરી હેઠળ ટીમ તપાસમાં હતી. દરમિયાન બોટાદ સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરાર આરોપી વિશાલ વલ્લભભાઈ ઝાપડિયા (રહે. શિવરાજપુર તા. જસદણ) હાલ શિવરાજપુર બસ સ્ટેન્ડ પાસે હોવાની માહિતી મળી હતી. જેથી પોલીસની ટીમને તાકીદે અહીં પહોંચી આરોપી વિશાલને ઝડપી લઈ બોટાદ સાયબર પોલીસના હવાલે કર્યો હતો.

આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં એલસીબી પીઆઇ જે.પી.રાવના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ કે.એમ.ચાવડા, એચ.સી.ગોહિલ, આર.વી. ભીમાણી, પી.એન.ભરવાડ, એ.એસ.આઇ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા સ્ટાફ સાથે રહ્યો હતો.

# સાયલાના કોટડા ગામેથી ૭ કિલો પોશડોડા સાથે વૃદ્ધ ઝડપાયો

## રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડ્યો, વૃદ્ધ બંધાણી અને ખર્ચો કાઢવા વેચાણ કરતો હોવાનું ખુલ્યું, માદક પદાર્થ સુદામડાના બિપીન ગોર પાસેથી લાવ્યાની કબૂલાત

**અબ તક રાજકોટ**



સાયલા તાલુકાના કોટડા ગામે મકાનમાં રાજકોટ રેન્જની ટીમે દરોડો પાડ્યો હતો. મકાનમાંથી ૭ કિલો ૧૬૦ ગ્રામ પોશડોડા અને રૂપિયા ૧.૦૭ લાખની કિંમતના મુદ્દામાલ સાથે વૃધ્ધને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં વૃધ્ધ ખુદ બંધાણી હોય પીવા માટે અને ખર્ચો કાઢવા વેચવા માટે માદક ડોડવા લાવ્યાનું માલુમ પડયું હતું. વૃધ્ધને આ માદક પદાર્થ સાયલાના સુદાડમા ગામે રહેતા શખસે આપ્યાનું ખુલતા પોલીસે બંન્ને સામે ગુનો નોંધી અન્ય આરોપીને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

રાજકોટ રેન્જ ડીઆઇજી નિર્લિપ્ત રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓમાં ગેરકાયદે પ્રોહિબીશન - જુગાર તથા એન.ડી.પી.એસ.ને પ્રવૃતિ કરનારા શખોસને શોધી કાઢી તેઓ વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોય જેને લઈ રેન્જના પીઆઇ અપૂર્વ પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.એન.મોરી, બી.સી.મિયાત્રા, સી.એમ.કાંટેલીયા, એ.વાય.ઉધાસ તથા સ્ટાફ તપાસમાં હતો. દરમિયાન મળેલ હકિકતથી લીંબડી ડીવાયએસપી વી.એમ.રબારીને વાકેફ કરી સ્ટાફના યોગેન્દ્રસિંહ ચુડાસમા, અતુલભાઇ ડાભી, અજયવીરસિંહ ઝાલા, ફતેસંગ પરમાર, રાજુભાઈ પઢેરીયા નાઓએ સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા પોલીસ સ્ટેશન વિસ્તારના સાયલા તાલુકાના કોટડા ગામે આંગણવાડી પાસે આવેલા અમરાભાઈ હરસુરભાઈ વાળાના મકાનમાં દરોડો પાડયો હતો. અહીંથી વનસ્પતિ જન્ય માદક પદાર્થ પોશડોડાનો જથ્થો ૭ કિલો અને ૧૬૦ ગ્રામ કિ.રૂ. ૧,૦૭,૪૦૦ નો મુદ્દામાલ મળી આવતા વૃધ્ધની અટક કરી હતી.

બાદમાં પોલીસે પુછતાછ કરતા વૃધ્ધ ખુદ બંધાણી હોય પીવા માટે અને ખર્ચો કાઢવા વેચવા માટે માદક ડોડવા લાવ્યાનું માલુમ પડયું હતું. વૃધ્ધને આ માદક પદાર્થ કોની પાસેથી લીધો તે અંગે પુછપરછ કરતા સાયલા તાલુકાના સુદામડા ગામે રહેતા બિપીન ગોર પાસેથી લાવ્યાની કબુલાત આપતા બંન્ને આરોપીઓ વિરુધ્ધ લીંબડી ડીવાયએપી વી.એમ.રબારીના રૂબરૂમાં ફરીયાદ આપી સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં રાયજીનગરમાં પરણીતાનો એસિડ પી આપઘાત

## કારણ હજુ સુધી અકબંધ: રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો, પરિવારમાં ગમગીની છવાઈ

**અબતક રાજકોટ**

જૂનાગઢના રાયજીનગરમાં રહેતી ૩૭ વર્ષીય પરણીતાએ અગમ્ય કારણોસર એસિડ પી લેતા પ્રથમ જુનાગઢ બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું ઘટનાની જાણ હતા જુનાગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આપઘાતનું કારણ અકબંધ છે

આ અંગે મળતી માહિતી મુજબ જુનાગઢ શહેરમાં રાયજીનગરમાં રહેતી દયાબેન મનોજભાઈ જાદવ ઉંમર વર્ષ ૩૭ વર્ષીય પરણીતા ગત તા ૧ માં રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર એસિડ પી જતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ જુનાગઢ બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર માં તેમનું મોત નીપજ્યું હતું ઘટનાની જાણ હતા જુનાગઢ પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે મૃતકના પતિ પ્લમબિંગ કામ કરે છે અને બે સંતાનો એ માની મમતા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# મોરબી: ટ્રક પરથી પટકાયેલા ક્લીનરનું મોત

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના લીલાપર ચોકડી પાસે તીર્થક પેપરમિલના કમ્પાઉન્ડમાં વે-બ્રિજ પર ટ્રક ઊભો રાખવામાં આવ્યો હતો ત્યારે ક્લીનર મોહમદઆલમ મકસુદ જૈતાપુર બલરામપુર ગૌરા ચૌરાહા વાળો ટ્રક પરથી નીચે ઉતરતી વખતે અકસ્માતે પગ લપસી જતા નીચે પટકાયા હતા. જેથી તેમને માથા તથા ડાબા હાથમાં ગંભીર ઈજા થતાં પ્રથમ મોરબીના રફાળેશ્વર ખાતે એપેક્ષ હોસ્પિટલમાં અને ત્યારબાદ લખનઉની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ગત તા. ૧ સપ્ટેમ્બરે સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ત્યારે મૃત્યુના બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોત નોંધી તપાસ હાથ ધરી છે.

### ગાંધી જયંતિ નિમિતે

# વેરાવળમાં કલેકટર કચેરી સહિત મહેસુલ તંત્રની કચેરીના પ્રાંગણમાં સફાઈ અભિયાન હાથ ધરાયું



**અબતક, અતુલ કોટેચા, સોમનાથ**

સમગ્ર દેશમા ગાંધી જયંતિના અવસરે 'સ્વચ્છતા હી સેવા' ના મંત્ર થકી સ્વસ્થ અને સ્વચ્છ સમાજના નિર્માણના સંકલ્પ માટે સામૂહિક શ્રમદાન થકી સ્વચ્છતાનો સંદેશો આપવામાં આવે છે.

અત્યારે રાજ્યભરમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે આ અવસરે જિલ્લા કલેકટર જીતેન્દ્રસિંહ વાઘેલાના નેતૃત્વમાં જિલ્લા સેવા સદન, ઈણાજ ખાતે મહેસૂલી વિભાગ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

કલેકટર પરિસર સાથે સમગ્ર જિલ્લામાં આવેલી મહેસૂલ તંત્રની કચેરીઓ અને તેના પ્રાંગણમાં પણ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું.

કલેકટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ હાથમાં ઝાડૂ લઈ પરિસરમાં સફાઈ કરી હતી. સફાઈની સાથે જ તેમણે પાવડો લઈ પાથ-વે અને કચેરીના પરિસરની રોડસાઈડ પર ઉગી નીકળેલી વેલ અને ઝાડી-ઝાંખરા જેવાં અડચણો દૂર કરી પરિસરને સ્વચ્છ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું..

આસપાસનું પરિસર સ્વચ્છ હશે તો બીમારીઓથી બચી શકાશે અને સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકાશે તેવા સંકલ્પ સાથે નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ સહિતના વહીવટીતંત્રના અધિકારીઓ-કર્મચારીઓએ પોતાના શ્રમદાન થકી સમગ્ર કલેક્ટર પરિસરને ચોખ્ખું બનાવ્યું હતું.

નિવાસી અધિક કલેક્ટર સહિતના કર્મચારીઓએ સમગ્ર પરિસરમાંથી પ્લાસ્ટિકની બોટલો, સૂકા નારિયેળ, વેફર્સ અને અન્ય પ્લાસ્ટિકના પડિકાઓ, સૂકાઈ ગયેલી નારિયેલી, સૂકા પાંદડાઓ, ઊગી નીકળેલી વેલ, પૂંઠા અને કાગળો સહિતનો નક્કામો કચરો એકત્ર કર્યો હતો.

# ગોંડલ પાલિકાની મેગા ડ્રાઈવ : પ્રતિબંધિત પ્લાસ્ટિક વેંચતા વેપારી સામે લાલ આંખ : ૩૮ કિલો જથ્થો જપ્ત

## ૮ દુકાનદારો પાસેથી રૂા. ૯,૫૦૦નો દંડ વસુલાયો, આગામી દિવસોમાં પણ ચેકિંગ ઝુંબેશ ચાલુ રહેશે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ શહેરમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત અને પર્યાવરણની જાળવણી માટે ગોંડલ નગરપાલિકા દ્વારા ૨ ઑક્ટોબરના રોજ પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ સામે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાના સેનિટેશન વિભાગ દ્વારા શહેરના વિવિધ કોમર્શિયલ વિસ્તારોમાં સરપ્રાઈઝ ચેકિંગ કરી મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો જથ્થો પકડી પાડી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલ નગરપાલિકાના ચીફ ઓફિસર બ્રિજરાજસિંહ વાળા ની સૂચના મુજબ સેનેટરી ઈન્સ્પેક્ટર કેતનભાઈ મકવાણા, સેનેટરી સબ-ઈન્સ્પેક્ટર ચિરાગભાઈ શ્યારા અને તેમના સેનિટેશન સ્ટાફ દ્વારા આ મેગા ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન શહેરની વિવિધ દુકાનો જેવી કે નીલરાજ પ્લાસ્ટિક, સહજાનંદ સ્ટોર્સ સહિતના સ્થળોએ અચાનક ચેકિંગ કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વેપારીઓ પાસેથી કુલ ૩૮ કિલો જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વેપાર કરતા ૮ જેટલા દુકાનદારોને સ્થળ પર જ દંડ ફટકારવામાં આવ્યો હતો અને તેમની પાસેથી કુલ રૂ. ૯,૫૦૦ નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં માત્ર પ્લાસ્ટિક જ નહીં, પરંતુ કોમર્શિયલ વિસ્તારોમાં જાહેરમાં કચરો ફેલાવતા અને ગંદકી કરતા અન્ય વેપારીઓને પણ દંડ ફટકારવામાં આવ્યો હતો. નગરપાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે આ ઝુંબેશ માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત નથી, આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વેપારીઓને ત્યાં સરપ્રાઈઝ વિઝિટ અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવશે. આથી તમામ વેપારીઓને દંડથી બચવા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને શહેરમાં સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી છે.

# ૧૦૦૦ વર્ષ પછી પણ તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓએ પોતાની ભાતીગળ ઓળખ જાળવી રાખી તે વિરલ ઘટના: પુરૂષોત્તમ રૂપાલા

## તમિલનાડુમાં વસતા ૨૫ લાખથી વધુ સૌરાષ્ટ્રવાસીઓનો ગુજરાત સાથેનો નાતો વધુ મજબૂત કરવા કુંભકોણમ ખાતે 'સૌરાષ્ટ્ર મહાસંગમ' યોજાયો



**અબતક, રાજકોટ**

૧૦૦૦ વર્ષ પહેલાં સોમનાથ પરના આક્રમણ સમયે તમિલનાડુમાં જઈને વસેલા સૌરાષ્ટ્રવાસી સમુદાયની સંસ્થા 'સૌરાષ્ટ્ર મધ્ય સભા' દ્વારા ૫,૦૦૦ થી વધી પ્રતિનિધિઓની હાજરીમાં કુંભકોણમ્ ખાતે 'સૌરાષ્ટ્ર મહાસંગમ' યોજાયો હતો.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા સંસદ સભ્ય પુરુષોત્તમ રૂપાલાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના ખંત, ખમીર અને સંત પરંપરાને ૧૦૦૦ વર્ષ પછી પણ તમિલનાડુમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓએ જાળવી રાખી છે તે વિશ્વની વિરલ ઘટના છે. ૨૦૨૩માં સોમનાથ ખાતે યોજાયેલા સૌરાષ્ટ્ર તામિલ સંગમનો ઉલ્લેખ કરી તેમણે ગિરનાર, ગીર, શેત્રુંજય, ચોટીલા અને પોરબંદર દ્વારા સૌરાષ્ટ્રનો ભવ્ય પરિચય આપ્યો હતો. તેમણે અપેક્ષા વ્યક્ત કરી કે આ સમુદાય સાહિત્ય, કલા અને ઉદ્યોગ ક્ષેત્રે આદાન-પ્રદાન દ્વારા રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપે. આ પ્રસંગે રૂપાલાએ નવનિયુક્ત અધ્યક્ષ ટી.આર. સુરેન્દ્રનને ભારતીય સંસ્કૃતિના પ્રતીક 'સેંગોલ' અર્પણ કર્યું હતું.

આ મહાસંગમમાં સાંસદ પરષોત્તમ રૂપાલા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ કમલેશ જોષીપુરા વિમુરતાનંદજી, સંસદ સભ્ય કલ્યાણ રામન, વી.આર. રાજેન્દ્રન, શ્રીરામશેખર, મહામંત્રી રવિચંદ્ર,તુલસીરામનના પરિવારો તેમજ સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ દિનેશ, જગન્નાથ, વજઆર., વી.પી. રામમૂર્તિ, ભક્ષ્જી રાધાકૃષ્ણન, કુમારેશ, વેંકટ રામન, એએસઆઈના વરિષ્ઠ અધિકારી અમરનાથ રામકૃષ્ણ અને મદ્રાસ હાઈકોર્ટના ગોપીનાથ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામમાં નારીનું નારાયણી કાર્યક્રમ ૭,૩૮૦ દીકરીઓની વિશેષ ઉપસ્થિતિમાં ઉજવાયો

## દીકરીઓની સુરક્ષા શિક્ષણ અને સંસ્કાર અંગે અપાયું માર્ગદર્શન અને નારી શકિતઓનું વિશેષ સન્માન કરાયું



**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

સનાતન શ્રીરામ સંગઠન દ્વારા આયોજિત દીકરીઓમાં જાગૃતિ, સંસ્કાર, શિક્ષણ અને આત્મવિશ્વાસ કેળવવાના હેતુથી 'એક સાંજ લાડકવાયી દીકરીના નામ - નારી તું નારાયણી' કાર્યક્રમનું આયોજન તા.૧ ઓક્ટોબરના રોજ પંચમુખી હનુમાન મંદિર, આદિપુર ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ૭,૩૮૦ દીકરીઓ સહિત અંદાજે ૧૪થી ૧૫ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. દીકરીઓને સુરક્ષા, શિક્ષણ, સંસ્કાર, આત્મવિશ્વાસ તથા માતા-પિતા પ્રત્યેની જવાબદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગુજરાતના જાણીતા યુથ મોટિવેશન સ્પીકર અશોકભાઈ ગુર્જ્જર (સુરત) દ્વારા પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અને પોતાના માર્ગદર્શન દ્વારા લોકોને હસાવ્યા રડાવ્યા ઈમોશન્સ સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

સમાજ અને મહિલા જાગૃતિ ક્ષેત્રે યોગદાન બદલ પી.એસ.આઈ. એલ.એન. વાઢીયા, બી-ડિવિઝન ગાંધીધામ, કુમારી હિતેશી પી. ગઢવી, સરકારી વકીલ ગાંધીધામ તથા કુમારી નીરૂપા બારડ, ૧૮૧ કાઉન્સેલર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, પૂર્વ કચ્છનું 'નારી શક્તિ' તરીકે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેજાભાઈ કાનગઢ, ચેરમેન સેવાભાઈ લખવાણી, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી ધવલ આચાર્ય સહિત વિવિધ ક્ષેત્રનાં આગેવાનો સમાજના પ્રતિનિધિઓ અનેક શાળાઓનાં પ્રિન્સીપાલ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડા ડીએવી પબ્લિક સ્કૂલનો ખેલ મહાકુંભમાં શાનદાર દેખાવ



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત વર્ષમાં તાલુકા કક્ષાએ યોજાયેલી અંડર-૧૭ બોયઝ કબડ્ડી / ખો-ખો સ્પર્ધામાં નાનજી કાલીદાસ ડીએવી પબ્લિક સ્કૂલની ટીમે શાનદાર પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળા પરિવારમાં ખુશીનો માહોલ છે. વિદ્યાર્થીઓની આ મહેનત પાછળ શાળાના પી.ટી. શિક્ષક તુષારભાઈ ઝાલાનું અથાક પરિશ્રમ અને સુંદર માર્ગદર્શન રહેલું છે. તેમની કડક તાલીમ અને સતત પ્રોત્સાહનથી જ વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએ આ સિદ્ધિ મેળવી શક્યા છે.

શાળાના આચાર્ય તથા સમગ્ર સ્ટાફગણે વિજેતા ટીમને અને પી.ટી. સર તુષારભાઈ ઝાલાને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને જિલ્લા કક્ષા માટે શુભેચ્છાઓ આપી હતી.

# સુત્રાપાડા નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિકના વેચાણ અને જાહેરમાં ગંદકી ફેલાવનારાઓ પાસેથી ૩૬૦૦ દંડ વસુલાયો

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

આજરોજ સુત્રાપાડા નગરપાલિકા દ્વારા શહેરના નવાનગર વિસ્તારમાં આવેલ માર્કેટમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા તેમજ ખુલ્લામાં કચરો ફેંકી જાહેરમાં ગંદકી ફેલાવતા ઈસમો સામે નગરપાલિકા દ્વારા નિયમોનુસાર દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

સુત્રાપાડા નગરપાલિકા દ્વારા શહેરના તમામ વેપારીઓ, લારી-ગલ્લાવાળાઓ તથા નગરજનોને અપીલ કરવામાં આવે છે કે પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, સંગ્રહ કે વેચાણ ન કરે તથા જાહેર સ્થળોએ કચરો ન ફેંકે. શહેરની સ્વચ્છતા જાળવવી એ સૌની સામૂહિક જવાબદારી છે. નગરજનો નગરપાલિકાના સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપી સ્વચ્છ અને સુંદર સુત્રાપાડા બનાવવા માટે સક્રિય ભાગીદારી નોંધાવે.

# મોરબીના જૂના પીપળીયા ગામનો યુવાન લાપતા

## સસરાના ઘરેથી નિકળ્યા બાદ ગુમ થતાં પરિવાર દ્વારા શોધખોળ

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ધ્રોળ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ૨૭ વર્ષીય યુવક ગુમ થયાની ગુમ નોંધ કરવામાં આવી છે.

મુળ દ્વારકાના મીઠાપુરનો અને હાલ મોરબીના જૂના પીપળી ગામે રહેતો અશ્વિનભાઈના ભાઈ હિતેશભાઈ લાલજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૭) તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ લતીપર ગામે પોતાના સસરાના ઘરે હાજર હતા. દરમિયાન કોઈને જાણ કર્યા વગર તેઓ ત્યાંથી ક્યાંક જતા રહ્યા હતા. ત્યારબાદ પરિવારજનોએ આસપાસના વિસ્તારો તેમજ સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં હિતેશભાઈનો પત્તો લાગ્યો ન હતો. આ અંગે ધ્રોલ પોલીસે ગુમ થયાની નોંધ કરી તેની શોધખોળ હાથ ધરી છે.

# બગસરાના મેઘાણીનગરમાં કર્મચારીની બેદરકારીથી ગંદકી હટાવતા નગરસેવક નયનભાઈ

**અબતક, સમીર વિરાણી, બગસરા**



બગસરા નગરપાલિકા મેઘાણીનગર વોર્ડ નંબર ત્રણમાં હનુમાનજીના મંદિર પાસે ચોકમાં સાર્વજનિક પ્લોટ માં કર્મચારીની બેદરકારીથી ગંદકીના ગંજ થયા હતા. મંદિરે આવતા દર્શનાર્થીઓ ગંદકીની ગંધથી ત્રાહિમામ થયા હતા. અને ત્યાંના રહેવાસીઓને કચરા ના ઢગલાઓના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા આરોગ્ય જોખમાયુ હતું. આ કારણે સ્થાનિક રહેવાસી યોગેશ બોરીસાગર દ્વારા તાત્કાલિક નિકાલ માટે નગરપાલિકાને જાણ કરવામાં આવી હતી. જેમાં આજે અબતક સાથેની વાતચીતમાં વોર્ડ નંબર ત્રણના નગરસેવક નયનભાઈએ જણાવ્યું કે કર્મચારીની બેદરકારી ના કારણે કચરો ફેલાવવામાં આવ્યો હતો જેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે અને કચરાના ઢગલાઓને ઉઠાવીને તે વિસ્તારને સ્વચ્છ કરાયો છે.

# સુરેન્દ્રનગરમાં નશાબંધી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

## ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વ્યસનથી થતા નુકશાન અંગે જાગૃત કરી વ્યસન મુક્ત થવા કરી અપીલ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર-દુધરેજ રોડ પર આવેલ શ્રીમદ રાજચંદ્ર સર્વમંગલ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે નશાબંધી સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વ્યસન એ માત્ર એક વ્યકિતના સ્વાસ્થ્યને જ નુકસાન નથી પહોંચાડતું પરંતુ તેના સમગ્ર પરિવારની આર્થિક અને સામાજીક સ્થિતિને પણ નુકશાન પહોંચાડે છે તેમજ તમાકુ, સિગારેટ, ગુટખા કે દારૂ જેવા દૂષણો કેન્સર જેવા અસાધ્ય રોગોને નોતરે છે અને કૌટુંબિક કલેશનું મુખ્ય કારણ બને છે તેમ જણાવી ઉપસ્થિત યુવાનો અને વિદ્યાર્થીઓને પોતાના પરિવાર કે આસપાસના વ્યસની સભ્યોને પ્રેમથી સમજાવીને વ્યસન મુક્ત કરાવવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. આ તકે સાંસદ, નાયબ મુખ્ય દંડક, એસ.પી., મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, ડીવાયએસપી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

(પહેલા પાનાનું ચાલું)

### લીવ ઈન...

₹૧૦,૦૦૦ સુધીના દંડની જોગવાઈ રાખવામાં આવી છે. સાથે જ સમાજમાં નારી સુરક્ષા અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે બહુપત્નીત્વ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે અને બળજબરી કે છેતરપિંડીથી કરાવેલા લગ્નો સામે ૭ વર્ષ સુધીની જેલની કડક સજા નક્કી કરવામાં આવી છે.વધુમાં, અદાલતી હુકમનામા વિના અદાલત બહાર અપાતા છૂટાછેડા સામે ૩ વર્ષની જેલની જોગવાઈ છે, જ્યારે છૂટાછેડા બાદ કોઈ પણ કુરિવાજ કે શરત વગર પુનઃલગ્નની મંજૂરી અપાઈ છે. જોકે, બંધારણીય સંરક્ષણ હેઠળ આવતા અનુસૂચિત જનજાતિ સમુદાયના પરંપરાગત અધિકારો જાળવી રાખવા માટે તેમને આ કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

એક તરફ કાયદાકીય વ્યવસ્થાએ બદલાતા સમય અને યુવા પેઢીની માનસિકતાને સ્વીકારીને લિવ-ઈનને કાનૂની રક્ષણ આપી દીધું છે. પરંતુ બીજી તરફ, સદીઓ જૂની પરંપરાઓ, સંસ્કારો અને કૌટુંબિક મૂલ્યોને વળગી રહેલો આપણો ભારતીય સમાજ આ પલટાને કઈ રીતે અપનાવશે તે એક મોટો પ્રશ્ન છે. શું કાયદાના આ રક્ષણથી યુવાનોના સંબંધોમાં સ્થિરતા આવશે કે પછી લગ્ન સંસ્થાનું મહત્વ વધુ ઘટશે, તે આવનારો સમય જ બતાવશે.

### ગિફ્ટ...

હાલમાં છેલ્લી મેટ્રો દરરોજ સાંજે ૭ થી ૭:૩૦ વાગ્યાની આસપાસ હોય છે અને તે દર કલાકે ઉપલબ્ધ હોવાથી લોકો તેનો ઉપયોગ કરવાનું ટાળે છે. આ સમસ્યાના ઉકેલ રૂપે ૨૫ જેટલી ઈલેક્ટ્રિક બસોનું આયોજન કરવામાં આવ્યું છે, જે આ બિઝનેસ ડિસ્ટ્રિક્ટને અમદાવાદ અને ગાંધીનગરના વિવિધ મહત્વના સ્થળો સાથે જોડશે. ખાસ કરીને વિદેશી કંપનીઓના ગ્લોબલ ટાઈમ ઝોનમાં મોડી રાત સુધી કામ કરતા કર્મચારીઓને સપોર્ટ કરવા આ બસ સેવાઓ રાત્રે મોડે સુધી ચલાવવામાં આવી શકે છે.બાહ્ય કનેક્ટિવિટીની સાથે ગિફ્ટ સિટીની અંદરની મુસાફરીને પણ સરળ બનાવવામાં આવશે. મેટ્રો સ્ટેશનને ગિફ્ટ સિટીના અલગ-અલગ લોકેશન સાથે જોડવા માટે બે બસો અંદર પણ ઓપરેટ કરવામાં આવી શકે છે. ગિફ્ટ સિટીના એમડી અને ગ્રુપ સીઈઓ સંજય કૌલના જણાવ્યા અનુસાર, મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ એપ્રોચ અપનાવવાનો વિચાર છે, જેમાં સમર્પિત બસો દોડાવવા અને મેટ્રોની ફ્રિકવન્સી વધારવા પર ભાર મુકાશે. નવી પેઈડ પાર્કિંગ સિસ્ટમમાંથી થનારી આવકનો ઉપયોગ આંતરિક શટલ સેવાઓ, લાસ્ટ માઈલ કનેક્ટિવિટી, ઈ-રિક્ષા, શેર્ડ મોબિલિટી અને પદયાત્રીઓ તથા સાયકલિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા માટે કરવામાં આવશે.

વાહનોની વધતી જતી સંખ્યા અને રસ્તાઓ પર થતા અનધિકૃત પાર્કિંગને અટકાવવા માટે દિવાળી પછી નવી પેઈડ પાર્કિંગ પોલિસી લાગુ થવા જઈ રહી છે. હાલમાં એસઈઝેડ અને ડીટીએ વિસ્તારોમાં કામચલાઉ જગ્યાઓ સહિત કુલ ૭,૯૬૭ પાર્કિંગ સ્પેસ ઉપલબ્ધ છે. આરએફઆઈડી અને ફાસ્ટેગ લિંક્ડ એકાઉન્ટ સાથે ઓટોમેટેડ બિલિંગ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. નવી પોલિસી હેઠળ કામચલાઉ પાર્કિંગ કેટેગરીમાં ઈલેક્ટ્રિક વાહનો અને ઓછામાં ઓછા બે મુસાફરો ધરાવતા રજિસ્ટર્ડ કારપુલ વાહનો માટે પ્રેફરેન્શિયલ દરોની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

### કો પાયલોટ...

બેકગ્રાઉન્ડ હોવા છતાં, હમામ અલહમામી ફ્લાયદુબઈ એરલાઈનમાં જોડાવામાં સફળ રહ્યો અને તેને માત્ર આઠ મહિનાના ગાળામાં જ તેલ અવીવ જતી મહત્વની ફ્લાઈટમાં બેસાડી દેવાયો. ઓમાન અને ઈઝરાયેલ વચ્ચે કોઈ રાજદ્વારી સંબંધો ન હોવા છતાં આવા કટ્ટરપંથી વ્યકિતને આ ફ્લાઈટની જવાબદારી કેવી રીતે મળી તે અંગે હાલ ઈઝરાયેલી ગુપ્તચર એજન્સીઓ મોસાદ અને શિનબેટ તપાસ કરી રહી છે.

બીજી તરફ, લોહીલુહાણ અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવા છતાં ભારતીય કેપ્ટન સ્મિત મછારે અદ્ભુત સાહસ દાખવી હુમલાખોર કો-પાયલોટનો સામનો કર્યો અને કોકપિટનો દરવાજો ખોલવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ અન્ય ક્રૂ સભ્યો અને મુસાફરોએ કોકપિટમાં ધસી જઈને હમામને કાબૂમાં લીધો હતો. સદનસીબે ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા અન્ય બે બિન-ડ્યૂટી પાયલોટોએ વિમાનનું કંટ્રોલ સંભાળી લીધું અને સઉદી અરેબિયાના તબુક ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને તમામ ૧૮૦ મુસાફરોના જીવ બચાવી લીધા હતા. હાલ આ ઉગ્રવાદી કો-પાયલોટને યુએઈને સોંપવામાં આવ્યો છે, જ્યાં તેની સામે આતંકવાદી કાવતરા અંતર્ગત કડક તપાસ ચાલી રહી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઈકબાલ જૂનાગઢી...

મારા પિતા ઈકબાલભાઈનું હુલામણું નામ જૂનાગઢી છે જેનું કારણ અમે મૂળ જૂનાગઢના વતની છીએ. મારા પિતા રીક્ષા ડ્રાઈવિંગ કરે છે. મારા માતા જિંદગીબેનની તબિયત બરાબર ન હોય જેથી તેઓ ઊના ઊંઝા દાતાર બાપુની જગ્યાએ રહે છે.

યુવકે વધુમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે હું મારા ઘરે હતો. ત્યારે સવા દસ વાગ્યે મારા પિતા ઈકબાલભાઈએ મને ફોન કરી કહેલ કે, જંગલેશ્વરમાં રહેતો દાનિશ અમીનભાઈ સાથે મારે ઝઘડો થયેલ છે, તું જો તો તપાસ કર તો દાનીશએ કેસ કરેલ છે તેમ કહીને ફોન કાપી નાખેલ હતો. બાદ મોડી રાત્રિના સવા એક વાગ્યે મારા મિત્ર સોહીલ મહમદભાઈ વીશળના મોબાઈલ નંબર ઉપરથીને ફોન આવેલ હતો. ત્યારે સોહિલના ફોનમાંથી મારો બીજો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી કરીમભાઈ પરમાર બોલતો હતો. તેણે મને વાત કરેલ કે તું જલ્દી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે આવ, અહીં ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે નિસ્બત પાન પાસે તારા પપ્પાને દાનીશ સાથે માથાકૂટ થયેલ છે, તારા પપ્પા અહીં બેભાન જેવા થઈને પડેલ છે. જેથી હું તુરંત જ મારા ઘરેથી ખ્વાજા એપાર્ટમેન્ટ પાસે નિસબત પાને પહોંચેલ હતો. જયા ઘણા બધા માણસો ભેગા થયેલ હતા. તેમાં મારો મિત્ર સાહિલ ઉર્ફે ગુંદી તથા અબ્દુલભાઈ પાયક પણ હતા. મારા પિતા કંઈ બોલતા ન હતા. મને સાહિલ ઉર્ફે ગુંદીએ જણાવેલ કે રાત્રિના એક વાગ્યે તારા પપ્પા ઈકબાલભાઈ અહીં નિસબત પાનએ બેઠા હતા. ત્યારે દાનિશ અમીનભાઈ તથા તેની સાથે સુફિયાન હનીફભાઈ આરબ અને રિયાઝ ધસી આવેલ હતા. અહીં આવીને દાનિશ સીધો જ ગાળો બોલવા લાગેલ હતો. બાદ તેના હાથમાં રહેલ લોખંડના પાઈપનો એક ઘા તારા પિતાને છાતીમાં ડાબી બાજુ મારી દીધેલ હતો. દરમિયાન રિયાઝ અને સુફિયાનએ પણ વારાફરતી તારા પિતાને માર મારતા તેઓ જમીન પર પડી ગયેલ હતા. ત્યારબાદ ત્રણેય શખ્સોએ ભેગા મળી તારા પિતાને પગેથી પાટા તથા ઢીકા મારવા લાગેલ હતા. જેથી તારા પિતા બેભાન થઈ ગયેલ હતા.

બનાવને પગલે યુવાન તાત્કાલિક તેના પિતાને રિક્ષામાં સારવાર અર્થે પ્રથમ મધુરમ હોસ્પિટલ અને ત્યાંથી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયો હતો પરંતુ તબીબે યુવાનના પિતાને તપાસી મૃત જાહેર કરી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો. વધુમાં યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, મે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, રાત્રિના એક

વાગ્યે મારા પિતા તથા દાનિશ બંનેને ખ્વાજા ચોકમાં સામો જવાબ બાબતે બોલાચારીનો ઝઘડો થયેલ હતો જેનો ખાર રાખી હુમલો કરી પિતાને મોતને ઘાટ ઉતારી દીધા હતા.

સમગ્ર ઘટનાને પગલે મોડી રાત્રિના ક્રાઈમ બરાબચ, ભકિતનગર અને એલસીબી સહિતનો કાફલો દોડી ગયો હતો અને ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

### કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રો...

આપવા માટે ખેતી નિયામકની કચેરી અને ઈસરો વચ્ચે કરાર કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજીથી ખેડૂતોને વાવેતરથી લઈને લણણી સુધીની વિવિધ એડવાઈઝરી, પાકવાર વિસ્તારનો અંદાજ, ઉત્પાદન અંદાજ અને પાક નુકસાન મૂલ્યાંકન જેવી મહત્વપૂર્ણ માહિતી સમયસર મળી રહેશે.

આ ઉપરાંત, કૃષિ વિસ્તરણ સેવાઓને વધુ ઝડપી અને અસરકારક બનાવવા માટે મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) તરીકે પસંદગી પામેલા ૧૪ નવનિયુકત અધિકારીઓને નિમણૂક પત્રો પણ એનાયત કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમ ઉપરાંત વિવિધ જિલ્લાઓમાં ૩૪ સ્થળોએ પ્રભારી મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી વાવ-થરાદ ખાતે તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદી સુરત ખાતેના કાર્યક્રમમાં હાજર રહેશે. આ ઉપરાંત, સમગ્ર રાજ્યમાંથી હજારો ખેડૂતો ડિજિટલ માધ્યમથી પણ આ સમારોહમાં જોડાશે.

### મુસાફર સેવા સેતુ...

બદલવા, બારી-દરવાજાનું રિપ્લેસમેન્ટ, આકર્ષક ફ્લોરિંગ, ઈલેક્ટ્રિફિકેશન, મજબૂત ડ્રેનેજ સિસ્ટમ અને કલરકામ જેવી કામગીરી કરવામાં આવશે. આ અપગ્રેડેશન દરમિયાન મહિલા મુસાફરોને ધ્યાનમાં રાખીને સ્થળની સ્થિતિ મુજબ અંદાજિત ૨૫ યુરિનલ્સ, ૨૦ જનરલ ડબલ્યુ.સી. અને ૨૫ જેટલા મહિલા ડબલ્યુ.સી. વધારવાનું આયોજન છે.

આ ઉપરાંત મુસાફરો ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે સ્વચ્છતાને લગતી ફરિયાદો રીઅલ-ટાઈમમાં નોંધાવી શકે તે માટે તમામ બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત ''મુસાફર સેવા સેતુ'' એપ્લિકેશન પણ કાર્યરત કરવામાં આવશે.

આ ડ્રાઈવના સફળ અમલીકરણથી રાજ્યના લાખો દૈનિક મુસાફરોની સુવિધામાં વધારો થશે અને એસ.ટી. બસ સ્ટેશનો વધુ સ્વચ્છ તથા લોકઉપયોગી બનશે.

### ગીરગઢડા...

દિપડાની હાજરી અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સણોસરી સહિત આસપાસના વાડી વિસ્તારોમાં ખેતમજૂરો અને ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વનવિભાગ દ્વારા દિપડાની હિલચાલ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે અને વાડી વિસ્તારમાં રહેતા ખેતમજૂરોની સુરક્ષા માટે તકેદારીના પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. દરમિયાન વન વિભાગ દ્વારા દિપડાને પાંજરે પુરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

### સુર્યનારાયણ લાલચોળ...

રાજ્યભરમાં આકરા તડકા પડી રહ્યા છે. બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે.

ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે વિશ્વભરમાં ઋતુચક્રમાં આમૂલ પરિવર્તન જોવા મળી રહ્યું છે. શિયાળો, ઉનાળો અને ચોમાસાની સિઝન નિર્ધારિત સમય કરતા મોડી શરૂ થઈ રહી છે. ઋતુચક્રનું બેલેન્સ સંપૂર્ણપણે વિખેરાય ગયું છે.

### કસ્ટોડીયલ ડેથ પ્રકરણ...

કરવાની માંગ કરી હતી.

રાજકોટ પોલીસે આ કેસની તપાસ એકસિડેન્ટલ ડેથ તરીકે કરી હતી અને તારણ કાઢ્યું હતું કે સીબીઆઈ યોગ્ય કાળજી રાખવામાં નિષ્ફળ રહી હતી, જોકે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો કોઈ પુરાવો મળ્યો ન હતો. બિશ્નોઈ સીબીઆઈની કસ્ટડીમાં હોવાથી, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સીઆરપીસીની કલમ ૧૭૬ હેઠળ તપાસ કરી હતી અને સીબીઆઈ ટીમને ક્લીન ચિટ આપી હતી.

ત્યારબાદ બિશ્નોઈના પરિવારે પોલીસમાં ફરિયાદ કરી હતી અને રહસ્યમય સંજોગોમાં થયેલા મૃત્યુ માટે જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ સાથે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટનો સંપર્ક કર્યો હતો. પરિવારે આત્મહત્યાની થિયરી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ બારીમાંથી કૂદી શકે તેમ નહોતા. પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી આક્ષેપ કર્યો હતો કે જવેરીમલને મેજિસ્ટ્રેટ સમક્ષ સમયસર રજૂ કર્યા વિના ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હતી. ધરપકડ અંગેની સુરક્ષા જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું ન હતું. ઘરની ઝડતી દરમિયાન ધમકીઓ આપવામાં આવી હતી અને શરીર પરની ઈજાઓ આત્મહત્યાની વાત સાથે સુસંગત ન હતી. અરજદારે ઘરની ઝડતી દરમિયાન તેમના પુત્રના મોબાઈલ ફોનમાં થયેલા કથિત ઓડિયો રેકોર્ડિંગનો પણ આધાર લીધો હતો.

સીબીઆઈ અને રાજ્ય સરકારે અરજીનો વિરોધ કર્યો હતો પરંતુ જસ્ટિસ એમ. કે. ઠક્કરે અવલોકન કર્યું હતું કે અકસ્માતે થયેલા મૃત્યુ અંગેની તપાસ અપૂરતી હતી. જ્યારે આક્ષેપો 'કોગ્નિઝેબલ ઓફેન્સ' (પોલીસ દ્વારા વોરંટ વિના ધરપકડ કરી શકાય તેવો ગુનો) દર્શાવતા હોય ત્યારે તે સંપૂર્ણ પોલીસ તપાસનું સ્થાન લઈ શકતી નથી. હાઈકોર્ટે અગાઉની તપાસમાં રહેલી ખામીઓ તરફ ધ્યાન દોરી ટાંક્યુ હતું કે, કસ્ટોડિયલ ડેથ અને બંધારણીય અધિકારોના ઉલ્લંઘનના કિસ્સામાં કોર્ટનો અભિગમ અલગ હોવો જોઈએ. જો પોલીસ કસ્ટડી, જેલ કે અન્ય કોઈ સ્થળે કોઈ અધિકારી કે અન્ય વ્યક્તિ દ્વારા આવા બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવે, તો કોર્ટે પોલીસને એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપીને તેમાં હસ્તક્ષેપ કરવો જરૂરી છે.

અગાઉ એસીપીના નેતૃત્વ હેઠળની એસઆઈટી દ્વારા તપાસ કરવામાં આવી હોવાથી હાઈકોર્ટે કહ્યું હતું કે, આ તપાસ સીઆઈડી ક્રાઈમના ડીઆઈજીની દેખરેખ હેઠળ કરવામાં આવશે. જેઓ એ સુનિશ્ચિત કરશે કે તપાસ કાયદા અનુસાર અને યોગ્ય ત્વરા સાથે હાથ ધરવામાં આવી રહી છે. ત્રણ મહિનાના સમયગાળામાં યોગ્ય અહેવાલ તૈયાર કરવામાં આવશે અને તે અહેવાલ અવલોકન માટે કોર્ટની રજિસ્ટ્રીને પણ મોકલવામાં આવશે તેવો આદેશ આપવામાં આવ્યો છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** સ્વ. નરેન્દ્રભાઈ (કમલેશભાઈ) નાનજીભાઈ ભરડવા (ઉ.વ.૫૪) તે પ્રદીપભાઈ નાનજીભાઈ ભરડવાના નાનાભાઈ તથા આકાશભાઈ ભરડવા, પૂજનભાઈ ભરડવા તેમજ ભૂમિબેન સંજયકુમાર પાણખાણીયાના પિતા તેમજ ધ્વનીના દાદા તથા રવિભાઈ અને મોહિતભાઈના કાકાનું તા. ૨ ના રોજ શુક્રવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૫ ના રોજ સોમવારે સાંજે ૪ થી ૬, નિવાસ સ્થાન ગોવિંદનગર-૧ ગાંધીગ્રામ રાજકોટ ખાતે રાખલે છે.

## ધાંગધ્રામાં શેખ સજ્જાદભાઈ બેગવાળાની વફાતઃ કાલે બપોરે જીયારત

**ધાંગધ્રાઃ** દાઉદી વ્હોરા શેખ સજ્જાદભાઈ મુલ્લા હસનઅલી બેગવાળા (ઉ.વ.૮૦) તે મુર્તઝાભાઈ, મુનિરાબેન, શિરીનબેન, મારિયાબેનના પિતા બતુલબેન રાણપુરવાળા (રાજકોટ)ના બેન શેખ હાતીમભાઈ થાનવાળા (સુરેન્દ્રનગર)ના બનેવી તા.૨ ઓક્ટોબર ૨૦૨૬ને શુક્રવારના રોજ ધાંગધ્રા મુકામે વફાત પામેલ છે. મર્હુમની જીયારત (કુરાનખ્વાની) તા.૪ ઓક્ટોબર ૨૦૨૬ને રવિવારના રોજ બપોરે ૧૨ કલાકે ઝૈની મસ્જિદ ધાંગધ્રા ખાતે રાખવામાં આવેલ છે. ટેલિફોનીક શોક સંદેશો પુત્ર મુર્તઝાભાઈ (મો.૯૯૯૮૧૫૦૬૫૨) ઉપર વ્યક્ત કરવો.

**રાજકોટ :** સ્વ. વિશાલભાઈ દિનેશભાઈ ગોહેલ (ઉ.વ.૪૪) તે દિનેશભાઈ ખીમજીભાઈ ગોહેલના પુત્ર તે હેતલબેન વિશાલભાઈ ગોહેલના પતિ, ક્રિશ અને શ્યામના પિતા, મનીષાબેન કમલેશ કુમાર (જામનગર) અને નયનાબેન દિલીપકુમાર (ધુંવાવ)ના નાનાભાઈ ભરતભાઈ અને મુકેશભાઈના નાનાભાઈ સંજયભાઈ અને વિપુલના મોટાભાઈનું તા. ૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. પિયરપક્ષની સાદડી સાથે રાખેલ છે. વસંતભાઈ હરીભાઈ ધામેચાના જમાઈ વિજયભાઈ વસંતભાઈ ધામેચાના બનેવીનું બેસણું તા. ૩ ને શનિવારે સાંજે ૪ થી ૫ કલાકે રામનાથપરા દરજી જ્ઞાતિની વાડી રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જૂનાગઢમાં મંત્રી પ્રવિણ માળી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા: શાકભાજીના વેપારીઓ પાસેથી ખરીદી કરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



રાજયના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ તથા પરિવહન રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીએ ૨ ઑક્ટોબર, મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના અવસરે અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જૂનાગઢના કાળવા ચોક ખાતેની કડિયાવાડ બજારમાં સફાઈ ઝુંબેશમાં જોડાઈને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું હતું.

રાજયમંત્રીએ સફાઈ અભિયાનમાં સહભાગી થવાની સાથે સફાઈ કર્મચારીઓ અને કડિયાવાડ બજારના લારીધારકો સાથે સરળ અને સહજ ભાવે સંવાદ સાધ્યો હતો. તેમણે સફાઈ કર્મચારીઓને આરોગ્ય માટે જરૂરી તકેદારી રાખવા પણ સૂચના આપી હતી. ઉપરાંત, લારી ધારકો સાથે સહજ ભાવે વાતચીત કરતાં વધુ સારી સ્વચ્છતા જળવાય તે માટે સહિયારો પ્રયાસ કરવા પર ભાર મૂક્યો હતો. સાથે જ, તેમણે અહીંના શાકભાજીના નાના વેપારીઓને પ્રોત્સાહિત કરતાં તેમની પાસેથી પ્રતીકાત્મક રીતે ખરીદી પણ કરી હતી.

રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, દેશભરની સાથે સાથે જૂનાગઢમાં પણ સફાઈ ઝુંબેશ યોજાઈ રહી છે. મહાત્મા ગાંધીજીએ સ્વચ્છતા માટેની જે ચળવળ શરૂ કરી હતી, તેને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આગળ વધારી દેશ અને નગરને સ્વચ્છ બનાવવાનું આહવાન કર્યું છે. આ માટે સ્વચ્છતાનો આગ્રહ રોજિંદા જીવનનો ભાગ બનવો જરૂરી છે. તેમણે આધ્યાત્મિક ધરોહર ધરાવતા જૂનાગઢ શહેરમાં આવવાનું પોતાનું સૌભાગ્ય પણ માન્યું હતું.

## જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી

### વન્ય પ્રાણીઓની રખેવાળી અને મુલાકાતીઓ માટેની સુવિધાઓ સમીક્ષા કરી



રાજયના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ અને પરિવહન રાજ્યમંત્રી પ્રવીણભાઈ માળીએ ગઈકાલે ગુજરાતના સૌથી જૂના અને જૂનાગઢમાં આવેલા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લઈ, વન્ય પ્રાણીઓની વિશિષ્ટતા, તેમના સ્વભાવ, સંરક્ષણ વગેરે બાબતોની તલસ્પર્શી વિગતો મેળવી હતી. અને વન્ય પ્રાણીઓના રખરખાવ, મુલાકાતીઓ માટેની સુવિધાઓ તથા વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટેની જાગૃતિ સહિતની કામગીરીની સમીક્ષા કરી હતી.

રાજ્યમંત્રી એ જણાવ્યું હતું કે, ગુજરાતના સૌથી જૂના અને મોટા એવા સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં ૧૦ લાખ જેટલા મુલાકાતીઓ આવે છે. ત્યારે મુલાકાતીઓ માટેની સુવિધાઓમાં વધારો થાય અને મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સાથે જ, સક્કરબાગ ઝૂની ભવ્યતા વધે તે માટે પણ આવશ્યક નવીનીકરણ સહિતની કામગીરી માટે સૂચના આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે, નેચર એજ્યુકેશન અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે જનજાગૃતિની પણ કામગીરી થઈ રહી છે.

# જૂનાગઢ: ભારતીય મગફળી અનુસંધાન સંસ્થાન દ્વારા ૪૦૦ ખેડૂતોને આધુનિક કૃષિ ઉપકરણથી માહિતગાર કરાયા

### કિસાન મેળામાં ૪૦થી વધુ સંસ્થાઓએ અત્યાધુનિક કૃષિ ઉત્પાદનો, મશીનરી અને નવી ટ્રેકનું કર્યું પ્રદર્શન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**




જુનાગઢ ખાતે આઈ.સી.એ.આર.-ભારતીય મગફળી અનુસંધાન સંસ્થાન દ્વારા તેના ૪૮મા સ્થાપના દિવસ નિમિત્તે ગઈકાલે એક ભવ્ય 'કિસાન મેળા' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળામાં ગુજરાત અને પડોશી રાજ્યોમાંથી ૪૦૦ થી વધુ ખેડૂતો એ આધુનિક કૃષિ ઉકેલોની માહિતી મેળવવા કૃષિ વૈજ્ઞાનિકો અને આગેવાનો સાથે જોડાયા હતા. ખેતીને આધુનિક બનાવવા માટે ૪૦ થી વધુ સંસ્થાઓ અને કંપનીઓએ અત્યાધુનિક કૃષિ ઉત્પાદનો, મશીનરી અને નવી ટેકનોલોજીનું પ્રદર્શન કર્યું હતું.

વાઈસ-ચાન્સેલર, વિશ્વભારતી યુનિવર્સિટી, કોલકાતા ડો. પી.કે. ઘોષે જણાવ્યુ હતુ કે, હવામાન પરિવર્તન અને પ્રતિકૂળ જમીનની પરિસ્થિતિઓ સામે પાક ઉત્પાદનને વધુ મજબૂત કરવા અપીલ કરી. ખેડૂતોને મગફળીની 'ગિરનાર ૪' અને 'ગિરનાર ૫' જેવી બાયોફોર્ટિફાઈડ (પોષક તત્વોથી ભરપૂર) જાતો વાવવા, પાકને એફ્લાટોક્સિનથી બચાવવા, વેલ્યુ એડિશન (મૂલ્ય સંવર્ધન) કરવા અને નિકાસ વધારવા પર ભાર મૂક્યો હતો. નાબાર્ડના અધિકારીઓ ડો. એસ.કે. ઝા, ડો. પી.આર. ચૌધરી, ડો. એસ.કે. બેરા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સત્તાધિકારીઓ, નાબાર્ડ, ખાનગી કંપનીઓ, બિયારણ ઉત્પાદકો અને ખેડૂત આગેવાનોએ આ ભલામણોને સમર્થન આપ્યું હતું. તેમણે વૈશ્વિક હવામાનમાં થતા ફેરફારો અને એલ નિનોની સ્થિતિ વચ્ચે ખેતીને નફાકારક રાખવાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો.

આ સાથે આબોહવા પડકારોનો સામનો કરવા વૈજ્ઞાનિકોએ ખેડૂતોને દુષ્કાળ સામે ટકી શકે તેવી વધુ ઉત્પાદન આપતી મગફળીની જાતોની સાથે ઓછા સમયમાં પાકતા ધાન્ય (બાજરી, જુવાર) અને કઠોળના પાક વાવવા,પાણી બચાવવા માટે ટપક અને ફુવારા પદ્ધતિ અપનાવવા, જમીનમાં ભેજ જાળવી રાખવા માટે છાણિયું ખાતર, કમ્પોસ્ટ અને બાયોફર્ટિલાઈઝરનો ઉપયોગ કરવા, પાકની તંદુરસ્તીની દેખરેખ અને ચોક્કસ દવા કે પાણીની જરૂરિયાત ઓળખવા માટે ડ્રોન ટેકનોલોજી નો ઉપયોગ કરવા માર્ગદર્શન અપાયું હતું.

આ તકે ઉપસ્થિત ધારાસભ્ય સંજય કોરડિયા એ ખેતીમાં યાંત્રીકીકરણ (મિકેનાઈઝેશન) લાવવા, પ્રિસિઝન ફાર્મિંગ અને સંકલિત ટેકનોલોજી અપનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ જણાવ્યું કે, હવે આપણે ખેતીને માત્ર આજીવિકાનું સાધન નહીં પરંતુ

### સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# ખંભાળિયા: સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનાર યોજાયો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના ખંભાળીયા ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સશસ્ત્ર દળ સન્માન સમારોહ તથા સાયબર ક્રાઈમ અંગે જનજાગૃતિ હેતુ અવેરનેસ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના નિવૃત સૈનિકો અને હોમગાર્ડઝના જવાનોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત નાગરિકોને સાયબર ગુન્હાઓના વિવિધ પ્રકારો, તેનાથી બચવાના ઉપાયો તથા સાયબર ગુન્હાનો ભોગ બન્યા બાદ તાત્કાલીક લેવાના પગલાંઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાયબર ક્રાઈમના વિવિધ પ્રકારો અંગે સમજ આપતા ઓનલાઈન ફાઈનાન્સીયલ ફ્રોડ, ઓ.ટી.પી./કે.વાય.સી. ફ્રોડ, ફીશીંગ લિંક, સોશ્યલ મીડીયા ફ્રોડ તથા સાયબર બુલિંગ જેવી છેતરપિંડીથી સાવચેત રહેવા લાઈવ ડેમોન્સ્ટ્રેશન બતાવવામાં આવ્યા હતા.

# અંજાર: શિક્ષણમંત્રી ત્રિકમ છાંગાની ઉપસ્થિતિમાં સરકારી હોસ્પિટલમાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

### ક્ષય રોગ નાબુદી અભિયાનમાં પ્રશંસનીય યોગદાન આપનારા મિત્રોને પ્રમાણપત્રો આપી સન્માનિત કરાયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

'સેવા મારો સંકલ્પ' અભિયાન અંતર્ગત અંજાર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા તેમજ શહેર તેમજ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમમાં સંબોધન કરતાં રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે અંજાર તાલુકાના દરેક ટીબી દર્દીને સમયસર અને નિયમિત સારવાર મળવાની સાથે સેવા, સન્માન અને પૂરતો સહયોગ ઉપલબ્ધ થવો જોઈએ. તેમણે દરેક દર્દીને નિયમિત પોષણ કીટ મળે તે સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. ટીબી મુક્ત ભારતના સંકલ્પને સિદ્ધ કરવા માટે દર્દીઓના પોષણ અને સારવારમાં સમાજના તમામ વર્ગોના સહિયારા પ્રયાસો જરૂરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ કેમ્પ દરમિયાન નાગરિકો માટે વિવિધ રોગોની આરોગ્ય તપાસ, જરૂરી સારવાર તેમજ નિષ્ણાત તબીબો દ્વારા તબીબી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાથોસાથ અંજાર તાલુકામાં ક્ષય રોગ નાબૂદી અભિયાનમાં પ્રશંસનીય યોગદાન આપનારા નિ-ક્ષય મિત્રોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા અને ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# માણાવદરમાં 'સાથી પોર્ટલ' અંગે બિયારણ વિક્રેતાઓને ઓનલાઈન ખરીદી-વેંચાણની સચોટ માહિતી અપાઇ



**અબતક, જીગ્નેશ પટેલ, માણાવદર**

માણાવદરના જીઈબી પાછળ આવેલ બાલકૃષ્ણ કોમ્યુનિટી હોલ ખાતે બિયારણ વિક્રેતાઓ માટે એક મહત્વપૂર્ણ બેઠક અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માણાવદર તેમજ વંથલી તાલુકાના બિયારણના વેપારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સરકાર દ્વારા 'સાથી' પોર્ટલ મારફતે દરેક બિયારણ વિક્રેતાઓએ પ્રમાણિત બિયારણનું જ વેચાણ કરવાનો નિયમ અમલી બનાવવામાં આવ્યો છે.

આ અંતર્ગત જૂનાગઢ કચેરીના મદદનીશ ખેતી નિયામક અધિકારીઓ દ્વારા માણાવદર અને વંથલી તાલુકાના વેપારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન સાથી પોર્ટલ પર બિયારણનું ઓનલાઈન ખરીદ-વેચાણ કઈ રીતે કરવું તે અંગે અધિકારીઓએ વિગતવાર અને સચોટ માહિતી આપી હતી.

# કાલાવડ વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા રવિવારે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

### કથા ગંગાનું રસપાન કરાવશે ભાગવત કથાકાર લાલજી મહારાજ: વિવિધ ધાર્મિક-સામાજિક કાર્યક્રમોનું પણ આયોજન

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

વાટલીયા પ્રજાપતિ સમાજ દ્વારા કાલાવડ શહેરમાં ભક્તિ, જ્ઞાન અને આધ્યાત્મિકતાના સંગમ સમાન શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૦૪/૧૦ થી તા. ૧૦/૧૦ ૬ સુધી યોજાનાર આ ભાગવત સપ્તાહ દરમિયાન કથાવક્તા ભાગવત કથાકાર લાલજી મહારાજ દ્વારા શ્રદ્ધાળુઓને શ્રીમદ્ ભાગવત કથા ગંગાનું રસપાન કરાવવામાં આવશે.

આ ધાર્મિક આયોજન ગણેશ મંદિર, સરકારી હોસ્પિટલ પાસે, કાલાવડ ખાતે યોજાશે. દરરોજ બપોરે ૩:૩૦થી સાંજે ૭:૦૦ કલાક સુધી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાગવત સપ્તાહના પ્રથમ દિવસે તા. ૦૪/૧૦/૨૦૨૬, રવિવારના રોજ બપોરે ૩:૦૦ કલાકે પૂજન-અર્ચન તેમજ પોથીયાત્રા યોજાશે. ત્યારબાદ ભાગવત કથાનો પ્રારંભ કરવામાં આવશે.

બુધવારે રાત્રે ૯:૦૦ કલાકે સંતવાણી કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં કલાકાર દેવલબેન ભરવાડ, મુકેશ બારોટ, નૈતિક વ્યાસ ભકિતમય વાતાવરણમાં સંતવાણીનો લાભ શ્રદ્ધાળુઓને મળશે.

# સફાઈ અભિયાનમાં જોડાતા ધારાસભ્ય મેઘજી ચાવડા



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૨૫ વર્ષ જન સેવાના અન્વયે સેવા સંકલ્પ અભિયાન'' અંતર્ગત સફાઈ અભિયાન કાર્યક્રમ કાલાવડ તાલુકાના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, જીલ્લા ભાજપ પ્રમુખ ડો.વિનોદભાઈ ભંડેરી તથા નગરપાલિકા પ્રમુખ રંજનબેન રાખોલીયા તથા નગરપાલિકા ચીફ ઓફિસર નિકુંજભાઈ વોરા ની ઉપસ્થિતીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુક્તિધામ-જામનગર રોડ ખાતે સફાઈ કરવામાં આવી હતી જેમાં નગરપાલિકા સદસ્ય મોહિત મહેતા, સુરેશ સોલંકી, બાદલ મહેતા,નરેશ સોંદરવા, દયાબેન ઝાપડા, જય મહેતા, સહદેવસિંહ જાડેજા,સુજાતાબેન સિંગલ, મંજુલાબેન લીંબાણી, મીનાબેન ખંભાયતા,દુદાભાઈ મકવાણા, જીતેન્દ્ર બગડા, સહિત ઉપસ્થિત રહ્યાં હતાં

# માણાવદર: લાયન્સ કલબ દ્વારા ખાદી પ્રત્યે લોકોની રૂચિ વધારવા ગાંધી હાટનો કરાયો પ્રારંભ



**અબતક, જીગ્નેશ પટેલ, માણાવદર**

લાયન્સ કલબ માણાવદર દ્વારા લાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે 'ગાંધી હાટ'ના ૨૫મા વર્ષનું ઉદઘાટન કરાયું. ગાંધી જયંતી નિમિત્તે ખાદી પ્રત્યે લોકોની રૂચિ વધારવાના ઉદ્દેશ્યથી આ હાટનું આયોજન કરાયું છે. ખાદી ભવન દ્વારા ૨૫% અને લાયન્સ કલબ માણાવદર દ્વારા વધારાનું ૧૦% ડિસ્કાઉન્ટ મળીને ગ્રાહકોને કુલ ૩૫% વળતર અપાશે. ઉદ્ઘાટન પ્રસંગે લાયન્સ કલબ માણાવદરના એડમિનિસ્ટ્રેટર ગોપાલભાઈ ભાલોડીયા અને લાયન ડો.પંકજભાઈ જોષીએ સંબોધન કર્યું. તેમણે ગાંધીજીના આદર્શો અને ખાદીના આર્થિક-સામાજિક મહત્વ પર વાત કરી.

# ખેડુતો પ્રાકૃતિક કૃષિ થકી મેળવી શકે છે મબલખ શાકભાજીનું ઉત્પાદન: કૃષિ તજજ્ઞો

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

પ્રાકૃતિક કૃષિ દ્વારા જૂનાગઢ જિલ્લાના ખેડૂતો શાકભાજીના પાકનું વાવેતર કરવા માટે શું કરવું તથા શું ન કરવું તે અંગેની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

ઓક્ટોબરની શરૂઆત સાથે જ હલકી ઠંડીની શરૂઆત થાય છે, જે શાકભાજીના પાક માટે ઉત્તમ માનવામાં આવે છે. જેમાં પ્રાકૃતિક કૃષિ (દેશી ગાય આધારિત ખેતી) ના માધ્યમથી શાકભાજી ઉગાડવા માટે કેટલીક મહત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. અત્યારે જૂનાગઢ જિલ્લાના ખેડૂતો ઓક્ટોબર મહિનામાં ટામેટા, રીંગણ, મરચી, કોબીજ, ફૂલકોબી, ભીંડા અને ગવાર અને વેલાવાળા શાકભાજી જેવા કે કારેલા, દૂધી, તૂરીયા અને ગલકાનું વાવેતર શરૂ કરી શકે છે.

કૃષિ નિષ્ણાતોના મતે શું કરવું ? તે જોઈએ તો, વાવેતર કરતા પહેલા જમીનને સારી રીતે ખેડીને સમતલ કરી લેવી. જમીનની ફળદ્રુપતા વધારવા માટે જીવામૃત અને ઘન જીવામૃતનો નિયમિત ઉપયોગ કરવો. શાકભાજી માટે ખેતરની સ્થિતિ મુજબ ખાતરીબંધ અને દેશી બિયારણો પસંદ કરવા, જેનાથી છોડમાં રોગ સામે લડવાની શકિત વધારે હોય. જમીનમાં ભેજ જાળવી રાખવા માટે ખેતરમાં પશુઓના ખાતર કે ડ્રાય વેસ્ટથી મલ્ચિંગ કરવું, જેથી પાણીની બચત થાય અને નિંદામણ ઓછું ઉગે. તથા પાકમાં કોઈપણ પ્રકારના કીટક કે રોગની શરૂઆત થાય ત્યારે નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર કે અગ્નિઅસ્ત્રનો ઉપયોગ કરવો.

શું ન કરવું ? તે ખેતી નિષ્ણાતોના મતે જોઈએ તો, ખેતરમાં યુરિયા, ડી.એ.પી. અથવા કોઈપણ પ્રકારના કેમિકલ પેસ્ટિસાઈડનો વાપર બિલકુલ ન કરવો, કેમ કે તે પ્રાકૃતિક રીતે સારા સૂક્ષ્મ જીવોને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. શાકભાજીમાં જરૂરિયાત કરતા વધારે પાણી ન ભરવું, જેથી મૂળનો વિકાસ અટકી ન જાય અને ફૂગ (ફંગસ) ન લાગે. ક્રોપ રોટેશન (પાક પરિવર્તન) નો નિયમ ભંગ ન કરવો, અન્યથા જમીનની રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. એકનો એક પાક લાંબા સમયગાળા માટે લેવાથી જમીનની ફળદ્રુપતા ઘટી જાય છે. જમીનની અંદર રહેલા સારા બેકટેરિયા કેમિકલ સ્પ્રેના આડેધડ ઉપયોગથી મરી જાય છે, તેથી ખેડુતોએ તેનાથી દૂર જ રહેવું જોઈએ.

# સુરેન્દ્રનગર: આગામી એક વર્ષ સુધી ચારથી વધુ લોકોને વગર પરવાનગીએ એકઠાં થવા પર પ્રતિબંધ

### ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી પૂર્વ પરવાનગી વિના હડતાલ પર બેસવા ચારથી વધુ લોકોને એકઠા થવા પર મૂકાયો પ્રતિબંધ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં નાગરિકો પોતાની માંગણી, રજૂઆત માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જીલ્લા સેવા સદન તથા અન્ય સરકારી કચેરીના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા રસ્તા પર પ્રતીક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભૂખ હડતાલ પર ઓચિંતુ અને મનસ્વીપણે બેસી કચેરીઓમાં તેમજ જાહેર રસ્તા પર અવરોધ ઉભો કરે છે. તેમજ જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસની ઘટનાઓ વારંવાર બનતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

જેના પરિણામે કચેરીઓમાં આવતા અરજદારો અને પ્રજાજનો માટે અસુવિધા ઉભી થાય છે તેમજ કચેરીની અને કામ કરતા કર્મચારીઓની કામગીરીને પણ અસર પહોંચે છે. આથી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ જાહેર વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા વિવિધ પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ સુરેન્દ્રનગર જીલ્લાના સમગ્ર વિસ્તારમાં આગામી તા.૨૩.૦૯.૨૦૨૭ સુધીના સમયગાળા દરમિયાન પૂર્વ પરવાનગી સિવાય રાજ્ય સરકારના વિભાગો હસ્તકની કે તેના તાબાની તમામ કચેરીઓ તેમજ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોની કે તેમના તાબાની તમામ કચેરીઓ ખાતે તથા કચેરીઓના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ પાસેના મુખ્ય રોડ અને જાહેર માર્ગ પર ઉપવાસ, આમરણાંત ઉપવાસ, ધરણાં, ભૂખ હડતાળ પર બેસવા કે ચાર કરતાં વધુ માણસો એકત્ર થવા કે કચેરીના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પ્રવેશ કર્યા બાદ સભા, સરઘસ સૂત્રોચ્ચાર કરવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓ, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓ, લગ્નના વરઘોડા તથા સ્મશાન યાત્રાને, તંત્ર તરફથી આપવામાં આવેલ પરવાનગી દ્વારા આયોજીત કાર્યક્રમો કે અભિયાન અંતર્ગત કરવામાં આવતા આયોજનોને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનો ભંગ અથવા મદદગીરી કરનાર શખ્સો દંડ અને શિક્ષાને પાત્ર થશે.

# એશિયન ગેમ્સમાં ગોલ્ફમાં પ્રણવી ઉર્સે રચ્યો ઈતિહાસઃ ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી



## ભારતે અત્યાર સુધી ૧૮ ગોલ્ડ, ૨૫ સિલ્વર અને ૩૫ બ્રોન્ઝ મેડલ જીત્યા

**અબતક, રાજકોટ**

એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતીય મહિલા ગોલ્ફર પ્રણવી ઉર્સે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરીને ઈતિહાસ રચ્યો છે. તેણીએ મહિલાઓની વ્યકિતગત ગોલ્ફ સ્પર્ધામાં ભારત માટે ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) જીતીને દેશનું નામ રોશન કર્યું છે. આ ગોલ્ડન જીત સાથે પ્રણવી એશિયન ગેમ્સમાં ગોલ્ફની વ્યક્તિગત સ્પર્ધામાં સ્વર્ણ પદક જીતનારી સર્વપ્રથમ ભારતીય મહિલા ગોલ્ફર બની ગઈ છે. ભારતે અત્યાર સુધી ૧૮ ગોલ્ડ, ૨૫ સિલ્વર અને ૩૫ બ્રોન્ઝ મેડલ જીત્યા છે.ફાઈનલ રાઉન્ડની રમત શરૂ થાય તે પહેલાં જ પ્રણવી ઉર્સ ૧૫-અંડર ૧૯૫ ના સ્કોર સાથે પોતાના હરીફો કરતાં ત્રણ શોટ આગળ ચાલી રહી હતી. આ મજબૂત સરસાઈ જાળવી રાખીને તેણીએ આખરી રાઉન્ડમાં પણ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું અને ભારત માટે સુવર્ણ ચંદ્રક પાકો કર્યો હતો. તેણે અંતિમ રાઉન્ડમાં એક સ્ટ્રોકની પાતળી લીડ જાળવી રાખીને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી જેનાથી દેશને ટીમ સિલ્વર મેડલ મેળવવામાં પણ મદદ મળી.મૈસુરની ૨૩ વર્ષીય ખેલાડીએ ત્રીજા હોલ પર ભયાનક ટ્રિપલ બોગીમાંથી બહાર નીકળવા માટે ત્રણ બર્ડી મોકલી, જેના કારણે તેણીની રાતોરાત ત્રણ સ્ટ્રોકની લીડ ભૂંસી નાખવામાં આવી હતી. ભારતની મહિલાઓએ ગોલ્ફ ટીમ ઈવેન્ટમાં ૧૪-અંડર ૫૪૬ ના સ્કોર સાથે સિલ્વર મેડલ પણ જીત્યો. ભારતીય ત્રિપુટી પ્રણવી ઉર્સ, અદિતિ અશોક અને દીક્ષા ડાગર સિલ્વર મેડલ સાથે ઘરે પરત ફરશે. ત્રીજા હોલ પર ટ્રિપલ બોગીએ તેની ત્રણ-સ્ટ્રોક રાતોરાત લીડ ભૂંસી નાખ્યા પછી મૈસુર ગોલ્ફર ઝડપથી સ્વસ્થ થઈ ગઈ. જોકે, તેણીએ ત્રણ બર્ડી સાથે પોતાનો રાઉન્ડ જાળવી રાખ્યો અને ટોચના સ્પોન્સરશિપ માટે દાવેદારી જાળવી રાખી.

પ્રણવી ઉર્સના સ્કોરે ભારતની ટીમ સિલ્વર પ્રયાસમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં અદિતિ અશોકે ૬૭ અને દીક્ષા ડાગરે ફાઈનલ રાઉન્ડમાં ૭૭નો સ્કોર કર્યો હતો. આ બે શ્રેષ્ઠ સ્કોર ટીમ સ્ટેન્ડિંગમાં ગણાય છે, જેના કારણે ભારત ૧૪-અંડર ૫૪૬ પર છે, જ્યારે ચીને ૨૨-અંડર ૫૩૮ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પ્રણવીનો મેડલ એ ૨૦૦૨માં શિવ કપૂરે પુરુષોની વ્યક્તિગત સ્પર્ધામાં સર્વોચ્ચ સન્માન મેળવ્યા બાદ ભારતનો પ્રથમ સુવર્ણ ચંદ્રક હતો.આ સાથે ભારતના ગોલ્ડ મેડલની સંખ્યા પણ વધી છે.

## કુમકુમ મોહોડે રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો



ભારતની ૧૭ વર્ષની યુવા મહિલા તીરંદાજ કુમકુમ મોહોડે એશિયન ગેમ્સ ૨૦૨૬ માં વ્યકિતગત રિકર્વ તીરંદાજી ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો. કુમકુમ રિકર્વ ઈવેન્ટમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે, જેમાં તેણીએ ગોલ્ડ મેડલ મેચમાં દક્ષિણ કોરિયન ખેલાડીને હરાવીને મેડલ જીત્યો હતો. કુમકુમ અને ઓહ યેજિન વચ્ચેનો ગોલ્ડ મેડલ મેચ, જે પાંચ સેટ સુધી ચાલ્યો હતો, ખૂબ જ રોમાંચક રહ્યો. મેચ ડ્રોમાં સમાપ્ત થયા પછી, તે શૂટ-ઓફમાં નક્કી થયો, જ્યાં કુમકુમે પોતાની પ્રતિભા બતાવી અને સચોટ શોટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો.કુમકુમ મોહોદે સુવર્ણ ચંદ્રકની મેચમાં દક્ષિણ કોરિયાની ઓહ યેજિન સામે મુકાબલો કર્યો હતો. બંને ખેલાડીઓ વચ્ચેની આ મેચ શરૂઆતથી જ રોમાંચક રહી હતી. બંને તીરંદાજોએ શાનદાર પ્રદર્શન કરતાં એકબીજાને જોરદાર ટક્કર આપી હતી. પાંચ સેટ સુધી ચાલેલી આ મેચમાં કોઈપણ ખેલાડી સરળતાથી હાર માનવા તૈયાર નહોતી.મેચના અંતે બંને ખેલાડીઓના સ્કોર બરાબર રહ્યા હતા. પરિણામ નક્કી કરવા માટે શૂટ-ઓફનો સહારો લેવાયો હતો. આવી સ્થિતિમાં ખેલાડી પર દબાણ ઘણું વધી જાય છે, કારણ કે માત્ર એક સચોટ નિશાન સમગ્ર મેચનું પરિણામ બદલી શકે છે.શૂટ-ઓફમાં કુમકુમ મોહોદે પોતાની એકાગ્રતા અને આત્મવિશ્વાસ જાળવી રાખ્યો હતો. તેણે નિશાન પર સચોટ તીર છોડીને દક્ષિણ કોરિયાની ખેલાડીને પાછળ છોડી દીધી હતી. આ સાથે જ કુમકુમના નામે એશિયન ગેમ્સનું સુવર્ણ ચંદ્રક નોંધાયું હતું.

# ૪૪ વર્ષ બાદ ભારતની મહિલા હોકી ટીમે ચીનને હરાવી ગોલ્ડ જીત્યો

## ભારતની અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ શાનદાર બચાવ કરીને ચીનને ગોલ કરતા અટકાવ્યું હતુંઃ ભારતની ૧-૦થી ઐતહાસિક જીત

### લાલરેમસિયામીએ મેચની ૧૦મી મિનિટે ગોલ કર્યો

ભારતીય મહિલા હોકી ટીમે મેચની શરૂઆતથી જ ચીન પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. જોકે બલજીત કૌરને રમતની છઠ્ઠી મિનિટમાં ગ્રીન કાર્ડ મળ્યું, પરંતુ ટીમે પોતાનું આક્રમણ ચાલુ રાખ્યું. મેચની ૧૦મી મિનિટે લાલરેમસિયામીએ શાનદાર ફિલ્ડ ગોલ કરીને ભારતને ૧-૦ ની લીડ અપાવી. આ લાલરેમસિયામીનો ૨૦૦મો આંતરરાષ્ટ્રીય મેચ હતો. ત્યારબાદ ભારતને ગોલ કરવાની બીજી તક મળી (પેનલ્ટી કોર્નર), પરંતુ તેને ગોલમાં રૂપાંતરિત કરવામાં નિષ્ફળ ગઈ. આમ છતાં, ભારતીય ટીમે પ્રથમ ક્વાર્ટરના અંત સુધી ૧-૦ ની લીડ જાળવી રાખી હતી.



### મહિલા હોકી ટીમે ૨૦૨૮ ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું

ભારતની મહિલા હોકી ટીમે ગોલ્ડ મેડલ જીતી લીધો છે. ફાઈનલમાં ભારતે ચીનને ૧-૦ થી હરાવ્યું. એશિયન ગેમ્સમાં ભારતીય મહિલા હોકીનો ૪૪ વર્ષ પછી આ પહેલો ગોલ્ડ મેડલ છે. ભારતે આ પહેલાં ૧૯૮૨માં ગોલ્ડ મેડલ જીત્યો હતો.

આ જીત સાથે ભારતે લોસ એન્જિલસ ૨૦૨૮ ઓલિમ્પિક માટે સીધું ક્વોલિફાય પણ કરી લીધું છે. ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિક માટે ભારતીય ટીમ ક્વોલિફાય કરી શકી નહોતી. આ પહેલાં ટોકિયો ઓલિમ્પિક ૨૦૨૦માં ટીમે ચોથું સ્થાન મેળવ્યું હતું.

**અબતક, રાજકોટ**

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતની મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરતા ફાઈનલમાં ચીનને ૧-૦થી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. ભારતીય ટીમની આ જીતથી દેશના રમતપ્રેમીઓમાં ખુશીની લહેર ફેલાઈ છે. ટીમે સમગ્ર ટૂર્નામેન્ટમાં મજબૂત રમતનું પ્રદર્શન કરીને અંતે સુવર્ણ સફળતા મેળવી છે.આ સાથે એશિયન ગેમ્સમાં ભારતે કુલ ૧૮ ગોલ્ડ મેડલ જીત્યા છે.મહિલા હોકી ટીમના ગોલ્ડ સાથે એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતના મેડલ ખાતામાં વધુ એક સુવર્ણનો ઉમેરો થયો છે. ફાઈનલમાં ભારતીય ખેલાડીઓએ ચીન સામે સંયમ અને આક્રમકતા વચ્ચે સંતુલન જાળવીને ૧-૦ની મહત્વપૂર્ણ જીત નોંધાવી હતી.ચીને મેચના બીજા ક્વાર્ટરમાં ખૂબ જ આક્રમક રમત રમી અને ભારતીય ટીમ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. ચીનને બરાબરી કરવાની સૌથી મોટી તક ત્યારે મળી જ્યારે તેમને પેનલ્ટી સ્ટ્રોક આપવામાં આવ્યો. જોકે, ભારતની અનુભવી ગોલકીપર સવિતા પુનિયાએ શાનદાર બચાવ કરીને ચીનને ગોલ કરતા અટકાવ્યું હતું. આ પછી પણ ચીને આક્રમક રમત રમવાનું ચાલુ રાખ્યું, પરંતુ ભારતીય ડિફેન્ડર્સે દરેક પ્રયાસને નિષ્ફળ બનાવતા ઉત્તમ રમત દર્શાવી હતી. આ સમયગાળા દરમિયાન, ભારતીય ટીમ મોટાભાગે બચાવ કરવામાં રહી અને હાફટાઈમ સુધી ૧-૦ ની લીડ જાળવી રાખી. રમતની ૨૮મી મિનિટમાં ચીની ખેલાડી વેન ડેનને ફાઉલ માટે ગ્રીન કાર્ડ આપવામાં આવ્યું હતું.

૫૩ કરોડ ''દૂઝણા'' પશુઓ છતાં ફરી પશુધનની ઉપેક્ષા?

# હવે પશુઓની લોન ,સબસિડી અને વીમા પકવવામાં ''લાલિયાવાડી'' નહીં ચાલે

## પશુનું રસીકરણ, માલિકીની વિગત, દૂધ ઉત્પાદન અને વીમાનો રેકોર્ડ એક જ ટેગ નંબર હેઠળ સિંક થવો જોઈએ જેથી લોન આપતી વખતે બેંક એક જ ક્લિકમાં બધી માહિતી જોઈ શકે

### આની ગ્રામીણ અર્થવ્યવસ્થા પર શું અસર થશે?

૧૨-આંકડાના ટેગથી ૩૬ કરોડથી વધુ પશુઓની 'ભારત પશુધન' પર સત્તાવાર નોંધણી થઈ, જેથી માલિકી અને ઓળખનો વિવાદ અટકશે. દૂધના ઉત્પાદન આધારે ચોક્કસ મૂલ્યાંકન નક્કી થયું. અન્ય પશુઓની કિંમત ડોક્ટર કે પંચાયત નક્કી કરે છે. વીમા પ્રીમિયમનો ૮૫% ખર્ચ સરકાર ભરે છે અને પશુપાલકે માત્ર ૧૫% જ ચૂકવવાનો હોવાથી પશુના મૃત્યુ સમયે આર્થિક પાયમાલીથી બચી શકાય છે. ટેગ વાળા ફોટા અને સરકારી ડોક્ટરના સર્ટિફિકેટથી બોગસ કલેમ બંધ થશે અને સાચા પશુપાલકને પૈસા ઝડપથી મળશે.




### 'પશુ આધાર' અને વીમા યોજનામાં થતી લાલિયાવાડી

પશુચિકિત્સક સાથે સેટિંગ કરીને ઓછું દૂધ આપતી ગાય કે ભેંસનું દૂધ કાગળ પર વધારે બતાવી,ખોટી પશુની બતાવી મોટા કલેમનું સેટઅપ કરવું. પ્લાસ્ટિકના ૧૨-આંકડાના ઈયર-ટેગ કાઢીને વીમો ન લીધેલા કે અચાનક મરી ગયેલા બીજા સામાન્ય પશુના કાનમાં લગાવીને બોગસ વીમા કલેમ પકાવી લેવો.પશુના સ્વાભાવિક કે બીમારીથી થયેલા મૃત્યુ પછી સરકારી ડોક્ટરને અનુકૂળ રિપોર્ટ બનાવવા માટે 'ઉપરની કમાણી' આપીને ડેથ સર્ટિફિકેટ મેળવી લેવું. વીમા કંપનીઓ સરકાર પાસેથી ૮૫% સબસિડીનો હિસ્સો ઉઘરાવી લે છે, પણ સામાન્ય પશુપાલકના સાચા કલેમ વખતે કાગળોના નાના બહાના કાઢીને કલેમ ફગાવી દે છે. 'ભારત પશુધન' પોર્ટલમાં ટેકનિકલ ખામીઓ, સર્વર પ્રોબ્લેમ કે ડોક્ટર સમયસર ન આવવાને કારણે મરેલા પશુનું પંચનામું અટકી જાય છે અને વળતર મળવામાં મહિનાઓ નીકળી જાય છે. ડિજિટલ રજિસ્ટ્રેશન થયા પછી પણ બેંકો આ ડેટાને લોન આપવા માટે સીધો ગ્રાહ્ય રાખતી નથી, જેથી પશુપાલકને તાત્કાલિક ધિરાણ મળવામાં હજુ પણ મુશ્કેલી પડે છે.

### ડિજિટલ ઓળખથી શું ફાયદો થશે ?

પશુ સત્તાવાર સંપત્તિ બનવાથી કિસાન ક્રેડિટ કાર્ડ અને પશુપાલન લોન ઝડપથી મળશે.સાચા પશુપાલકને વચેટિયા વગર વીમા વળતર ત્વરિત મળશે અને બોગસ કલેમ અટકશે. રસીકરણ, બીજદાન અને સારવારની આખી હિસ્ટ્રી 'ભારત પશુધન' પોર્ટલ પર ઉપલબ્ધ રહેશે. પશુની સાચી ઉંમર, દૂધ ક્ષમતા અને માલિકી સ્પષ્ટ રહેવાથી ખરીદ-વેચાણમાં છેતરપિંડી નહીં થાય. ચેપી રોગ ફેલાય ત્યારે અસરગ્રસ્ત પશુઓને તુરંત ટ્રેક કરી રસીકરણ કરી શકાશે.

**અબતક, રાજકોટ**

નાનપણમાં આપણે સૌ જ્યારે શાળાએ જવાનું શરૂ કરતા ત્યારે ''એ ફોર એપલ'' અને છેલ્લે ''વાય ફોર યાક'' જેવા શબ્દો ભણતા. પરંતુ ક્યારેય વિચાર્યું છે કે આ જાનવરો, ખાસ કરીને ગાય, ભેંસ, બકરા કે ઊંટ, ભારતીય ગામડાંઓની આખી અર્થવ્યવસ્થાનો પાયો છે? ભારતના ગ્રામીણ વિસ્તારમાં પશુધન માત્ર દૂધ કે ખેતીનું સાધન નથી, પરંતુ પશુપાલકની સૌથી મોટી ચલ સંપત્તિ છે. છતાં પણ, આજ સુધી બેંક કે વીમા કંપનીઓ માટે આ પશુઓનું કોઈ સત્તાવાર નાણાકીય અસ્તિત્વ નહોતું.ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં પશુધન સદીઓથી પાયાનું અંગ રહ્યું છે, પરંતુ નાણાકીય અને સરકારી દ્રષ્ટિકોણથી તે અત્યાર સુધી માત્ર એક 'ખેતીનો સહાયક કે પૂરક વ્યવસાય' ગણાતું હતું.

જ્યારે પણ કોઈ બેંક લોન આપે છે અથવા વીમા કંપની ઈન્સ્યોરન્સ આપે છે, ત્યારે તેને મુખ્ય ત્રણ વસ્તુઓની જરૂર હોય છે. ઓળખ -આ કયું ચોક્કસ વાહન કે પશુ છે?, મૂલ્ય -આની બજાર કિંમત કેટલી છે?, ઈતિહાસ -આનો જૂનો મેડિકલ કે માલિકીનો રેકોર્ડ શું છે?. ગાડી માટે ચેસિસ નંબર હોય છે અને મકાન માટે દસ્તાવેજ હોય છે, પરંતુ ભારતના ૫૩ કરોડથી વધુ પશુઓ પાસે આમાંથી કંઈ જ નહોતું. પણ હવે ચિત્ર બદલાઈ રહ્યું છે. સરકાર 'પશુ આધાર' અને નવી વીમા નીતિ દ્વારા દેશના પશુધનને આર્થિક સિસ્ટમ સાથે જોડી રહી છે.

પશુપાલકો પાસે કિંમતી પશુઓ હોવા છતાં બેંકો તેમને લોન આપવા માટે આ પશુઓને જામીન કે સિક્યોરિટી તરીકે સ્વીકારતી નહોતી, કારણ કે પશુની સત્તાવાર ઓળખ કે કિંમત નક્કી કરવાનો કોઈ સર્વસ્વીકૃત રસ્તો નહોતો. અચાનક પશુનું મૃત્યુ થાય ત્યારે પશુપાલક આર્થિક રીતે ભાંગી પડતો હતો. તેને યોગ્ય અને ઝડપી વીમા વળતર આપવું જરૂરી હતું. રસીકરણ, કૃત્રિમ બીજદાન અને રોગચાળા પર નજર રાખવા માટે દરેક પશુનો એક ડિજિટલ રેકોર્ડ હોવો અનિવાર્ય હતો.હાલમાં કિસાન ક્રેડિટ કાર્ડ અને 'ભારત પશુધન' ડેટાબેઝ અલગ-અલગ કામ કરે છે. બેંકો આ ડેટાબેઝનો સીધો ઉપયોગ કરીને પશુ આધારના આધારે ખેડૂતને ત્વરિત લોન આપવાનું શરૂ કરે તે જરૂરી છે. પશુનું રસીકરણ, માલિકીની વિગત, દૂધ ઉત્પાદન અને વીમાનો રેકોર્ડ એક જ ટેગ નંબર હેઠળ સિંક થવો જોઈએ જેથી લોન આપતી વખતે બેંક એક જ ક્લિકમાં બધી માહિતી જોઈ શકે. હાલમાં આ યોજના મોટા ભાગે સરકારી સબસિડી પર નિર્ભર છે.

ભવિષ્યમાં વીમા કંપનીઓ પશુના વાસ્તવિક ડેથ-રેટ અને ડેટાના આધારે પોતે વ્યાજબી પ્રીમિયમ નક્કી કરતી થાય તેવો કમર્શિયલ માહોલ બનાવવો પડશે. ભારતે 'પહેલાં ઓળખ , પછી કિંમત અને છેલ્લે ક્રેડિટ 'નો જે ક્રમ અપનાવ્યો છે તે યોગ્ય દિશામાં છે. કાગળ પર રહેલા પશુઓને જ્યારે આંકડા, કિંમત અને ડિજિટલ રેકોર્ડ મળે છે, ત્યારે તે માત્ર એક જાનવર નથી રહેતું પરંતુ ગ્રામીણ અર્થવ્યવસ્થાનું એક મજબૂત નાણાકીય સાધન બની જાય છે. જો દેશની બેંકો આ ડેટાનો ઉપયોગ પશુપાલકોને ધિરાણ આપવા માટે કરવાનું શરૂ કરશે, તો આ નાનો ટેગ ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં એક મોટો ક્રાંતિકારી બદલાવ લાવી શકશે.

# વેરા રદ કરવા ગોંડલ પાલિકા ઠરાવ કરેઃ કોંગ્રેસ આગેવાન યતિષ દેસાઈ

## ગોંડલ પાલિકામાં વેપારીઓની બેઠકમાં હંગામોઃ કોંગ્રેસ આગેવાન અને કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ વચ્ચે ભૂગર્ભ અને મિલ્કત વેરા મુદે ગરમા ગરમી

**અબતક, જીતેન્દ્ર આચાય ગોંડલ**

ગોંડલ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના વેપારીઓ અને વેપારી એસોસિએશનના હોદ્દેદારો સાથે એક વિશેષ સંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી જયંતી નિમિત્તે શહેરને સ્વચ્છ રાખવાના અને વેપારીઓની સમસ્યાઓ સાંભળવાના હેતુથી બોલાવાયેલી આ બેઠકમાં અચાનક વેરા વધારાનો મુદ્દો ગાજતા વાતાવરણ ગરમ થઈ ગયું હતું.

બેઠક દરમિયાન કોંગ્રેસી આગેવાન યતિષભાઈ દેસાઈએ પ્રજા અને વેપારીઓ પર ઝીંકાયેલા ભુગર્ભ અને મિલ્કત પર બેફામ ઝીંકાયેલા વેરા સામે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા અને શાસકો સમક્ષ ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ''નગરપાલિકામાં ૪૪ સભ્યોની બહુમતી તમારી છે, તો પછી વેપારીઓ અને પ્રજા પરથી અસહ્ય વેરો ઘટાડવા માટે સામાન્ય સભામાં ઠરાવ કરીને કમિશનર કે સરકારમાં કેમ મોકલતા નથી?'' આ સાથે જ તેમણે બેઠકમાં હાજર વેપારીઓને પણ અપીલ કરી હતી કે તેઓ પોતાના હિત માટે મૌન તોડીને ખુલ્લીને રજૂઆત કરે.આ રજૂઆત દરમિયાન કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજા અને યતિષભાઈ દેસાઈ વચ્ચે ભારે શાબ્દિક ગરમાગરમી અને બોલાચાલી થઈ હતી. કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજાએ વળતો પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જો આધાર-પુરાવા સાથે લેખિત રજૂઆત કરવામાં આવે તો નગરપાલિકા ચોક્કસપણે તેનો અભ્યાસ કરીને યોગ્ય કાર્યવાહી કરશે.



આ બેઠકમાં વેપારી આગેવાન ગોપાલભાઈ ટોળિયા, જયકરભાઈ જીવરાજાની સહિત મોટી સંખ્યામાં સ્થાનિક વેપારીઓ અને નગરપાલિકાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકા દ્વારા આ બેઠકમાં રાત્રિના સમયે ખાણી-પીણીની લારીઓ કે રેકડીઓ ચલાવતા વેપારીઓને આસપાસ ગંદકી ન ફેલાવવા, ફરજિયાત ડસ્ટબિન રાખવા અને કચરો ડોર-ટુ-ડોર કચરા ગાડીમાં જ નાખવા કડક સૂચના પણ આપવામાં આવી હતી.

# મહેસૂલી કર્મચારીઓ સોમવારે માસ સીએલ રાખશે તો સર્વિસ બ્રેકની કાર્યવાહી

## કર્મીઓ ફરજ પર હાજર રહે તે માટે કલેકટરોને મહેસુલ વિભાગની તાકીદ

**અબતક, રાજકોટ**

મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા બઢતી-બદલી, જોબ ચાર્ટ સહિત ૧૪ જેટલા મુદ્દાઓ સંબંધે ૫ ઓકટોબરે માસ સીએલ ઉપર જવાની જાહેરાત કરવામાં આવી છે તેને ગંભીરતાથી લઈને મહેસૂલ વિભાગે કલેક્ટરોને તાકીદ કરી છે કે મહેસૂલી કર્મચારીઓ સોમવારે નિયમિત ફરજ પર હાજર રહે તે સુનિશ્ચિત કરવામાં આવે. અન્યથા રજા ઉપર રહેનારા કર્મચારી સામે સર્વિસ બ્રેક સહિતની કાર્યવાહી કરાશે તેવી ચીમકી પણ આપી છે. મહેસૂલ કર્મચારી મહામંડળ દ્વારા લાંબા સમયથી વિવિધ પડતર પ્રશ્નો અંગે આંદોલન ચાલી રહ્યું છે. રજૂઆતો છતાં પ્રશ્નો નહીં ઉકેલાતા આંદોલન હવે ઉગ્રતા પકડી રહ્યું છે અને ૫ ઓકટોબરે માસ સીએલ બાદ ૭ ઓકટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરાશે તેવી જાહેરાત કરાઈ છે. જેના કારણે મહેસૂલ વિભાગની અનેક કામગીરી ખોરવાઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જેને ધ્યાનમાં રાખીને મહેસૂલ વિભાગે કલેક્ટરોને જણાવ્યું છે કે તેમના હસ્તકના તમામ મહેસૂલી કર્મચારીઓ ૫ ઓકટોબરે નિયમિત ફરજ પર હાજર રહે અને માસ સીએલથી અળગા રહે તે માટે લેખિતમાં સૂચના આપવી. તે સાથે અનિવાર્ય સંજોગો સિવાય કોઈપણ કર્મચારીની ૫મીએ સીએલ મંજૂર નહીં કરવા પણ તાકીદ કરી છે. વિભાગે એમપણ જણાવ્યું છે કે માસ સીએલના કાર્યક્રમના ભાગરૂપે સરકારી કામગીરીથી અળગા રહીને સરકારી કામગીરી ન કરનારા કર્મચારી સામે સેવાતૂટ સહિતની અન્ય નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેની જાણ પણ કર્મચારીઓને કરી દેવી. બીજી તરફ મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગ પરમારે ૫મીનો કાર્યક્રમ યથાવત હોવાનું જણાવ્યું છે. સરકાર જ્યાં સુધી ગ્રેડ પે, પગાર ધોરણમાં રહેલી વિસંગતતાઓ અને મહેસૂલી તલાટીઓનો નવો જોબચાર્ટ તૈયાર કરાયો છે

# નર્મદાના નીરથી આખું વર્ષ સાંગોપાંગ નીકળી જશે

## મંત્રી રિવાબા જાડેજા અને ધારાસભ્ય દિવ્યેશ અકબરીની ઉપસ્થિતિમાં પાણી મુદ્દે સમીક્ષા બેઠક સૌની યોજના સાથે રંગમતી, ઊંડ અને ઘી ડેમના પાણીનો જરૂરિયાત મુજબ પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ

જામનગર શહેર અને જિલ્લામાં પીવાના તેમજ સિંચાઈના પાણીના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્યમંત્રી રિવાબા જાડેજા અને ધારાસભ્ય દિવ્યેશ અકબરીની ઉપસ્થિતિમાં વિવિધ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં પાણીની ઉપલબ્ધતા, જળસંગ્રહ અને વિતરણ વ્યવસ્થા સહિતના મુદ્દાઓની સમીક્ષા કરી આગામી સમય માટે પાણીનું સુનિયોજિત આયોજન કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં જામનગર મહાનગરપાલિકાના કમિશનર, સૌની યોજના તથા સિંચાઈ વિભાગના અધિકારીઓ ઉપરાંત મેયર, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. શહેર અને જિલ્લામાં પીવાના પાણીની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી આગામી સમયમાં પાણીની જરૂરિયાતને પહોંચી વળવા કરાયેલી વ્યવસ્થાઓ અંગે વિગતો મેળવવામાં આવી હતી.



બેઠકમાં રજૂ થયેલી વિગતો મુજબ જામનગર શહેરમાં નવેમ્બર-ડિસેમ્બર સુધી પીવાના પાણીની અછત ન સર્જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ આગામી જૂન મહિના સુધી પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પણ સુનિયોજિત વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. સૌની યોજના મારફતે મળતા પાણી ઉપરાંત રંગમતી, ઊંડ અને ઘી ડેમના જળસંગ્રહનો પણ જરૂરિયાત મુજબ ઉપયોગ કરવામાં આવશે.

નાગરિકોને પીવાના પાણીની અછતનો સામનો ન કરવો પડે તે માટે તમામ સંબંધિત વિભાગોને પરસ્પર સંકલન સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. પાણીની ઉપલબ્ધતા અને વિતરણ વ્યવસ્થા પર સતત નજર રાખવા તેમજ જરૂરિયાત મુજબ પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી.

આ તકે નગરજનોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અને બિનજરૂરી પાણીનો વેડફાટ ટાળવા અપીલ કરવામાં આવી હતી. ઉપલબ્ધ જળસંગ્રહનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય તે માટે નાગરિક સહયોગ જરૂરી હોવાનું પણ જણાવાયું હતું.

જામનગર શહેર અને જિલ્લામાં પાણીના પ્રશ્નોના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સિંચાઈ મંત્રી ઈશ્વરભાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં પીવાના પાણી અને સિંચાઈ માટે પૂરતી વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વિવિધ વિભાગો વચ્ચે સંકલન જાળવવા પર ભાર મૂકાયો હતો.

# કાલાવડમાં ભાજપ દ્વારા સેવા મેરા યોગદાન અંતર્ગત પુસ્તકો અર્પણ

**અબતક, રાજુ રામોલીયા**
**કાલાવડ**



નરેન્દ્ર મોદીજી ના ૨૫ વર્ષ જન સેવાના અન્વયે કાલાવાડ શહેર ભાજપ દ્વારા'સેવા મેરા યોગદાન' અંતર્ગત શહેરમાં આવેલ મહાત્મા ગાંધી વાંચનાલયને પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા.આ પ્રસંગે આર.એસ.એસ. ના આગેવાન ભાનુભાઈ પટેલ, કાલાવાડ ના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, કાલાવડનગરપાલિકાના પ્રમુખ રંજનબેન રાખોલિયા, ચીફ ઓફિસર નિકુંજભાઈ વોરા,જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેકભાઈ પટવા, શહેર ભાજપ પ્રમુખ નિરવ ભાઈ ભટ્ટ,પૂર્વ પ્રમુખ હસુભાઈ વોરા,મહામંત્રી કિશોર નિમાવત,જિલ્લા અ. જા. મોરચા ના પ્રમુખ તરુણ ચૌહાણ, ભૂમિત ડોબરીયા,અતુલ દોંગા, નગર પાલીકા ના સભ્ય બાદલ મહેતા,સાગર ઝાપડા,નરેશ સોદરવા,સહદેવસિંહ જાડેજા,જગમલ ગઢવી,ડો.જય મહેતા, ત્થા પ્રફુલ્લ રાખોલીયા,નરેશ સિંગલ,રાકેશ પરમાર,વિજય ચંદ્રપાલ,વિરેન્દ્રસિંહ જાડેજા,સહજ ઝીંઝુવાડીયા, દીક્ષિત આશર,રમણીક મહિડાં,દીક્ષિત નારિયા , મોહન પરમાર,તથા નગરપાલિકા ના કર્મચારીઓ અને શહેરીજનો ઉપસ્થિત રહી મહાનુભાવો ઉપસ્થિત રહી પુસ્તક અર્પણ કરી પોતાનું યોગદાન અર્પણ કરેલ.

# જામજોધપુર ગાયત્રી મંદિરની મુલાકાત પૂર્વ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ



**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુર ગાયત્રી મંદિર મુકામે ચાલી રહેલ નિશુલ્ક નેત્ર નિદાન કેમ્પ તેમજ દાંતના કેમ્પની મુલાકાતે પૂર્વ કૃષિમંત્રી રાઘવજી ભાઈ પટેલ પધારેલ આ તકે તેમની સાથે પૂર્વ ઉર્જામંત્રી ચિમનભાઈ સાપરિયા પૂર્વ ધારાસભ્ય ચિરાગ કાલરીયા માર્કેટિંગ યાર્ડ પ્રમુખ શિવરાજ સિંહ જાડેજા વાસ્મો નાપૂર્વ કાયરેકટર અમુભાઈ વૈશ્નાણી જિલ્લા પંચાયત સદસ્ય લાલજીભાઈ સુતરીયા જિલ્લા ભાજપ પૂર્વ મહામંત્રી ચેતનભાઈ કડીવાર પાટીદાર સમાજના પ્રમુખ હિરેન ભાઈ ખાંટ જિલ્લા ભાજપ મંત્રી કૌશિકભાઈ રાબડીયા નગર પંચાયત પ્રમુખ કંચનબેન ગોસ્વામી તાલુકા ભાજપ પ્રમુખ ભાગ્યેશ માણસોરીયા તેમજ ગાયત્રી પરિવાર ના ભાઈઓ બહેનો ઉપસ્થિતઉપસ્થિત રહ્યા હતા તેમજ પૂર્વમંત્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ગાયત્રી મંદિર દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃતિ નિહાળી પ્રશંસા કરેલ હતી.

# કાલાવડના ખરેડીમાં ધારાસભ્ય મેઘજી ચાવડાની ઉપસ્થિતિમાં રૂ. ૪૫ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત

## ગાંધી જયંતિ નિમિતે સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરાયું

**અબતક, રાજુભાઈ રામોલીયા**
**કાલાવડ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સફળ શાસનકાળની ઉપલબ્ધિઓ અન્વયે કાલાવડ તાલુકાના ખરેડી ગામે આરોગ્ય સુવિધાઓ અને ભૌતિક માળખાકીય સુવિધાઓના સુદ્રઢીકરણ માટે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા કાલાવડ તાલુકા પંચાયત મહિલા પ્રમુખ સેજલબેન રમેશભાઈ બથવારની વિશેષ ઉપસ્થિતિમાં અંદાજીત ૪૫ લાખના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ સાથો સાથ આજે પુજ્ય ગાધી બાપુની જન્મ જયંતિ અવસરે સ્વછતા અભિયાન પણ હાથ ધરાયું હતું, વિકાસ કાર્ય લોકો ઈચ્છે છે, ધારાસભ્ય પાસેથી સ્થાનીક વિકાસના કામ માટે વધુ ૫ લાખ મેળવ્યા હતા અને જુની



પટેલ સમાજ પાસે માઈનોર બ્રીજ માંગણી ઉભી રાખતા અંદાજે ૨ કરોડના કામો સરકારમાંથી કરાવવાની ખાત્રી આપી હતી, આ શુભ અવસરે કલાવડ તાલુકા ભાજપ પ્રમુખ સંજય ડાંગરિયા,કાલાવડ તાલુકા ભાજપ મંહામત્રી અંબાલાલ સિંહ જાડેજા, તાલુકા પંચાયત પ્રમુખ સેજલબેન બથવાર, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેક પટવા, પુર્વ જીલ્લા ભાજપ યુવા મોરચા પ્રમુખ ભૂમિત ડોબરીયા, સરપંચ પ્રતિનિધિ સંગ્રામભાઈ બાભવા, ગામના મુરબ્બી આગેવાન રાજભા જાડેજા, ફકીરાભાઈ. પુર્વ તાલુકા પંચાયત કારોબારીશચેરમેન અશ્વિનભાઈ શીંગાળા, પુર્વ

# સ્વસ્થ અને સશક્ત સમાજના નિર્માણ માટે નશામુક્તિ અંગે જનજાગૃતિ કેળવવી જરૂરી:મંત્રી

## જનજાગૃતિ રેલીમાં રાષ્ટ્રને નશામુક્ત બનાવવાના સંકલ્પ સાથે શપથ લેવાયા

## મંત્રી પ્રવીણ માળી અને મંત્રી રિવાબા જાડેજા અધ્યક્ષતામાં યોજાયેલી રેલીમાં વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ્સ સહિત વિવિધ સંસ્થાઓના સભ્યો જોડાયા

નશામુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા અને યુવાનોને નશાના દુષણથી દૂર રાખવાના હેતુથી જામનગરમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ હતી. રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર મંત્રી પ્રવીણ માળી અને રાજ્યકક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલી રેલીમાં વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ્સ અને વિવિધ સંસ્થાઓના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



રેલીમાં ડી.એસ. ગોજીયા વિદ્યાલયના વિદ્યાર્થીઓ, ૨૭ ગુજરાત બટાલિયન એનસીસી જામનગર, ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી સહિતની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ જોડાયા હતા. ઉપસ્થિત સૌએ સમાજ અને રાષ્ટ્રને નશામુક્ત બનાવવાના સંકલ્પ સાથે શપથ લીધા બાદ મંત્રીઓએ લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.રેલી દરમિયાન નશાના દુષણથી વ્યક્તિ, પરિવાર અને સમાજ પર થતી વિપરીત અસરો અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. નશામુક્ત ભારતના સંદેશ સાથે વિવિધ સૂત્રોચ્ચાર કરી યુવાનોને નશાથી દૂર રહેવા તેમજ અન્ય લોકોને પણ નશામુકિતના અભિયાન સાથે જોડાવા પ્રેરિત કરવામાં આવ્યા હતા.

મંત્રીઓએ જણાવ્યું હતું કે યુવાનો નશાની લતનો ભોગ ન બને અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે પરિવાર, શાળા, સમાજ અને વહીવટી તંત્રે સંયુક્ત પ્રયાસો કરવા જરૂરી છે. સ્વસ્થ અને સશક્ત સમાજના નિર્માણ માટે નશામુકિત અંગે સતત જનજાગૃતિ કેળવવી સમયની માંગ છે.

સર્કિટ હાઉસ ખાતેથી શરૂ થયેલી રેલી લાલ બંગલો સર્કલ, ટાઉનહોલ, ત્રણબત્તી, લીમડા લાઈન અને તુલસી હોટલ સહિતના માર્ગો પરથી પસાર થઈ ફરી લાલ બંગલો સર્કલ થઈ સર્કિટ હાઉસ ખાતે પરત ફરી હતી.

# 'આંગણ મિલન સેવા' કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરોનું સન્માન

## શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ

'વિકસિત ભારત' તથા 'જન સેવા અભિયાન' અંતર્ગત જામનગર શહેરની રામનગર અને સમ્રાટ અશોક આંગણવાડી ખાતે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરોનું સન્માન કરવા સાથે બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી કાર્યકરોને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ભૂલકાંઓને 'માતૃશકિત-અન્નપૂર્ણા શકિત' પોષણ કિટમાંથી તૈયાર કરવામાં



આવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું વિતરણ કરાયું હતું.મંત્રી રિવાબા જાડેજાએ આંગણવાડી ખાતે બાળકોના સર્વાંગી વિકાસ માટે તૈયાર કરવામાં આવેલી વિશેષ 'વિકાસ કીટ પ્રદર્શની'નું નિરીક્ષણ કર્યું હતું અને તેની કામગીરીની સરાહના કરી હતી.કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડઃ પૂ.બાપુ અને શાસ્ત્રીજીને સ્મરણાંજલિ અર્પણ કરાઈ



**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવાડ શહેરમાં મહાત્મા ગાંધી પુસ્તકાલય ખાતે મહાત્મા ગાંધીજી પ્રતિમાને સૂતર ની આટી અને લાલ બહાદુર શાસ્ત્રી જી ને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે આર.એસ.એસ.ના આગેવાન ભાનુભાઈ પટેલ, કાલાવાડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, કાલાવડ નગરપાલિકાના પ્રમુખ રંજનબેન રાખોલિયા, ચીફ ઓફિસર નિકુંજભાઈ વોરા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેકભાઈ પટવા, શહેર ભાજપ પ્રમુખ નિરવ ભાઈ ભટ્ટ, પૂર્વ પ્રમુખ હસુભાઈ વોરા, મહામંત્રી કિશોર નિમાવત,જિલ્લા અ. જા. મોરચા ના પ્રમુખ તરુણ ચૌહાણ, ભૂમિત ડોબરીયા, અતુલ દોંગા, નગર પાલીકાના સભ્ય બાદલ મહેતા તથા શહેરીજનો ઉપસ્થિત રહી મહાનુભાવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ૨૦ કિલોની સાંકળ સાથે યુવાનની માતાના મઢ પદયાત્રામાં ૨૦૦થી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા

આસો નવરાત્રિના પાવન પર્વ પૂર્વે જામનગરથી કચ્છના માતાના મઢ ખાતે બિરાજમાન હિંગળાજ માતાનાં દર્શનાર્થે પદયાત્રા સંઘ રવાના થયો હતો. શહેરના હવાઈ ચોક વિસ્તારમાં નલિન નંદાના ઘર નજીકથી પદયાત્રાનું પ્રસ્થાન થયું હતું. છેલ્લા ૧૪ વર્ષથી યોજાતી આ પદયાત્રામાં આ વર્ષે પણ હતા.



પદયાત્રામાં મનીષ ચાંદ્રા નામના યુવાને પોતાની માનતા પૂર્ણ કરવા માટે આશરે ૨૦ કિલો વજનની સાંકળ ધારણ કરી હતી. ભારે સાંકળ સાથે જામનગરથી માતાના મઢ સુધી પગપાળા નીકળેલા મનીષ ચાંદ્રાની અનોખી શ્રદ્ધા પદયાત્રામાં આકર્ષણનું કેન્દ્ર બની હતી.આ પ્રસંગે પૂર્વ વિપક્ષી નેતા ધવલ નંદા, કોર્પોરેટર અમર કનખરા સહિત ભાનુશાળી સમાજના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પદયાત્રીઓને પ્રોત્સાહિત કરી શુભેચ્છાઓ પાઠવી હતી.નવરાત્રિ પૂર્વે યોજાયેલી આ પદયાત્રાથી જામનગરમાં ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ૨૦૦થી વધુ શ્રદ્ધાળુઓની સહભાગિતા સાથે યોજાયેલી આ યાત્રામાં ૨૦ કિલોની સાંકળ ધારણ કરનાર યુવાનની અનોખી માનતા વિશેષ આકર્ષણ બની હતી.

# ગાંધી જયંતિએ ખાદીની ખરીદી સાથે સ્વદેશીનો સંદેશ મજબૂત બનાવાયો

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે જામનગરમાં ગાંધીજીના વિચારો અને આદર્શોને યાદ કરી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. ચાંદીબજાર ખાતે ગાંધીજીની પ્રતિમાને સૂતરાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહનવ્યવહાર મંત્રી પ્રવીણભાઈ માળી અને રાજ્યકક્ષાના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ વિભાગના મંત્રી રિવાબા જાડેજાએ ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી બાપુને વંદન કર્યા હતા.આ કાર્યક્રમમાં જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેકટર પી.બી. પંડ્યા, મહાનગરપાલિકાના કમિશનર



દીપેશ કેડિયા, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન ગોસાણી, અગ્રણીઓ બીનાબેન કોઠારી અને ડો. વિનોદભાઈ ભંડેરી સહિતના આગેવાનો, કોર્પોરેટરો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બીજી તરફ ગાંધી જયંતિ નિમિત્તે શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ જામનગરના ખાદી ગ્રામોદ્યોગ ભવનની મુલાકાત લીધી હતી. તેમણે ખાદીનાં વસ્ત્રો તથા વિવિધ ઉત્પાદનોની ખરીદી કરી હતી. આ સાથે નાગરિકોને સ્વદેશી વસ્તુઓ અપનાવી સ્થાનિક કારીગરો અને ગ્રામોદ્યોગને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી.

### રાજકોટમાં વધુ એક લોથ ઢળી

# જંગલેશ્વરના ખ્વાજા ચોકમાં ૫૬ વર્ષીય રીક્ષાચાલક ઈકબાલ જૂનાગઢીની હત્યા

## ત્રણ શખ્સોની ટોળકીએ ઘસી આવી પાનની દુકાને બેઠેલા પ્રૌઢ પર પાઈપ વડે તૂટી પડ્યાઃ છાતી સહિતના ભાગે ઘા ઝીંકી દીધા, જમીન પર પડી જતાં ઢીકાપાટુનો માર મારી મોતને ઘાટ ઉતારી દીધા


મૃતક

**અબતક, રાજકોટ**

શહેરમાં એક બાદ એક હત્યાના બનાવો બની રહ્યા છે. ભક્તિનગર સર્કલ ખાતે સાળા આણી ટોળકીએ બનેવીને છરીના આડેધડ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાની ઘટનામાં મુખ્ય આરોપી કમલેશ ઉર્ફે કાનો રબારી હજુ પકડાયો નથી ત્યાં વધુ એક હત્યાનો બનાવ બન્યો છે. જંગલેશ્વરના ખ્વાજા ચોકમાંગત મોડી રાત્રે ૫૬ વર્ષીય પ્રૌઢ રીક્ષાચાલકને પાઈપના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી. બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને ભક્તિનગર પોલિસની ટીમોએ દોડી જઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

જંગલેશ્વરની ન્યુ સાગર સોસાયટી શેરી નં.-૪ માં રહેતા ૩૨ વર્ષીય રીક્ષા ચાલક યુવાન સોહિલભાઈ ઈકબાલભાઈ લોધીએ આરોપી તરીકે દાનિશ અમીનભાઈ, સુફિયાન હનીફભાઈ આરબ આબેડકર રિયાઝનું નામ આપતાં ભક્તિનગર પોલીસે બીએનએસની કલમ ૧૦૩(૧), ૧૧૫(૨), ૩(૫), ૨૨૩ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ આદરી હતી.

યુવાને ફરીયાદમાં જણાવ્યું હતું કે, અમે ચાર ભાઈઓ છીએ. જેમાં સૌથી મોટો હું છું. હું બે વર્ષથી ન્યુ સાગર સોસાયટીમાં રહું છું. અગાઉ મારા પિતા ઈકબાલભાઈ ઈબ્રાહીમભાઈ(ઉવ ૫૬)નું પીરવાડી પાસે આવેલ જુના ગણેશનગર શેરી નં.-૩ માં આવેલ મકાનમાં ઉપરના માળે રહેતો હતો.

(અનુ. આઠમા પાને)

### મૃતક હત્યા સહિતના ગુનામાં સંડોવાયેલો આરોપીઓનો પણ ગુનાહિત ઈતિહાસ

હત્યાના બનાવમાં પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર ખ્વાજા ચોકમાં ૫૬ વર્ષીય રીક્ષાચાલકની પાઈપના ઘા ઝીંકી હત્યા નીપજાવી દેવામાં આવી હતી. ત્યારે મોતને ભેંટેલા ઇકબાલભાઇ જૂનાગઢી સામે અગાઉ હત્યા, પ્રોહીબીશન સહિતના ગુના નોંધાઈ ચુક્યાનું પોલિસની તપાસમાં સામે આવ્યું છે. જયારે આરોપીઓ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું પોલીસ સુત્રો જણાવી રહ્યા છે. હાલ પોલીસે ત્રણેય હત્યારાઓની શોધખોળ શરૂ કરી છે.

## ઘટનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, ભક્તિનગર પોલીસનો કાફલો દોડ્યોઃ ગુનો નોંધી ત્રિપુટીની શોધખોળ

### ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક સુધી કડી મજબૂત કરવા

# રાજ્યભરમાં ૧૦૦ પ્રાકૃતિક કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ

## ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને શ્રેષ્ઠ આત્મા ફાર્મર્સ એવોર્ડ એનાયત

**અબતક, રાજકોટ**

ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આજે રાજ્ય કક્ષાનો 'બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ' વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારોહ દરમિયાન રાજ્યના કુલ ૯૩ પ્રગતિશીલ ખેડૂતોને 'બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦ ખેડૂતોને રાજ્ય કક્ષાના અને ૮૩ ખેડૂતોને જિલ્લા કક્ષાના એવોર્ડ એનાયત કરાયો હતો. આ પુરસ્કારો પૈકી ૧૫ એવોર્ડ પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે, ૪૫ એવોર્ડ ફળ-ફૂલ તથા શાકભાજીની ખેતી ક્ષેત્રે, ૧૫ એવોર્ડ પશુપાલન ક્ષેત્રે અને ૮ એવોર્ડ મૂલ્ય વર્ધિત ઉત્પાદનો, પેકિંગ તથા અન્ય ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ આપવામાં આવ્યા હતા.

''ખેડૂતથી બજાર અને બજારથી ગ્રાહક'' સુધીની કડીને સુદૃઢ કરવાના હેતુથી રાજ્યભરમાં આશરે ૧૦૦ જેટલા પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકા/મહાનગરપાલિકા મથકોએ ૨૪, જિલ્લા મથકોએ ૧૮ અને તાલુકા મથકોએ ૫૮ કેન્દ્રોનો સમાવેશ થાય છે. આનાથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને યોગ્ય પ્લેટફોર્મ મળશે અને ગ્રાહકોને ગુણવત્તાયુક્ત ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ બનશે.ખેતીમાં આધુનિક સેટેલાઈટ અને જિયો-સ્પેશિયલ ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન

(અનુ. આઠમા પાને)

### મુસાફરો ફરિયાદ નોંધાવી શકે તે માટે

# બસ સ્ટેશનો પર ક્યુઆર કોડ આધારિત 'મુસાફર સેવા સેતુ' એપ્લિકેશન શરૂ થશે

**અબતક, રાજકોટ**

રાજ્યના એસ.ટી. બસ સ્ટેશનો પર મુસાફરોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની સૂચનાથી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા એક મહત્વપૂર્ણ ઝુંબેશનો પ્રારંભ કરવામાં આવ્યો છે. મુસાફરી દરમિયાન નાગરિકોને સ્વચ્છતા અને પાયાની સગવડો બાબતે કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે નિગમ દ્વારા રાજ્યના ૫૬ બસ સ્ટેશનોના ટોયલેટ બ્લોક રીન્યુએશન અને રિપેરીંગ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

એસ.ટી. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૫૬ બસ સ્ટેશનો પર રીપેરીંગ અને ટોયલેટ બ્લોક અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાંથી અત્યાર સુધીમાં ૬ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી પૂર્ણ કરાઈ છે. જેમાં સાવરકુંડલા, વાંસદા, ધંધુકા, ઉમરાળા, પાલિતાણા અને ઢસા બસ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૭ બસ સ્ટેશનો પર કામ હાલ પ્રગતિ હેઠળ છે. બાકીના ૩૩ બસ સ્ટેશનો પર રીપેરીંગની કામગીરી આગામી ૮ થી ૧૨ મહિનાની અંદર પૂર્ણ કરી દેવાનું આયોજન છે.

આ વિશેષ ડ્રાઈવ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોને સ્વચ્છ, આરોગ્યપ્રદ અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. અગાઉ કરવામાં આવેલા સર્વેના આધારે એસ.ટી. નિગમે 'બસ સ્ટેશન બેઝીક ફેસીલીટી અપગ્રેડેશન પ્લાન' તૈયાર કર્યો હતો. લાંબા અંતરની મુસાફરી કરતા મુસાફરો, મહિલાઓ અને વડીલો માટે બસ સ્ટેશન પર પૂરતી સ્વચ્છતા અને સુવિધાઓ હોવી અનિવાર્ય છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ્યાં જરૂર જણાઈ છે તેવા ટોયલેટ બ્લોક્સનું આધુનિકીકરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ ઝુંબેશ હેઠળ ટોયલેટ બ્લોકસમાં પ્લમ્બિંગ, નવા યુરિનલ્સ અને ડબલ્યુ.સી. પાન

(અનુ. આઠમા પાને)

# ગીરગઢડાના સણોસરી ગામે માતા-પિતા વચ્ચે સુતેલા બે વર્ષના બાળકને દિપડો ઉઠાવી ગયો

## વાડીમાંથી બાળકનો મૃતદેહ મળતા ભારે અરેરાટી

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**

ગીર ગઢડા તાલુકાના સણોસરી ગામે શુક્રવારની રાત્રે દિપડાના હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. બાલુભાઈ ભગુભાઈની વાડી ખાતે ખેતમજૂરી માટે રોકાયેલા પરપ્રાંતીય પરિવારનું આશરે બે વર્ષનું બાળક રાત્રિના સમયે ધાબા પર માતા-પિતા વચ્ચે સૂતું હતું. દરમિયાન આશરે રાત્રે ૯ વાગ્યાના અરસામાં દિપડો ધાબા પર આવી બાળકને ઉઠાવી ગયો હોવાની ઘટના બની હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો તેમજ આસપાસના લોકોમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ તાત્કાલિક તંત્રને કરવામાં આવતા ૧૧૨, ૧૦૮ની ટીમ તેમજ વનવિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે દોડી ગયા હતા. ગામલોકો અને વનવિભાગની ટીમે આસપાસના વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી.

લાંબી શોધખોળ અને ભારે જહેમત બાદ બાળકનો મૃતદેહ નજીકની એક વાડીમાં જુવારના પાકમાંથી મળી આવ્યો હતો. બાળકનો મૃતદેહ મળી આવતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

મળતી માહિતી મુજબ, મૃતક બાળકના માતા-પિતા સહિત પરિવાર આશરે બે મહિનાથી સણોસરી વિસ્તારમાં ખેતમજૂરી માટે આવ્યો હતો અને પોતાના સંતાનો સાથે વાડી વિસ્તારમાં રહેતો હતો. રોજીરોટી માટે આવેલા પરિવાર પર અચાનક આવી પડેલી આ દુર્ઘટનાથી સમગ્ર વિસ્તાર શોકમાં ગરકાવ થયો છે.

બાળકના માતાના કરુણ આક્રંદના દ્રશ્યથી ઘટનાસ્થળે હાજર ગ્રામજનો પણ બે ઘડી સ્તબ્ધ બની ગયા હતા. નાનકડા બાળકને ગુમાવવાના આ દુઃખદ બનાવથી સણોસરી ગામ સહિત સમગ્ર ગીર ગઢડા પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

હાલ બાળકનો મૃતદેહ ગીર ગઢડા સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે. વનવિભાગ દ્વારા ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે તેમજ વિસ્તારમાં

(અનુ. આઠમા પાને)

# ભાદરવામાં સુર્યનારાયણ લાલચોળ પારો ૩૮.૬ ડિગ્રીએ આંબ્યો

## ભુજ, ડિસા, અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં તાપમાન ૩૭ ડિગ્રીથી વધુ

**અબતક, રાજકોટ**

ભાદરવા માસમાં ઉનાળા જેવા આકરા તડકા પડી રહ્યા છે. સવારના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. જ્યારે બપોરના સમયે ઉંચા તાપમાનના કારણે બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. બેવડી સિઝનના કારણે રોગચાળો પણ વકર્યો છે. દવાખાનાઓ દર્દીઓથી ઉભરાય રહ્યા છે. ઘરે-ઘરે માંદગીના ખાટલા પડ્યા છે. રાજ્યના છ શહેરોમાં તાપમાન ૩૭ ડિગ્રીથી પણ વધુ નોંધાયું હતું. આગામી ૨૪ થી ૪૮ કલાકમાં ચોમાસાની સિઝન સત્તાવાર વિદાય લઈ લેશે તેવું પણ માનવામાં આવી રહ્યું છે. હજી એકાદ મહિના સુધી બેવડી સિઝનનો અનુભવ થશે ત્યારબાદ શિયાળાની સિઝનનો આરંભ થશે. ભુજ અને ડિસા ૩૮.૬ ડિગ્રી સાથે રાજ્યના સૌથી ગરમ શહેર રહ્યા હતા.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યાનુસાર ગઈકાલે શુક્રવારે અમદાવાદનું તાપમાન ૩૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૬.૫ ડિગ્રી, વડોદરાનું તાપમાન ૩૭.૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૬.૮ ડિગ્રી, દમણનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૩૮.૬ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, કંડલા પોર્ટ પરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૩૭.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૬.૧ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૩ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૧ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૬.૬ ડિગ્રી, વેરાવળનું તાપમાન ૩૬.૨ ડિગ્રી, દિવનું તાપમાન ૩૫.૮ ડિગ્રી, સુરેન્દ્રનગરનું તાપમાન ૩૭.૮ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૬.૫ ડિગ્રી નોંધાયું છે. ભાદરવા માસમાં

(અનુ. આઠમા પાને)

# લીંબડી નજીક કાર-બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં બે યુવાનના મોત

## વડોદના પરેશ વાઘરોડીયા અને અનિલ વાઘરોડીયા બાઈક પર જતા હતા ત્યારે કાર સાથે ટક્કર, ગંભીર ઈજાથી સ્થળ પર જ મોત

**અબતક, રાજકોટ**

લીંબડી-રાજકોટ હાઈવે પર વડોદ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો જેમા વડોદ ગામના બાઈક સવાર પરેશ રણછોડભાઈ વાઘરોડીયા અને અનિલ રાજુભાઈ વાઘરોડીયાના ઘટના સ્થળે જ મોત થયા. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. લીંબડી-રાજકોટ હાઈવે પર વડોદ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો. કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક પર સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતમાં બાઈક સવાર પરેશ રણછોડભાઈ



વાઘરોડીયા અને અનિલ રાજુભાઈ વાઘરોડીયાના ઘટના સ્થળે જ મોત થયા. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. પોલીસે સ્થળ પર પહોંચી ટ્રાફિક હળવો કરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટ્યા અને ટ્રાફિક જામ થયો હતો. અકસ્માતમાં જીવ ગુમાવનારા બંને યુવકો વડોદ ગામના રહેવાસી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મૃતકોની ઓળખ પરેશ રણછોડભાઈ વાઘરોડિયા અને અનિલ રાજુભાઈ વાઘરોડિયાછે. આ ઘટનાને પગલે બંને પરિવારોમાં શોકનો માહોલ છવાયો છે.પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી ટ્રાફિકને હળવો કરવાની કામગીરી કરી હતી. સાથે જ બંને મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. અકસ્માત કેવી રીતે સર્જાયો અને તેમાં કારચાલકની ભૂમિકા અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.






### જવેરીમલ બિશ્નોઈના આપઘાત પ્રકરણમાં નવાજૂનીના એંધાણ

# રાજકોટમાં ડીજીએફટીના જોઈન્ટ ડિરેક્ટરના કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં ગુનો નોંધાશે

## વર્ષ ૨૦૨૩ માં સીબીઆઈએ દરોડો પાડી જવેરીમલને પાંચ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધા'તાઃ કેન્દ્રીય એજન્સીની કસ્ટડીમાં જ અધિકારીએ ચોથા માળેથી મોતની છલાંગ લગાવી'તી

**અબતક, રાજકોટ**

રાજકોટના જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી) જવરીમલ બિશ્નોઈના કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં હાઈકોર્ટ દ્વારા તાત્કાલિક ગુનો નોંધવા આદેશના ઘોડા છૂટ્યા છે. સીબીઆઈના દરોડા દરમિયાન જોઈન્ટ ડાયરેક્ટરે ડીજીએફટી કચેરીના ચોથા માળેથી કથિત રીતે મોતની છલાંગ લગાવી હતી. જે મામલે કસ્ટોડીયલ ડેથ પ્રકરણમાં હાઈકોર્ટએ ગુનો નોંધવાના આદેશ સાથે સીઆઈડી ક્રાઈમના વડાને તપાસ સોંપી છે.



સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો તા.૨૪ માર્ચ, ૨૦૨૩ ના રોજ સીબીઆઈની ટીમે રાજકોટની ડીજીએફટી કચેરીમાં લાંચનું છટકુ ગોઠવ્યું હતું અને જવેરીમલને રૂ. ૫ લાખની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા જવેરીમલ બિશ્નોઈને એક નિકાસકાર પાસેથી રૂ.૫૦ લાખની બેંક ગેરંટી રિલીઝ કરવા માટે એનઓસી આપવાના બદલામાં પાંચ લાખની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, જવેરીમલ દ્વારા કુલ નવ લાખની લાંચ મંગાવામાં આવી હોવાનો આક્ષેપ હતો.

૨૪ માર્ચ, ૨૦૨૩ના રોજ સીબીઆઈની ટીમે છટકું ગોઠવી બિશ્નોઈને પકડી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ 'પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ' હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. સીબીઆઈની અન્ય એક ટીમે તેમના નિવાસસ્થાન પર દરોડો પાડ્યો હતો અને છટકા બાદની કાર્યવાહી બીજા દિવસની સવાર સુધી ચાલી હતી.

દરમિયાન સીબીઆઈની કસ્ટડીમાં રહેલા જવેરીમલએ કથિત રીતે ડીજીએફટી કચેરીના ચોથા માળેથી કૂદીને આપઘાત કરી લીધો હતો. જેના લીધે ૨૫ માર્ચ, ૨૦૨૩ના રોજ જવેરીમલનું મૃત્યુ થયું હતું. તેમનાં પત્નીએ આક્ષેપ કર્યો હતો કે, સીબીઆઈના અધિકારીઓએ ૧૯ કલાક સુધી તેમને હેરાન કરી ત્રાસ આપ્યો હતો. તેમણે રેડ કરનારી ટીમ સામે હત્યાનો ગુનો દાખલ

(અનુ. આઠમા પાને)

## રાજકોટ પોલીસની તપાસના આધારે મેજિસ્ટ્રેટ દ્વારા સીબીઆઈને ક્લિનચિટ આપી દેવાઈ'તીઃ ૧૯ કલાકની ગેરકાયદે કસ્ટડીમાં બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા અસહ્ય ત્રાસ અપાયાની દલીલના આધારે હાઈકોર્ટનો ગુનો નોંધવા આદેશ